હરિઃૐ



# જીવનતપ

પૂજ્ય શ્રીમોટા

॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનતપ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪/૨૭૭૧૦૪૬
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.



| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૨ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |
| ત્રીજી | ૨૦૧૬ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૪૦ + ૩૪૦ = ૩૮૦

❑ કિંમત : **રૂ.** ૩૫/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની પ્રવૃત્તિઓને નરોડા ગામ, અમદાવાદના સ્વજનોએ ઉમળકાભેર વધાવી લીધેલ.

નરોડા ગામના સ્વજનો પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યમાં ઘણું પામ્યા. આજે તો ચોથી પેઢી પૂજ્યશ્રીના રંગે રંગાયેલ છે. મૌનમંદિરથી શરૂ કરીને નિયમિત નામસ્મરણ, ભજન, સત્સંગ, ઉત્સવો વગેરે તમામ પ્રવૃત્તિઓ નરોડાવાસીઓ ઉત્સાહ ને ઉમળકાભેર હૃદયના ઊંડાણપૂર્વકના ભાવથી કરી રહ્યા છે. હાલમાં નરોડા ગામે નામસ્મરણ મંદિરની સ્થાપના કરી સૌ કોઈ દૈનિક નામસ્મરણમાં જોડાયા છે.

પૂજ્ય શ્રીમોટા વિરચિત

પોતાના જીવનની સાધનાકથાના ઈતિહાસ પૈકીની

આ પદ્ય રચના-'જીવનતપ'ની

ત્રીજી આવૃત્તિનું પ્રકાશન

**'નરોડા ગામના સૌ સ્વજન પરિવાર'**ને

અર્પણ કરતાં અમો આનંદ વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૫-૪-૨૦૧૬
રામનવમી, સં. ૨૦૭૨
પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

## માને સંબોધન

# હરખનો પાર ના માને

(ગઝલ)

મૂકી માના જ ખોળામાં હૃદય નિશ્ચિંતતાથી તે
-નિરાંતે શિર મુજ, રાહત હૂંફાળી કેવી લાધી છે !

ફિકર, ચિંતા જ ક્યાં ઊડી ગયેલાં છે, ન જાણ્યું છે,
શિરે મુજ ફેરવે માડી શું નિજનો હાથ હેતે તે ?

હૃદય ઊછળતું ઉછરંગે જતું વારી જ નિજ મા પર,
જીવનમાં જનનીના ખોળા સમું સુખ ક્યાંય ના જગ પર.

ખીલેલા જોઈ દીકરાને હૃદય ઊભરાતો ઉમંગ
સમાયે કંઈ ન માડીને, હરખનો પાર ના માને.
ઉમળકાથી હું મુજ માને હૃદયના વહાલ ઊભરાતે
-ઊછળતી દિલ મસ્તીથી કદીક વળગી શું પડતો જે !

કદીક માને લઈ બાથે હું નાચ્યો છું જ ઉછરંગે,
હૃદય તે કાળના હર્ષતણી કોઈ વાત ન્યારી છે !

પરંતુ મા બિચારીને ન તેનો ખ્યાલ પ્રગટ્યો છે,
બકરીને ગળે આંચળ સમો દીકરો શું ધાર્યો છે !

જીવન મારે મળેલી મા અનુભવવા હરિને જે
-મળ્યું જેનાથી તન રૂડું ન ઉપકાર જ ભુલાયે છે.

॥ હરિઃૐ ॥

**શ્રીમતી પુષ્પાબહેન**

**તથા**

**પ્રિય ભાઈ જયરામભાઈ દેસાઈને**

# સપ્રેમ સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

તમે બે પતિ-પત્નીએ કૈં બિરદવતાં મને,
જીવને ઉચ્ચ આવો તે એવો શો મુજ હેતુ છે ! ॥ ૧

પરમાર્થતણા જે જે થયા સંકલ્પ જીવને,
મને સ્હાય થવા કેવી ઓથ આપ્યા કરી તમે. ॥ ૨

ડાંગનાં જંગલો વિશે શી અડચણ ભોગવી !
મને સરળતા દેવા આપ્યો શો ભોગ દિલથી. ॥ ૩

કેવાં ટેવાયેલાં બેઉ સુખ, સગવડો વિશે !
કિંતુ સગવડો જ્યાં ના રહ્યાં શાંતિથી ઉભયે. ॥ ૪

લખી 'જીવનગીતા' જે જેમના સહકારથી,
અપાર શાંતિ બક્ષીને પ્રેર્યો શો લખવા સહી. ॥ ૫

નિરાંત સર્વ રીતિથી મને શી અર્પી અર્પીને,
પૂર્ણ આરામ દેવાને દાખવ્યો છે ઉમંગ તે ! ॥ ૬

સ્હાય અનેક વેળાએ આપ્યા કરી જ ભાવથી,
ને પરમાર્થના કર્મે પ્રેર્યો ઉત્સાહ દિલથી. ॥ ૭

રાખવાને ટકાવી તે હૈયાનો ભાવ જીવને,
સમર્પણાંજલિ પ્રેમે પામું સંતોષ અર્પીને. ॥ ૮

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**
તા. ૩-૫-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# મરમીની રચનાકળા

પૂજ્ય શ્રીમોટાએ 'જીવનઅનુભવગીત' એ પુસ્તકમાંની ગઝલો દ્વારા જીવનના અનુભવ-વૈવિધ્યને અને દિવ્યજીવન માટેની સાધનાના અનુભવમર્મને ઇંગિતથી વ્યક્ત કર્યાં છે. હવે તો, આ પ્રકારની ગઝલો બીજાં નવ પુસ્તકોમાં ગ્રંથસ્થ થઈ છે, એટલી વિપુલ છે. વળી હજુ પણ આ પ્રકારની ગઝલો પૂજ્ય શ્રીમોટા રચી રહ્યા છે.* પૂજ્ય શ્રીમોટા આ પ્રકારની ગઝલરચનાઓને 'ભજન' કહે છે. પરંપરિત અર્થમાં 'ભજન' શબ્દને જાણનાર-સમજનાર પૂજ્ય શ્રીમોટાની આ શબ્દ પાછળની અર્થછાયાને કદાચ પામી ન શકે. અનુભવીના શબ્દો ઘણી વાર એના વિશિષ્ટ લાક્ષણિક અર્થને પ્રગટ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે કે, ગીતામાં જે 'ભજતે' શબ્દપ્રયોગ આવે છે તેનો ઉપરછલ્લો 'વાણીમાં જ ભજન કરે છે' એવો અર્થ કે ભાવ હોતો નથી, પણ આપણી આખી ચેતના પળેપળ પ્રભુના ભક્તિભાવથી સતત અને સળંગધારાથી ઊભરાયા કરે તે 'ભજતે'નો અર્થ છે' ('જીવનપરાગ' પૃ. ૧૮૩-૮૪) પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિએ 'ભજન' કેવા વિશિષ્ટ અર્થમાં છે એની પ્રતીતિ આ અવતરણમાંથી સહેજે પામી શકાય છે. ચેતનાની સમગ્રતાનો અનુભવ હોય અને એ ચેતના પ્રભુના

---

* કુલ ૧૯ પુસ્તકો : (૧) જીવનઅનુભવગીત (૨) જીવનઝલક (૩) જીવનલહરિ (૪) જીવનસ્મરણ (૫) જીવનરસાયણ (૬) જીવનઆહ્‌લાદ (૭) જીવનતપ (૮) જીવનસૌરભ (૯) જીવનસ્મરણ સાધના (૧૦) જીવનરંગત (૧૧) જીવનમથામણ (૧૨) જીવનકથની (૧૩) જીવનસ્પંદન (૧૪) જીવનપગદંડી (૧૫) જીવનકેડી (૧૬) જીવનચણતર (૧૭) જીવનઘડતર (૧૮) જીવનપ્રવાહ (૧૯) જીવનપ્રભાત.

ભક્તિભાવથી પ્રત્યેક પળે અખંડ અને સળંગ ધારાથી ઊભરાયા કરે-એ વિરલ અનુભવ-કક્ષામાંથી આવેલી આ પ્રકારની રચનાઓ પૂજ્ય શ્રીમોટાનાં 'ભજનો' બની છે. પૂજ્ય શ્રીમોટા કહે છે : 'શરીરના દર્દની પીડા તીવ્રતમ બની રહી છે, એ પળે આ ભજન તો મારો આશ્રય છે.' સુજ્ઞ પાઠક તેઓશ્રીના આ ઉદ્‌ગારમાં રહેલો મર્મ, 'ભજતે'ના એમણે જ દર્શાવેલા અર્થમાં સમાયેલો પરખી શકશે.

પૂજ્ય શ્રીમોટા આ રચનાઓ સડસડાટ લખ્યે જ જાય છે. પણ રચનાઓની વિપુલતામાં એકના એક જ વિષયનું, વિચારનું અને શબ્દ કે શબ્દસમૂહોનું પુનરાવર્તન થયું છે એ અંગે કોઈને વિસ્મય કે પ્રશ્ન થાય ખરો. આ રચનાઓ કોઈ કવિની કાવ્ય-કસબપૂર્ણ રચનાઓ નથી, પણ 'પ્રભુના ભક્તિભાવની પળેપળ સળંગ અને સતત ઊભરાતી ધારાનાં સીકરો છે', એ ખાસ ધ્યાનમાં રહેવું જોઈએ. આથી શબ્દોનું, ભાવરૂપોનું, પ્રતીકોનું અને વિચારોનું પુનરાવર્તન એના રચનારની ગંગધારાવત્ ભાવસૃષ્ટિમાંથી છંટકાવ કર્યા કરે છે.

આ પ્રકારની રચનાઓની વિશિષ્ટતા સમજાવતાં પૂજ્ય શ્રીઅરવિંદે એક પત્રમાં ગૂઢ કવિતામાં પુનરાવર્તનને બિરદાવ્યું છે. પુનરાવર્તન આ પ્રકારની રચનાઓને વિશિષ્ટ સૌંદર્ય બક્ષે છે. 'In mystic poetry repetition is not objectionable. This does not weaken the poem, it gives it a singular power and beauty'. વળી, એકના એક શબ્દો કે ભાવરૂપો આ પ્રકારની રચનાઓ દ્વારા વિશિષ્ટ વાતાવરણનું નિર્માણ કરતા હોય છે. મરમી (mystic)ના હૃદયાનુભવમાંથી નિર્માતા વાતાવરણનો કિંચિત્ અંશ પણ પાઠક અનુભવી શકે-માણી શકે એ ધન્યતા જ આ પ્રકારની રચનાઓની સાર્થકતા હોઈ શકે. પૂજ્ય શ્રીઅરવિંદે ખૂબ જ સ્પષ્ટપણે આ વાત સમજાવી છે. 'They (શબ્દ, વિચાર, ભાવ

વગેરે) give an atmosphere, a significant structure, a sort of psychological frame, an architecture. The object here is not to amuse or entertain, but the self-expression of an inner truth, a seeing of things and ideas not familiar to common mind; a bringing out an inner experience.' **જીવદશા**ના માણસો જેનાથી અનભિજ્ઞ છે, એવી વસ્તુઓ અને વિચારોને મરમીઓ એના યથાર્થ સ્વરૂપમાં જોઈ શકતા હોય છે. એથી તેને તે જ સ્વરૂપે રજૂ કરવાં એવો એમનો હેતુ હોતો નથી. વળી, એમ થવું એ સંપૂર્ણ શક્ય નથી. કેમ કે પરમ સક્રિય શાંતિમાં-મૌનમાં-એ અનુભવ-વ્યાપ તો રહ્યા જ કરતો હોય છે. શબ્દ તેમ જ શબ્દની શક્તિ એને વ્યક્ત કરવા મર્યાદિત બની રહે છે. તેથી પૂજ્ય શ્રીઅરવિંદ કહે છે, 'Moreover, the object is not only to present secret truth in its true form and true vision, but to dirve it home by the finding of the true word, the true phrase, the true image or symbol, if possible, the inevitable word; if that is there, nothing else, repetitions included, matters much'-એ યથાર્થ જ છે.

પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની રચનાઓ પાછળનું રહસ્ય ઘણું ગૂઢ છે, પણ એમાંથી થોડો પણ સ્ફોટ થઈ શકે તો શ્રેયાર્થી માટે સમજણનું એકાદ કિરણ પણ પ્રાપ્ત થાય. આમ છતાં આ પ્રકારની રચનાઓ સમજણ ખાતર જ નથી, પણ આધ્યાત્મિક માર્ગના પ્રવાસીને આ માર્ગમાં જે કંઈ અનુભવવાનું આવે એ માટે સજ્જ થઈ શકાય તેટલી સમજણની ભૂમિકાપાથેય જરૂર પૂરું પાડી શકે છે.

પૂજ્ય શ્રીમોટા આ રચનાઓને કદી મઠારતા નથી. ક્વચિત્ તેઓશ્રી એકાદ શબ્દ ખાતર કે રચનાના છંદોલય ખાતર અટકતા

હોય એમ ભાસે છે. પૂજ્ય શ્રીમોટાની આ ચેષ્ટા પાછળનું રહસ્ય કોણ પામી શકે ? આ અંગે પૂજ્ય શ્રીઅરવિંદનો આ વિચાર કદાચ મદદરૂપ થઈ શકે. 'He does not himself deliberately choose or arrange word and rhythm, but only sees it in the very act of inspiration. He does not set about correcting it by any intellectual method, but waits for the true thing to come in its place. He cannot always account to the logical intellect for what he has done; he feels or intuits and the reader or the critic has to do the same.'

પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની રચનાઓને માણવા તેમ જ એમાં રહેલી પ્રતિભાને અનુભવવામાં અંતરાયરૂપ બનતી તર્કયુક્ત બુદ્ધિને પૂજ્ય શ્રીઅરવિંદની આ સમજૂતી અજવાળી શકશે એમ માનીને આટલી નોંધ *લખવાની મેં ચેષ્ટા કરી છે.

આપણે સૌ 'હૃદય'ને અનુભવવા-માણવા ચાલો, હાલની કક્ષાના આપણા હૃદયને કેળવવા મથીએ.

૩૨, પંચવટી, મણિનગર, **રમેશ મ. ભટ્ટ**
અમદાવાદ-૮
જૂન, ૧૯૭૨

---

* આ નોંધમાં લીધેલાં અવતરણો 'Letters of Shri Aurobindo' (third series)માં પૃ. ૪૫ થી ૪૯ પરનાં છે.

॥ હરિ:ૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા હમણાં હમણાં તેમની જીવન સાધનાની સ્વાનુભવની ગઝલો લખે છે અને **'જીવનઅનુભવગીત'**થી માંડીને અત્યાર સુધીમાં તેવાં આઠેક પુસ્તકો પ્રસિદ્ધ થઈ ગયાં છે. આ બધાં પુસ્તકોનું પ્રકાશન ખર્ચ તેમનાં સ્વજનોએ આપ્યું છે. અમે પણ પૂજ્ય શ્રીમોટાને તેમના સ્વાનુભવની ગઝલોનું એક પુસ્તક અમને છાપવા આપે તેવી વિનંતી કરી. તેમણે અમારી માગણી સહર્ષ સ્વીકારી અને તેના પરિણામરૂપ આ **'જીવનતપ'** પુસ્તક વાચકોના હાથમાં રજૂ કરતાં ખુશી થાય છે.

આ **'જીવનતપ'**માં પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવન સાધનાની જે ગઝલો ગાઈ છે, તે ઉપરથી તેમણે કરેલ સાધના કયા કયા પ્રકારે થઈ, તે આપણને જોવા મળે છે. સાધના સહજ અને સરળ નથી. ગુલાબનું ફૂલ કેવું સુંદર છે ? સુંદરતાની સાથે સાથે તે સુવાસ પણ અર્પે છે, પણ એ ગુલાબ ઉગાડનારને કાંટા પણ ખમવા પડે છે. તે રીતે આ ચેતન પ્રાપ્તિની લીલા પણ એવી જ છે. પ્રભુને પામનાર ભક્તોનાં દર્શનથી આપણે ધન્યતા અનુભવીએ છીએ અને ભક્તોએ પ્રભુ પ્રાપ્તિને માટે કેવાં કેવાં કઠોર તપ કરેલાં છે, ત્યારે તેઓ પરમાત્માની પ્રાપ્તિ કરી શક્યા છે, તેની વાતો પણ આપણે ઘણાંયે ઘણી વાંચી હશે, પણ એ તો ભૂતકાળની વાતો થઈ. કદાચ તે વાંચીને કોઈને શંકાકુશંકા પણ થાય, પણ અહીં તો એક જીવંત સંત તેમના સાક્ષાત્કારની વાતો તેમના સ્વાનુભવ સાથે કહે છે. અને તેમાં કોઈને શંકાકુશંકા થાય તો તેઓ જવાબ આપવા પણ તત્પર

છે, પરંતુ કોઈકે કહ્યું છે તે સાચું જ છે કે **સમાજ જીવતા સંતને પૂજવા કરતાં મરેલા સંતને પૂજવાનું જ પસંદ કરે છે.**

ખેર, જે હો તે, પરંતુ પૂજ્ય શ્રીમોટાના જે સહવાસ-સંપર્કમાં મારાથી આવવાનું બન્યું છે અને તેમનો જે સમાગમ થયો છે અને તેમણે તેમનાં સ્વજનોને કોઈ વાર સ્નેહ નીતરતી આંખે ગદ્ગદ ભાવે તો કોઈ વાર કઠોર વાણીમાં સ્પષ્ટ શબ્દોમાં સાધનામાર્ગમાં આગળ વધવા સાધકે શું કરવું જોઈએ, તે અંગે તેઓ જે કહે છે તે સાંભળવાનો લાભ મને મળ્યો છે અને તે ઉપરથી જ મને તેમનું સાહિત્ય પ્રસિદ્ધ કરવાનું મન થયેલું અને હવે તે અમલમાં મુકાયું. તેથી, મને ઘણી ખુશી થાય છે.

**'જીવનતપ'**ની ગઝલો ઉપરથી વાચકો જોઈ શકશે કે પૂજ્ય શ્રીમોટાએ તેમનાં હૃદયનાં દ્વાર બંધ રાખેલાં નથી. સંતો તો ચોવીસે કલાક હરહંમેશ સૌને માટે તેમનાં દ્વાર ખુલ્લાં જ રાખે છે. તેઓ તો તેમના અંતરતમને પામવા માટે કોઈ વીરલો આવે તેમ ઝંખતા હોય છે અને એવા વીરલાને તે બધુંય આપવા તત્પર હોય છે, પણ એવો વીરલો ક્યાં છે ?

પૂજ્ય શ્રીમોટાએ આ **'જીવનતપ'**ના પ્રકાશનનું કાર્ય અમને સોંપીને અમારી ઉપર ઘણો ઉપકાર કર્યો છે. તેમના આદેશને અનુસરવા અમે લાયક બનીએ એ જ પ્રાર્થના.

અમદાવાદ, - **કાંતાબહેન ચીમનલાલ શાહ**
તા.૧-૮-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

'શરીરની કેવી મર્યાદા ઉપરવટ તો જવા મળિયાં
-દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં ?'

વાચકને આ કડીની સાર્થકતા, એની યોગ્ય વાસ્તવિકતા, સમજાય એટલા ખાતર લખવું પડે છે જેવાં કે માથામાં ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા (Fluctuating), દમ, આંખનું દર્દ, મૂત્રપિંડ (Prostrate gland), અનિદ્રા, ગળાનું દર્દ, હરસમસા, કરોડરજ્જુના ત્રણ મણકા વચ્ચેની બે ગાદી ખસી ગયેલી છે, અને જેને કારણે શરીરને સૂઈ રહેવું પડે અને તેનું દર્દ તો સતત ચાલુ જ રહ્યા કરે, આવાં બધાં દર્દો હોવા છતાં શ્રીપ્રભુકૃપાથી શ્રીપ્રભુપ્રીત્યર્થના કર્મયજ્ઞમાં પ્રેમભક્તિભાવે સતત હોમાયા જવાનું થયા કરે છે, એ એની કૃપાપ્રસાદી છે અને એટલાં દર્દો મળ્યાં છે, તેથી આવો અનુભવ મળી શક્યો છે.

પ્રત્યક્ષ પ્રવર્તતાં લક્ષણો વિના કંઈ જ કશું એની યોગ્ય રીતિનું, સ્થિતિનું યોગ્ય રીતે સ્વીકારાય જ નહિ, અને તેવાં લક્ષણો પણ આમાં બતાવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, કારણ કે જીવનવિકાસના સાધનાપથમાં ધપતાં ધપતાં, અથડાતાં કુટાતાં, જે અનુભવ શ્રીપ્રભુકૃપાથી થયો, અને તે કાળે તેમાં તેમાં જીવંત ચેતનાત્મક તટસ્થતાયુક્ત સભાનતા શ્રીપ્રભુકૃપાથી જાગેલી રહ્યા કરેલી હોવાથી, તેવું અનુભવથી સમજણમાં જીવંત પ્રગટેલું હોવાથી, આ **'જીવનતપ'**માં સહન કરવા વિશે શ્રીપ્રભુકૃપાથી લખાયેલું છે.

સાધનાપંથમાં વિકાસ થતાં થતાં, તેની કોઈક ભૂમિકામાં, શ્રેયાર્થીને સૌથી પ્રથમ તટસ્થતાનો અનુભવ થતો હોય છે. તે

તટસ્થતા જ્યારે તેના સંપૂર્ણ પરિપક્વપણાની સ્થિતિમાં જીવંતી પ્રગટી ગયેલી હોય છે, ત્યારથી જ શ્રેયાર્થીના જીવનનો ઊર્ધ્વ વિકાસ સતત ચાલ્યા કરવાની સ્થિતિમાં મુકાઈ જતો હોય છે. એવી સક્રિય ચેતનાત્મક તટસ્થતા જો પ્રગટેલી હોય છે, તો કંઈ જ કશામાં તેનાથી ભેળવાઈ જવાતું નથી. તે કંઈ કશામાં સંપૂર્ણપણે લપેટાઈ પણ ન જાય. તે કિનારા ઉપર ઊભો રહીને જે તે બધું પસાર થતું નીરખી શકે છે. આવી તટસ્થતાની ભૂમિકા પાકી જાય છે, તે વેળાથી જ જીવનવિકાસના ઊર્ધ્વ પ્રમાણનો માર્ગ વિશેષ ને વિશેષ મોકળો બનતો જાય છે.

આવી તટસ્થતાની સંપૂર્ણ પરિપક્વપણાની ભૂમિકા પછી સમતાની ભૂમિકા પ્રાપ્ત થાય છે અને એવા સમત્વને તો શ્રીગીતા માતાજીએ યોગ કહેલો છે. આ સમતાની ભૂમિકા સાધકના જીવનમાં જ્યારે પ્રગટે છે, ત્યારે એનો યોગ અને શ્રીભગવાનની ભાવનાની ધારણાની સભાનતા (Awareness) સતત, અખંડપણે જીવતીજાગતી પ્રવર્ત્યા કરતી હોય છે. એવું સમત્વ જીવનમાં પ્રગટે છે ત્યારે એને કોઈ પ્રકારનું બંધન નથી હોતું. શ્રીભગવાનની સાથેની એના હૃદયની સાંકળ ત્યારે અખંડિત છે અને શાશ્વત પણ છે. બીજાં ગમે તે કર્મોમાં તે પરોવાયેલો હોય તેમ છતાં તે તો સતત શ્રીભગવાનની ધારણાની સભાનતામાં જ હોય છે. આ ભૂમિકા પછી સાક્ષીપણાની ભૂમિકા પ્રગટે છે અને તે ચેતનના સંપૂર્ણ અનુભવની પરિપક્વ ભૂમિકાનું લક્ષણ છે. શરીર જ્યારે કોઈ પણ રોગથી માંદું હોય ત્યારે તેની સ્વસ્થતા ટકતી નથી. મારા શરીરમાં કોઈ એકાદ રોગ નથી. ઉપર જણાવ્યું તેમ ઘણા રોગો છે. બધા જ પીડાકારી અને વેદના ઉપજાવનારા. ઉપરના બધા જ રોગો કોઈ ને કોઈ રીતે પરખાઈ શકાય તેવા છે. શરીર જ્યારે રોગથી પીડાતું હોય છે, ત્યારે મન સંપૂર્ણપણે શરીરમાં વળગેલું રહે છે. સામાન્ય માનવીનું

સમગ્ર જીવન શરીરમાં જ સમાયેલું છે. તેની સકળ પ્રવૃત્તિના કેંદ્રમાં માત્ર શરીર છે. શરીરની માંદગી જ્યારે વધારે હોય છે, ત્યારે મન તેમાં જ એકાકાર થઈ જાય છે. મારા શરીરના નાના ભાઈ શ્રી મૂળજીભાઈ ભગત, જેઓનું શરીર હાલ માંદું છે, તેઓ વડોદરામાં ભાઈલાલભાઈ અમીન જનરલ હૉસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર લે છે. તેઓ બાળકેળવણીના રસિયા છે, કવિ પણ છે, છાપાંના પણ તેટલા જ રસિયા, પરંતુ આમાંનું તેઓ હાલ કશું જ કરી શકતા નથી. એ તો મને કહે, ‘મોટા, હું વાંચું કેવી રીતે અને કવિતા પણ કેવી રીતે લખું ? મને તો છાપાં વાંચવાનું પણ ગમતું નથી. મારું તો સમગ્ર માનસ આ શરીરમાં જ વળગેલું રહ્યા કરે છે.’ એટલે મારા શરીરને જે આટલા બધા રોગો અને દર્દો મળ્યાં છે, તેને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું. આ બધાં જ દર્દો ભારે વેદના પ્રગટાવનારાં છે, તેમ છતાં શ્રીભગવાનની કૃપાથી આશ્રમમાં આવતાં બધાં જ સાથે હસીખુશી અને આનંદથી વાર્તાલાપ થાય છે. તેમના જીવનના પ્રશ્નોમાં પણ ભાગ લેવાય છે.

આ ઉપરાંત, જે જે કંઈક પરમાર્થનાં કર્મો હાથ ઉપર લેવાયેલાં છે અને તે માટે જે કોઈ દક્ષિણા આપવાનું સ્વીકારે અને તેવું આમંત્રણ જ્યાં મળ્યું હોય તેવાં અનેક ઠેકાણે જવા આવવાનું શ્રીપ્રભુકૃપાથી બન્યા કરે છે. આ એકલું મણકાનું દર્દ જ ભયંકર વેદનાકારી છે. મોટરમાં સૂતાં સૂતાં જવાનું હોય છે, તેમ છતાં પણ તેવી મુસાફરી કરીને શરીરનું જે આમ તેમ હાલવાનું, અથડાવાનું તથા એવા હાલનડોલનથી પણ કરોડરજ્જુનું દર્દ ઘણું વધી જતું હોય છે. આવું હોવા છતાં પણ શ્રીભગવાનની કૃપાથી કોઈ પણ આવો કાર્યક્રમ દર્દને કારણે જતો કરવાનું બન્યું નથી, તે ભગવાનની કૃપા છે.

આ બધાં દર્દ કેવી કેવી રીતે સહન થતાં રહ્યાં છે, તથા કેવી કેવી ભાવનામાં સહજપણે જીવતાજાગતા રહેવાઈને તે રોગને સહેવાનું

જે ચાલ્યા કરે છે, તેને બહુ જુદી જુદી રીતે શ્રીપ્રભુકૃપાથી મેં ગાયું છે. આટલા બધા પીડાકારી અને વેદનાકારી રોગ હોવા છતાં રોજ ને રોજ કેટલાં બધાં માણસો સાથે આનંદથી વાર્તાલાપમાં રહી શકાય છે, તેટલું જ નહિ, પરંતુ તે તે વખતે પણ આ 'મોટા' તો ભજન લખવાની પ્રક્રિયામાં જ પડ્યા કરેલા હોય છે. એવું દર્શન અને તેવો પ્રત્યક્ષ અનુભવ આશ્રમમાં આવતાં દરેક ભાઈબહેનનો છે. આટલાં બધાં રોગ અને દર્દ હોવા છતાં એકબાજુથી બધાંની સાથે વાર્તાલાપમાં રોકાવું અને તેય કોઈ પણ જાતની જરા સરખી ઉદાસીનતા, ઉદ્વેગ કે રોગથી પ્રગટતી વેદનાના કોઈ પણ લક્ષણ વિના, આનંદથી વિભોર થઈ બધાંની સાથે ટોળટપ્પા કરવા અને ગમ્મત કરવી એ પણ 'મોટા'નું એક અનોખા પ્રકારનું દર્શન છે. વળી, તે સાથે સાથે જ ભજનના સર્જનમાં જ પરોવાયેલા રહ્યા કરવું. આવી 'મોટા'ના જીવનની જે વાસ્તવિકતા છે અને તે રીતે પણ તેમની પાસે આવનારા માત્ર આટલી હકીકતનું પણ ધ્યાન રાખે તો તેમને 'મોટા' વિશે કંઈક યોગ્ય પ્રકારની સમજણ ભગવાનની કૃપાથી પ્રગટવાની હોય તો પ્રગટી શકે ખરી. કેટલાક સ્નેહીઓ અને મારા ઉપર લાગણી રાખનારા તથા કેટલાક પ્રતિષ્ઠિત દાકતરો પણ જે રોગ નસ્તરથી મટી શકે એવા છે, તેનું નસ્તર મુકાવડાવીને તે રોગની વેદનાથી મુક્ત થવાની સલાહ આપે છે, પરંતુ મારા દિલની જે એક એવા પ્રકારની સમજણ છે કે આટલાં બધાં પીડાકારી દર્દ હોવા છતાં શ્રીભગવાનની કૃપાથી, એની જીવતીજાગતી. ચેતનાત્મક ભાવનાની સભાનતામાં પ્રત્યક્ષપણે રહી શકાયાનો આ તો જીવતોજાગતો એક દાખલો છે, અને બીજાં બધાંથી પણ સ્પષ્ટપણે તે હકીકત સ્વીકારાય તેવી છે અને રોજ ને રોજ કેટલાંયે માનવીઓને મળવાનું થતું હોય છે અને કેટલીયે વાર દૂર દૂરનાં સ્થળે મોટરમાં, પણ સૂતાં સૂતાં જવાનું થતું હોય છે, ત્યારે તે 'મોટા'ના શરીરને જે વેદના થાય છે, તે હકીકત વાસ્તવિક

હકીકત હોવા છતાં તેવી પ્રત્યક્ષ વેદનાથી તે આવરાઈ ગયેલો નથી અને જ્યાં જવાનું છે ત્યાં પહોંચતાંની સાથે જ ત્યાં જે બધાં એકઠાં થયેલાં હોય છે, તેમની સાથે વાતોચીતોમાં તુરત જ રોકાઈ જવાનું બનતું હોય છે. સતત ઘણા રોગોની વેદનામાં શરીર હોવા છતાં જે સહજપણે આ 'મોટા' વર્તે છે તેવી રીતે સામાન્ય માનવીનું શરીર નહિ વર્તી શકે. આ બધા રોગો હોવા છતાં અને તેની એટલે કે રોગોની અને વેદનાની સભાનતા હોવા છતાં પણ, તેમાં તે સંપૂર્ણ સાક્ષિત્વ ધરાવી રહેલો છે, એવી શ્રીપ્રભુકૃપાથી 'મોટા'ના જીવનનો જીવતોજાગતો એક ચેતનાત્મક પ્રયોગ છે અને જ્યારે આત્માની શક્તિનો આવા માધ્યમ દ્વારા અનુભવ થતો હોય ત્યારે તેને તો શ્રીભગવાનનો કૃપાપ્રસાદ જ લેખાય. એવા પરમ કૃપાળુ, કરુણાળુ શ્રીભગવાનના પ્રસાદનો જ્યાં પ્રત્યક્ષ હકીકતની પૂર્ણતાવાળો અને યોગ્યતાવાળો પ્રત્યક્ષ અનુભવ મળ્યા કરતો હોય, તે તો ભગવાનની કેટલી મોટી કૃપા ? એવાં કૃપાદર્શનનો અનુભવ તો પળેપળ થઈ રહેલો છે જ. તે વિના શરીરનું ટકવું અશક્ય. એટલે જ મેં ગાયું છે કે :-

'ભયંકર તે બધાં દર્દે મનાદિ સર્વ હોવાં તે
-પૂરાં સાબૂત ને સ્વસ્થ, **हरि**ની મહેરબાની તે.
સહેવું જે મળે તેને જીવનને ઊર્ધ્વ શિખર પર
-મળી ચઢવાની નિસરણી ! સહેલું સહેવું તે રીત.'

વળી, આ બધાં દર્દો અને રોગો સહેવાતાં સહેવાતાં જીવનમાં જે ગુણો વિકસેલા છે, તે ગુણોનું સંગીન નક્કરપણું કેટલું અને કેવું છે, તે આપમેળે જણાઈ આવે છે, જીવનનું ખમીર પણ પરખાય છે.

'સહેવાતાં જિગરનું તે ખમીર કેવું જણાયે છે !
સહેવાતાં ઉમળકે દિલ ખમીર તેજ થતું રહે છે.'

શરીરનાં આવાં પીડાકારી દર્દો સહેવાતાં સહેવાતાં ધીરજ આદિ ગુણોની પાકી કસોટી થતી હોય છે. મનાદિમાં પ્રગટેલાં શાંતિ, સ્વસ્થતા, શાતા, પ્રસન્નતા, આ બધું પણ કેટકેટલા પ્રમાણમાં ચેતનાત્મક અને જીવંત હોય છે, તેની પણ સમજણ પડી જાય છે. આવા બધાં રોગો અને દર્દો મળ્યાં છે, તેથી તો '**માંહેલા**'ની સાચી ખબર પડે છે. અને એટલે જ આને હું શ્રીભગવાનની કૃપાપ્રસાદી હૃદયથી લેખું છું.

'સહેવામાંય પ્રગટે છે ભૂમિકા એક એવી જે,
સહેવાતાં જતાં હૈયે **हरि** શો થાબડે પીઠ તે !'

ખાસ કરીને રાત્રે **આ** શરીરને અનિદ્રાનો રોગ હોવાથી આવા રોગોનો ઉપદ્રવ વિશેષ ને વિશેષ વેદનાકારી પ્રગટતો હોય છે, ત્યારે શ્રીપ્રભુકૃપાથી **આ જીવ શ્રીहरि**ના ભાવની ધારણામાં જ એકધારો પ્રવર્તેલો એની કૃપાથી રહ્યા કરે છે. કોક કોક વાર ભજન પણ લખતો હોય છે.

'સહેવાનું થતાં દિલમાં ન કંટાળો પ્રવર્ત્યો છે,
સહેવાનું થતાં મનને **हरि**ભાવે પરોવ્યું છે.'

વળી, આ ઉપરાંત, આ બધા જે રોગો મળ્યા છે, તેમાં જીવનમાંના ગુણોને પડકાર પણ છે. તે બધું મને પ્રત્યક્ષ **આ** જીવનમાં પ્રયોગાત્મક રીતે જાણવાનું મળે છે, તે કાંઈ નાનીસૂની વાત નથી અને આ સંસારવહેવારમાં આવા બધા રોગોવાળા શરીરથી જે રીતથી **આ** શરીરથી જિવાય છે, તે હકીકત ઘણા બધા જાતોજાત પ્રત્યક્ષપણે જુએ છે. છતાં કોઈને હજી તેનું સાચું મૂલ્યાંકન તેના દિલમાં ઊગી શક્યું નથી. પ્રભુકૃપાથી તેનો કશો અફસોસ નથી, પરંતુ **આ** શરીર જીવે છે ત્યાં સુધી **આ** શરીરની બધી હકીકત સ્પષ્ટપણે એની વાસ્તવિકતાના યોગ્ય પ્રમાણમાં અને તે પણ તેની યથાર્થતામાં બધાં આગળ મૂકવાનો

ધર્મ સમજું છું. જેથી, ભવિષ્યમાં પણ કોઈને 'મોટા'ના સાહિત્યનું મૂલ્યાંકન કરવું હોય, તો તેને સાચી તક સાંપડી શકે.

'સહન કરવું નીચી મૂડીએ ઘણું તે ત્રાસદાયક છે,
સહન ઉન્નત શા મસ્તકથી કર્યા કરવું, શું જીવન તે !
સહન કરતાં જ થાકીને જીવન જે હારી જાયે છે,
ન તેને ઊઠવાવારો કદી જીવનમાં આવે છે.
જહીં સહેવાનું આવ્યું છે, સહેવું જો થવાનું છે,
બધું જો સહેવું પડવાનું, સહેવું કાં ઉમળકે ના ?'

શ્રીભગવાનની કૃપાથી **આ જીવ**ને બાળપણમાં ગરીબાઈને કારણે સહન કરવાનું આવ્યું, અને તે પછી ભણવાની લગનીને લીધે કેટલાંક કુટુંબોમાં ગરીબ વિદ્યાર્થી તરીકે રહેવાનું થતાં, ત્યાં પણ મેં સમજી સમજીને સહન કરેલું. પછી તો કૉલેજ છોડીને ભારતમાતાની ભક્તિમાં ઝંપલાવ્યું ત્યારે તો હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે જિવાશે ત્યાં સુધી દેશની સેવામાં જ જીવનને ગાળીશ. એટલે જીવનના તે તબક્કામાં પણ ગરીબી જ સહેવી પડી. મહાપરાણે પૂરું થતું. મારાં ઘરડાં મા, વિધવા ભાભી બધાંને ઘણું કામ કરવું પડતું. તેથી, તે લોકને ઘણો કઢાપો પણ થતો. સાત માણસનું ૪૫ રૂપિયામાં પૂરું થવું એ દોહ્યલું તો ખરું જ. ત્યારે મહિને એક આનો જ હજામતને માટે હું વાપરતો. કેટલાક મિત્રો આર્થિક મદદ દેવાની તત્પરતાવાળા હતા ખરા અને હોંશવાળા પણ હતા, પરંતુ તેવી આર્થિક મદદ સ્વીકારેલી નથી. માત્ર દર વર્ષે એક મહિનાની રજા લઈને કોઈ તદ્દન એકાંત નિર્જન સ્થળે, આગળ પાછળ પંદર માઈલના વિસ્તારમાં જ્યાં મુદ્દલે વસ્તી ન હોય એવા સ્થળે જંગલમાં જઈને રહેતો. પાસે માત્ર જળાશય હોય તેવું સ્થળ જોઈને બેસતો. આ મુસાફરીને માટે જવા આવવાના ભાડા ખર્ચની મદદ એક જ ભાઈ દર વર્ષે મને મોકલી આપતા અને

તે હું સ્વીકારતો. આ આશ્રમો શરૂ થયા પછીનું જીવન પણ શ્રીભગવાનની કૃપાથી તપનું જ સ્વીકાર્યું છે અને ખડતલપણાથી જીવન ગાળ્યું છે. છેક બચપણથી ગરીબાઈ વળગેલી હોવાથી અનેક જાતનું અને અનેક રીતનું સામાન્યપણે ભોગવવાનું દિલ તો થઈ જાય, પરંતુ તેમ છતાં એકમાત્ર શ્રીભગવાનની કૃપાના આશ્રય વડે કરીને તેવું બન્યું નથી, તેને માટે હું મારા ભગવાન ઉપર વારી જઉં છું અને એટલા જ માટે મેં ગાયું છે કે :-

'સહન કરવું જ તપ, દિલથી અમે સ્વીકારી લીધું છે,
સહન કરતાં ઉમળકાથી જીવનબળ તો ઊગેલું છે.'

વળી, સાધનાકાળમાં પણ જીવનના ધ્યેયને ફળાવવાની જે જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના અને જિજ્ઞાસા પ્રગટી હતી, તે કાળ પણ એક તપશ્ચર્યાનો યજ્ઞ જ હતો. કેટલાંયે સાધન એવી તપશ્ચર્યાના અગ્નિમાં શેકાઈ શેકાઈને પ્રભુકૃપાથી થયેલાં છે, અને એ સાધનાકાળની કઠણાઈ એ તો જ્ઞાનભક્તિપૂર્વકની હતી. એટલે **આ જીવે** તેના છેક બચપણથી તે અત્યારના ગાળા સુધી જીવનમાં જુદા જુદા પ્રકારે સહન કરવાનું સ્વીકાર્યું છે. વળી :-

'જીવનના ધ્યેયનો હેતુ ફળવવાની હૃદય તાને
-બધું જે તે સહેવાયું, કૃપાની તે નિશાની છે.'

આમ, જીવનમાં સહેવાનું જે આવ્યું છે, તે સહેવાનું એવી રીતે થયા કર્યું કે જેમાંથી જીવનનો વિકાસ થાય. ઉમળકાથી, પ્રેમભક્તિથી અને જીવનવિકાસના હેતુની સભાનતાથી સહેવું, એવું સહેવું એ તો તપશ્ચર્યા છે. એવા જ્ઞાનભક્તિપૂર્વકના હેતુની સભાનતાના સહેવાપણામાંથી જીવનવિકાસ માટેના ગુણ, ભાવ અને શક્તિ પ્રગટે છે, એ પણ મારો શ્રીપ્રભુકૃપાથી તે તે સહેવામાં અનુભવ છે, અને એટલે જ આ **'જીવનતપ'**માં વધારે ને વધારે મારાથી લખાયું છે.

'**हरि** ભજવાનો દિલ ધંધો અમે સ્વીકારી લીધો છે,
**हरि**ના નામના ઘેલા અમે મસ્તાન કેવા તે !'

**આ** શરીરને ફેફરાનો રોગ થયેલો અને તે રોગ ભગવાનના સ્મરણથી મટી જશે એવું એક સાધુમહાત્માએ મને સૂચવ્યું. શ્રીનર્મદા મૈયાના મોખડીના ઘાટની પેલી પાર થોડેક આઘે શ્રીરણછોડજીનું મંદિર છે. ત્યાં **આ જીવ** આરામ માટે રહ્યો હતો. ત્યાં એક મહાત્માએ મને **'શ્રીહરિઃૐ'** એવું રટવાનું કહ્યું અને રોગને મટાડવાની ગરજે સ્મરણ ચાલુ કર્યું અને ત્રણ મહિનામાં રોગ મટ્યો. અને એમાંથી મને સ્મરણની લત પડી ગઈ.

'સ્મરણની લત પડતાં દિલ, સ્મરણમાં ધ્યાન લાગ્યું છે,
સ્મરણના ધ્યાનમાંથી શો સ્મરણનો સંગ સ્ફુર્યો છે.
હૃદય તે સંગમાં ઊંડું રમ્યા કરવાનું જાગીને,
હૃદય તેમાંથી હેતુનું પ્રવર્ત્યું ધ્યાન ઝગમગીને.'
હૃદયના ભાનથી તેવા ફળવવા હેતુને દિલમાં,
હૃદય અગ્નિ ભભૂકીને મને હોમાવી દીધો ત્યાં.
જીવનના ધ્યેયના ધ્યાને મનન ચિંતવન સતત ઊંડે
-થયાં જઈને, વિષયમાં દિલ શું એકાકાર ! શરણે જે.'

આ ગીતમાં શ્રીભગવાનની કૃપાથી શી રીતે સ્મરણ **આ જીવે** કર્યું છે, તેના જુદા જુદા તબક્કાનું વર્ણન તે ગીતમાં છે. સ્મરણને જીવતુંજાગતું ચેતનાત્મક અખંડાકાર થવા માટે શ્રીપ્રભુકૃપાથી ભારે તપશ્ચર્યા થયેલી છે. ચૌદ-સાડાચૌદ કલાક સુધી તો (શ્રીભગવાનની કૃપાથી) મારાથી લઈ જઈ શકાયું હતું, પરંતુ તે પછીથી ગમે તેટલો પુરુષાર્થ થયો તોપણ તે અખંડ થતું ન હતું. તે શ્રીભગવાનના કૃપારૂપી સર્પદંશથી અખંડ થઈ શક્યું. સ્મરણથી જીવનમાં કેવા કેવા ફેરફારો થઈ શકે છે, તે પણ આ કવિતાઓમાં બહુ જ સ્પષ્ટતાથી જણાવવામાં આવ્યું છે. સ્મરણના પણ જુદા જુદા તબક્કા છે, જુદી

જુદી ભૂમિકાઓ છે અને તેમાં સ્મરણ પણ જુદા જુદા પ્રકારનું હોય છે. સ્મરણની અખંડતા પ્રગટ્યા પછીથી જ ભાવનાનો પ્રદેશ શરૂ થાય છે. અને ભાવનાની અખંડતા પ્રગટે છે અને તે ભાવના તેના સર્વોત્તમ શિખરની ગાઢતામાં પ્રવેશે છે ત્યારે જ રૂપાંતરની જીવતીજાગતી ચેતનાત્મક પ્રક્રિયાની શરૂઆત થઈ જતી હોય છે. અને ભગવાનના અનુભવ પ્રદેશનો કિનારો ત્યાંથી શરૂ થાય છે. ચેતનના જુદા જુદા પ્રકારના અનુભવો પણ તેવી દશામાં જ થાય છે.

સ્મરણ એ તો મારા જીવનનો નક્કર પાયો છે. સ્મરણથી જ **आ जीव** હંમેશાં ટટારી અનુભવી રહ્યો છે. સ્મરણથી જ મને ખબરદારી મળેલી. સ્મરણમાંથી જ મને જીવનના હેતુનું ભાન જાગ્યું. જીવનવિકાસના માર્ગમાં માત્ર ઉપરછલ્લી બૌદ્ધિક સમજણ મુદ્દલે કામ આપી શકતી નથી. હૃદયની એકાગ્રતાના ઊંડાણમાંથી જે ભાવનો સૂર પ્રગટે છે, તે જ જીવનને ઘડી શકે છે. ઘડવાને માટે તે જ માત્ર યોગ્ય હથિયાર છે. ભાવ પ્રગટ્યા વિના અને તે જીવંત અખંડ થયા વિના જીવન કદી ઘડાઈ શકાતું નથી.

સ્મરણ કરતાં અને સ્મરણ લેતાં લેતાં અને એ સ્મરણ ભાવનાપૂર્વક, ભક્તિપૂર્વક લેવાય છે ત્યારે તેમાંથી જે આત્મશ્રદ્ધા પ્રગટે છે, ત્યારે એવી આત્મશ્રદ્ધા જીવનનો નક્કર આધાર બની જાય છે. જીવનવિકાસના માર્ગે જો પળવું જ હોય, તો શ્રદ્ધા અનિવાર્ય છે, અને તે શ્રદ્ધા જ્યારે તપશ્ચર્યામાંથી ઊગે છે, કોઈ સાધનના નિરંતરના અભ્યાસમાંથી કે તેવા પ્રકારની સાધનામાંથી જે શ્રદ્ધા નીતરે છે, તેવી શ્રદ્ધા જ જીવનને ઘડવામાં ઉપયોગી નીવડે છે. એવી શ્રદ્ધા મને સ્મરણના અભ્યાસમાંથી શ્રીપ્રભુકૃપાથી મળી છે. સ્મરણના સેવનમાંથી જીવનને ઘડવાને માટે ઉપયોગી એવા ગુણો પણ મને મળેલા. ભાવ તો ખરો જ. આત્મવિશ્વાસ પણ સાથે સાથે હોય જ. હિંમત, મર્દાનગી, સાહસ, ધીરજ આદિ ગુણો

પણ તેમાંથી જ ઊપસ્યા છે. મર્દાનગીનેય પડકાર કરે એવાં કોઈ પ્રકારનાં સાધનો ભગવાનની કૃપાથી હૃદયની સ્ફુરેલી પ્રેરણામાંથી જે મળ્યાં, તે **एनी** કૃપાથી સાધી શકવાને માટે ઉપર વર્ણવ્યા તેવા ગુણોની આવશ્યકતા તો ખરી જ, પરંતુ એકલા તેવા ગુણોથી જ ચાલી શકતું નથી. શ્રીભગવાન ઉપરનો પોતાના હૃદયથી નિરંતર જીવંત સેવાયેલો સક્રિય ચેતનાત્મક વિશ્વાસ, તે પણ, સાથે સાથે તેટલો જ જરૂરનો, અને આવી રીતે સ્મરણમાંથી, તે સ્મરણને મેં કેવી કેવી રીતે, કેવી સમજણથી, કેવા હેતુની સભાનતાથી ઉપયોગમાં લીધું, અને તેમાંથી કયાં કયાં પગલાં ફળ્યાં અને શું શું પરિણામ નીપજતું ગયું, તે તે બધું ગાયું છે.

આ સ્મરણ જ્યારે નિરંતરનું જીવતુંજાગતું ચેતનાત્મક પ્રગટ્યું ત્યારે જ **हरि**લીલાની રમતની જરાતરા કંઈક સમજણ પડવા લાગી હતી. આ ખંડનાં ગીતોમાં શ્રીભગવાનની કૃપાથી સાધનાની પરિપક્વ થતી જતી ભાવનામાંથી જીવન કેવું પુષ્પસ્વરૂપે વિકસિત થતું જતું હોય છે, તેનો કંઈક યત્કિંચિત્ ચિતાર આપવાનું બની શક્યું છે.

'**हरि** તુજ શક્તિ આધારે સળેકડું પહાડ ચઢતું છે,
સમુદ્રો સાત પણ કેવા તરીને પાર કરતું જે !'

શ્રીભગવાનની કૃપાશક્તિથી **आ जीव**થી શું શું અને કેવું કેવું થઈ શક્યું છે, તે દર્શાવવાનું આ સ્થળ નથી. સ્મરણના એકધારા લગાતાર અભ્યાસમાંથી ભક્તિ જાગે છે અને ભક્તિના નિરંતરના હૃદય સેવનથી ભાવની જે સર્વોત્કૃષ્ટ ગાઢતા પ્રગટે છે અને તેના આધારથી મનાદિકરણો **हरि**લીલાને અનુભવવાની પાત્રતા પામે છે અને તે ભૂમિકાનો જે આવો અનુભવ તે વાણીથી જોકે વર્ણવી શકાય તેવો નથી છતાં મારા જેવા બુડથલનો તેમાં નહિ જેવો ચંચુપાત છે.

‘સમર્થોનેય ચઢી જાય સમર્થ શ્રેષ્ઠ એવો છે,
**हरि** સમ કોઈ ચઢિયાતું સકળ બ્રહ્માંડમાં ના છે.’

**हरि**ના ભક્તને એવો પ્રત્યક્ષ જીવનમાં અનુભવ થાય છે અને **हरि**ના રસમાં જ બધાંનું મૂળ સમાયેલું છે, તેવો તેનો જીવતોજાગતો પ્રત્યક્ષ અનુભવ પણ છે. હૃદયનો ધડકાર પણ **हरि**, નયનનો ચમકાર પણ **हरि**, જીવનનો પ્રેમદરબાર પણ **हरि**, સર્વત્ર **हरि**નાં ચરણની વિસ્તારલીલા અને પાછો કેંદ્રમાં પણ પોતે અને કેંદ્રના મધ્ય બિંદુમાં પણ તે જ. આવી બધી **हरि**લીલા અનુભવવામાં તેના ભક્તને છોળો ઉપર છોળો ઊડે છે અને તેવા ભાવથી શ્રીપ્રભુકૃપાથી પ્રેરાઈ આ **हरि**લીલા ઉપર કેટલાંક ગીતો મારાથી લખાયાં છે.

‘અણુ ફૂટ્યા વિના શક્તિ અનુભવ આવતી ના તે,
અણુને ફોડવાની રીત ખરેખર સાધના શી તે !’

સાધના એટલે શું ? તેની સમજણ ઉપરની કડીમાં એની સમગ્રતામાં સમાઈ જાય છે. જેમ અણુને ફોડ્યા વિના અણુની શક્તિ અનુભવાતી નથી અને એ શક્તિ જ્યારે અણુને ફોડ્યા પછી મળે છે, ત્યારે તે શક્તિની મદદ વડે જ અશક્ય લાગે તેવાં મોટામાં મોટાં કર્મ થઈ શકે છે. નવા પ્રકારનાં મૌલિક સર્જનો પણ તેના આધારે જ થાય છે. અને આવા પ્રકારની સાધના **आ जीव**થી શ્રીપ્રભુકૃપાથી થઈ છે, તેના વિશેનાં પણ કંઈક થોડાં ભજન લખાયાં છે.

‘ભૂમિકા ભાવની જ્યારે હૃદય સંપૂર્ણ પ્રગટે છે,
શરીરનાયે શું પલટાતા બધા ગુણધર્મ જે તે છે !’

એવી થતી જતી સાધનાના ભાવમાંથી જ્યારે ખરેખરો રસ પ્રગટે છે, ત્યારે એ પ્રકારનો રસ તે રસના પ્રકારના જીવનમાં સર્વ કોઈને જિવાડતો હોય છે. જીવવાના મૂળમાં આવો કોઈ ને કોઈ પ્રકારનો રસ તો રહેલો હોય છે. રસના પણ જુદા જુદા પ્રકાર છે. જુદી જુદી

ભૂમિકાઓ છે, એના દિવ્ય દેશો પણ છે. આ બધા અનુભવની સમજણ સાધનામાંથી પ્રગટતા ભાવ અને રસને કારણે મને જાગી છે.

'અણુને ફોડવું સહેલું નથી કોઈ પ્રકારે તે,
પ્રક્રિયા કેટલીમાંથી પસાર ત્યાં થવાનું છે !'

અને આવા પ્રકારનું મારા જીવનમાં બનેલું છે, અને એ શક્તિને પ્રાપ્ત કરીને તેનો અનુભવ થવા માટે સંકટો, વિઘ્નો, ગૂંચો, મુશ્કેલીઓ, વિમાસણો, અથડામણો, એવા અનેક પ્રકારના અવરોધની ભૂમિકા જ્યારે જીવનમાં પ્રગટી હતી, ત્યારે ત્યારે શ્રીપ્રભુકૃપાથી તેનો સામનો કરવા માટે દિલમાં કેટલો જીવંત તલસાટ, તત્પરતા, તાલાવેલી, તમન્ના વગેરે હતાં, તેનો પણ ક્યાંક ક્યાંક ઉલ્લેખ આ સાધનાનાં ગીતોમાં છે ખરો. શ્રીભગવાનની કૃપાથી સાધનામાર્ગમાં કેવી રીતે મથવાનું બન્યું છે, તેનો પણ કોઈક કોઈક ઠેકાણે ઉલ્લેખ છે ખરો. સાધનામાંથી કેવાં કેવાં પરિણામ નીપજે છે, તે પણ લખ્યું છે. કશું મેં અદબદ રહેવા દીધું નથી. બધું સ્પષ્ટ, ફોડ પાડીને લખ્યું છે.

**चरण**ની **आ जीवे** અનેક રીતે અને અનેક ભાવે પ્રેમભક્તિ કરી છે. તે ઉપરાંત, સ્મરણના એકનિષ્ઠ ભાવે, તે સાધનને શ્રીપ્રભુકૃપાથી દોહરાવ્યું છે.

**'ચરણ'** એ તો એક સૂક્ષ્મ પ્રતીક તરીકે વપરાયેલું છે. જેમાં સામસામી બાજુનાં તદ્દન વિરોધાત્મક ગુણો, વલણોનો સમન્વય થતો હોય તેને જ સાચો અનુભવ ગણાય, અને ચરણમાં પણ એવી સામસામી બાજુનાં પરસ્પર વિરોધી લક્ષણોનો પ્રત્યક્ષ સમન્વય થયેલો છે.

'જીવનની આંટીઘૂંટીમાં કદીક ગૂંચાઈ પડેલો છું,
નીકળવાને મથ્યો તોયે વધારે ગૂંચવાયો છું.
છતાં ત્યાંયે ન ગભરાયો મૂંઝાઈ ના ગયેલો છું,
હૃદયથી હાથ પકડીને ચરણ સાહી રહેલો છું.

ચરણમાં તો બધું જે તે જીવનનું સર્વ મારું છે,
અનાથ સાવ મુજને તે ચરણ ઉદ્ધારનારાં છે.
મૂડી સર્વસ્વ જીવનની ચરણ મોંઘામૂલા તે છે,
ચરણનો આશરો લઈને નિરાંતે હું સૂતેલો છું.'

આ રીતે ચરણ મારે માટે ઘણા મોંઘામૂલા છે અને મારા સાધનાવિકાસમાં તેણે ભાગ ભજવ્યો છે.

**'ચરણ'**ના ખંડમાં મેં જે ભજનો લલકાર્યાં છે, તેમાં તેના વિશેની હકીકત આપોઆપ આલેખાઈ છે. જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર, છેલ્લામાં છેલ્લી હદનું કે જે તે બધું અક્કલ હોશિયારીનું અનેક જાતનું ઘણું બધું કર્મ કરતો હોય છે, તેમ છતાં તે સાવ ભોટ જેવો લાગે છે. અને તેવું, તેને ઉપનામ મળે તેવું, પ્રત્યક્ષપણે તેણે નમ્રતાની છેલ્લે સુધીની હદ જેવી કક્ષામાં અનુભવમાં પ્રત્યક્ષપણે જીવતુંજાગતું તેના જીવનમાં ખડું થયેલું હોવું જોઈશે. 'અહમ્'ને મોળું પાડવાનો આ એકમાં એક જ ઉત્તમમાં ઉત્તમ રચનાત્મક માર્ગ છે. 'અહમ્'ને **શ્રીહરિ**કૃપાથી આ રીતે જ મોળું પાડવાનું બની શક્યું છે. આવી રીતે જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની છેલ્લામાં છેલ્લી નમ્રતા કેળવાઈ ગયેલી હોય છે-એટલે ભૂમિકામાં 'અહમ્' સાવ છેક મોળું પડી ગયેલું હોય છે-ત્યારે જ તે જીવનવિકાસના ઊર્ધ્વ પ્રદેશની ભૂમિકામાં પ્રવેશવાની આપણને નરી સરળતા પ્રાપ્ત થતી હોય છે. નમ્રતાની ઉત્તમમાં ઉત્તમ કક્ષાની છેલ્લી કક્ષાની કેળવણી પ્રાપ્ત થતી જતી હોય છે, ત્યારે જ તે તે વિષયના હાર્દમાં સહજમાં સહજ રીતે પ્રવેશ થયા જવાની ભૂમિકા જીવનમાં સાંપડે છે.

'પરંતુ ચરણમાં માથું મૂકી દેવું ન સહેલું છે,
હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટતાં તે સરળ સહેજે.'

આમ, ઉપર લખ્યા પ્રમાણે ચરણશરણભાવ કાંઈ એકદમ આવી જતો હોતો નથી, પરંતુ હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટે છે, ત્યારે ચરણશરણભાવનો પ્રવેશ થાય છે. અને પછી તો :-

'ચરણસેવા થકી અમને જીવનઅમૃત લાધ્યું છે,
નરી નિરાંતની સોડ ચરણમાં મસ્ત તાણી છે.'

આ રીતે ચરણના મહિમાને **'ચરણ'**ના ખંડમાં મેં ગાયો છે, અને એ રીતે ચરણને **શ્રીહરિ**ની ભક્તિના એક પ્રતીક તરીકે એને મેં સાધેલું છે.

જીવનવિકાસક સાધના થવાને માટે જે પુરુષાર્થની જરૂર છે, તે પુરુષાર્થનું બળ તો **હરિ**ની ભક્તિમાંથી જ પ્રગટે છે. એ તો સર્વસ્વભાવે અને સર્વ રીતે **શ્રીહરિ**નાં ચરણકમળમાં જ્ઞાનભક્તિપૂર્વક સમર્પાઈ જતો હોય છે. તેવા સાધકના સમગ્ર પુરુષાર્થનું બળ તો તેનો ભાવ છે અને એવા ભાવની ભક્તિથી જ્યારે બુદ્ધિ રંગાય છે, એટલે બુદ્ધિમાં ભક્તિનો રંગ લાગે છે એટલું જ નહિ પરંતુ ભક્તિમાં બુદ્ધિની મસ્તી પ્રગટે છે, ત્યારે જ તેવી બુદ્ધિ ભાવને સમજી શકવાને સમર્થ છે, તે વિના નહિ.

'હૃદયનો ભાવ સર્વોત્તમ બધો બુદ્ધિથી પર શો તે !
જતાં બુદ્ધિથી મૂલવવા, ગજું બુદ્ધિનું કંઈ ના છે.'

આવો **હરિ**ની ભક્તિમાંથી પ્રગટેલો ભાવ એ જ સાધનાના પુરુષાર્થનું સાચું બળ છે. ભાવ વિનાનો પુરુષાર્થ કશું મૌલિક સર્જન કરી શકતો નથી. જીવનને ઘડવાને માટે જે પુરુષાર્થની જરૂર છે, તેમાં હૃદયનો ભાવ અનિવાર્ય છે. અને લગની લાગ્યા વગર અને એવી ચેતનાત્મક તાલાવેલી પ્રગટ્યા સિવાય, માથું વેગળું મૂકીને સંપૂર્ણ નિર્ભયતાથી યાહોમ કરીને ઝંપલાવવાનો ચેતનાત્મક પુરુષાર્થ

થઈ શકતો હોતો નથી. અને શ્રીપ્રભુકૃપાથી આ બધું થતાં થતાં તે કાળના મારા જીવનના અનુભવ આ ભજનોમાં લખાયા છે.

જીવનનો વિકાસ કરવાને માટે જીવનનું જે તે કંઈ બધું મેં વાસ્તવિક માનેલું-સમજેલું અને એ રીતે તેનો પ્રેમભક્તિથી જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર કરેલો અને એ પ્રકારની સમજણથી આજે ભાવમાંથી પ્રગટેલો પુરુષાર્થ છે, તે વિશેનાં જે ગીત લખાયેલાં છે, તે તે બધાં સાધનામાંથી ફલિત થતા જતા અનુભવને આધારે લખાયાં છે.

'બધું ભગવાન કરી દેશે' એવું ઘણા લોકો બોલે છે. એવું બોલવું મિથ્યા છે. એ તો જે **હરિ**નો સંપૂર્ણપણે એના રસમાં એકાકાર, અખંડાકાર, સંપૂર્ણતાથી તલ્લીન અને સતત એકધારો જીવંત ચેતનાત્મકપણે એના રસમાં જ જે મશગૂલ છે, અને સતત એના જ મનન ચિંતવનમાં જીવનનાં સર્વ પાસાંમાં પણ એકલો **શ્રીહરિ**ની જ પ્રેમભક્તિમાં જે જીવતોજાગતો હોય છે, તેવાનું જ શ્રીભગવાન જે તે બધું કરી દેતો હોય છે, તે હકીકત સાચી છે. એટલે જીવન-વિકાસના માર્ગમાં પુરુષાર્થનો ઝોક મહત્ત્વનો છે. જ્યારે **હરિ**ની ભક્તિની થોડી ઘણી ઝાંખી શ્રેયાર્થીને થતી જાય છે, ત્યારથી તે ભગવાનની કૃપાશક્તિને પિછાનતો થતો જાય છે. તે વેળાથી તે પોતાના પુરુષાર્થના મૂળમાં ભગવાનની કૃપાને અનુભવે છે. તેમ છતાં તેનો સંપૂર્ણ મર્દાનગીભર્યો જીવંત પુરુષાર્થ કોઈ ન્યારા પ્રકારનો છે. અને તે આંખે ઊડીને વળગે એવો પણ હોય. બધાંથી દેખાય એવો પણ હોય છે. બધાં તેને તે રીતે ન સમજી શકે કે ન સ્વીકારી શકે તે એક જુદી હકીકત છે.

સાધનાને માર્ગે જતાં અનેક જુદા જુદા પ્રકારના જીવોના સમાગમમાં આવવાનું થયું છે અને આ સાધનાના વિકાસના માર્ગમાં પુરુષાર્થનું મહત્ત્વ કેટલાકે સ્વીકાર્યું છે, અને કોઈક તો માત્ર કૃપાની વાતો જ કરે છે, પરંતુ હૃદયમાં **હરિ**ની ભક્તિનો ભાવ જાગ્યા વિના

કૃપાને કોઈ યથાર્થ રીતે સમજી શકતું નથી, જાણી શકતું નથી તો અનુભવી તો કેવી જ રીતે શકે ? અને અનુભવ પ્રગટ્યા સિવાય તેમાં કશું જીવતુંજાગતું સામર્થ્ય પ્રગટી શકતું નથી. આવા પ્રકારના જીવનના અનુભવની ભૂમિકાની દશા હોય ત્યાં કૃપાની યથાર્થતા મને યોગ્ય પ્રકારની લાગી છે. અને એવી કૃપાનો પુરુષાર્થ એ તો ભારેમાં ભારે ચેતનવંતો હોય છે અને આ પ્રકારના અનુભવની સમજણ 'થયો પુરુષાર્થ તે ભાવે' એ મથાળાના ખંડમાં જે ગીતો લખાયેલાં છે, તેમાં તેમાં પ્રવર્તેલી છે.

સાતમો ખંડ છે 'કરામત એવી દિલની છે'-દિલ વિના સંસાર-વહેવારમાં પણ દિલ વિનાનું બધું ફિક્કુંફસ લાગે છે. જેમાં દિલ છે, તેની મજા કંઈ ઑર છે. સાધનામાં પણ જ્યારે દિલ પ્રગટે છે ત્યારે જ ઝઝૂમવામાં અને ઝંપલાવવામાં જે રસ પડે છે, તે રસ ઝરે છે તે હકીકત કોઈ ન્યારી અને અલૌકિક ભૂમિકાની છે.

'ભળે છે દિલ જેમાં ત્યાં, ખરેખર રસ ઝરંતો છે,
જીવંતા દિલ વિના સાવ સૂકું શું ભટ લાગે છે !
વિના દિલ સ્વર્ગ છો મળતું, છતાં તેમાં મજા ના છે,
ઊછળતો દિલ આનંદ વિના દિલ ના કશામાં છે.'

જ્યારે દિલ જાગે છે અને ઊગે છે ત્યારે જીવનના ભેદ પીગળવા માંડે છે. દૂર દૂર થયેલાં અંતર દિલ પ્રગટતાં છેક નજીક આવે છે.

'જીવનમાં દિલ જેમાં છે, બધું તે તે અનોખું છે.'

દિલ પ્રગટે છે ત્યારે જ દિલના વિષયમાં એકાગ્ર થવાય છે અને વિષયનું હાર્દ પણ દિલ વડે જ મેળવાય છે. અને જેમાં દિલ પૂરેપૂરું ભળે છે, તે વિષયમાં તદાકાર પણ થઈ જવાય છે. દિલ જાગે છે અને જ્યારે તેમાં દિલ પ્રગટે છે, ત્યારે ત્યારે તેમાં આપમેળે

દિલ પ્રગટે છે અને તેમાં રસથી તરબોળ થઈ જવાય છે. એટલે જ પ્રભુકૃપાથી સાધનામાં મારાથી દિલને ઘણું મહત્ત્વ અપાયું છે. માત્ર સાધનાના જ વિષયમાં નહિ પણ સંસારવહેવારમાં પણ દિલનું એવું જબરજસ્ત મહત્ત્વ છે.

'મહત્ત્વ દિલનું એવું જે અજબનું ને ગજબનું છે.'

અને શ્રીભગવાનની કૃપાથી સાધના થતાં જ ખરેખરું સાચું દિલ પ્રગટતું હોય છે અને એવા દિલ વિશે પણ મારાથી ગાવાનું બન્યું છે, અને દિલ વિશેની મારી બધી સમજણ પણ તે તે ગીતમાં વ્યક્ત થયેલી છે.

'રસામૃત એ જ જીવન છે' એ ખંડનાં ગીતોમાં સાધના પરિપક્વ થતાં થતાં દિલ પ્રગટે છે અને દિલની સાથે સાથે જ ભાવ પણ પ્રગટે છે. અને ભાવ પ્રગટેલો હોય છે ત્યાં રસ પણ હોય. આમ, બધું પરસ્પર સંકળાયેલું હોય છે. સાધનાની પરિપક્વતા એની સંપૂર્ણતાના ગૌરીશંકર શિખર ઉપર પહોંચે છે ત્યારે જે રસ અનુભવાય છે, તેની કંઈક ઝાંખી અને સમજણ આ ગીતોમાં પ્રભુકૃપાથી આપી શકાઈ છે.

'રસીલા ભાવ અમૃતની ન એની કોઈ વાણી છે,
પૂરું હોવા છતાં મૌન જ અવર્ણનીય ભાવ ઝરતો છે.'

આ રસ અલૌકિક, ભવ્ય અને મૌલિક છે. કોઈ કવિને તેની કલમમાં તે દર્શાવવાની શક્તિ હોતી નથી. તે અવર્ણનીય છે, અનોખો છે, સંપૂર્ણ સમગ્રતા તે રસમાં સમાયેલી છે, વળી પાછી ગોપનીય પણ છે તેમ છતાં તે વ્યક્ત થતો હોય છે. સકળ આ જે બધું સર્જન છે તેનું મધ્યબિંદુ અને કેંદ્રબિંદુ રસ જ છે. રસ વિના કંઈ કશાનું સર્જન થઈ શકતું નથી. એવો રસ હૃદયની સંપૂર્ણ ભક્તિ પ્રગટ્યા વિના કદીકાળ પ્રગટી શકતો જ નથી. રસેશ્વરની ભક્તિ એવા ભક્તિવાળા હૃદયમાંથી જે રસ ઝરે છે તે જ અમૃત છે. અને

એવો રસ ભાષાની મર્યાદા વટાવી ગયેલો હોય છે. તેમાં ગતિ ન હોવા છતાં અવર્ણનીય ગતિ છે. ત્યાં કોઈ સંકલ્પવિકલ્પ ટકી શકતા નથી. આવી આવી અનેક પ્રકારની રસ પરત્વેની જે અનુભવની સમજણ તે આ ગીતોમાં વ્યક્ત થયેલી છે. હવેનો ખંડ 'અનુભવ અને અનુભવી' એ પ્રકારનો છે.

'અનુભવ આંખના જેવી બીજી કોઈ આંખ તે ના છે,
અનુભવની શી ઇંદ્રિયતણો તે સ્વાદ ન્યારો છે.
જીવનના હાર્દના દર્દી રસીલા વિરલા કોક,
કદર તેની થવા, કોક ધરાવે દિલ સામર્થ્ય.'

આવા અનુભવને સમજવાને માટે ભગવાનની કૃપાથી તલમાત્ર જેટલો જે કંઈ અનુભવ છે, તે પરત્વેની બધી સમજણ આ ગીતોમાં મારાથી લખાઈ છે.

'બધા આનંદથીયે જે જુદો ન્યારો જ આનંદ તે,
અનુભવની ભૂમિકાનો ખરો આનંદ જાણો તે.
રસીલા રસતણો બાંકો જીવનમાં કોક વિરલો જે,
રસામૃતના કંઈક છાંટા ઉરાડવા શો કરે છે તે.'

આવો અનુભવ જીવનનું પુનર્જીવન પમાયા વિના કદી પણ શક્ય નથી.

'ઉભય નિષ્ક્રિય, સક્રિય પળે એકી જ સંગાથે
-ખરેખર હોવું પ્રત્યક્ષ જીવંતું તે અનુભવ છે.
હૃદય નિવૃત્તિ સંપૂર્ણ થતાં પ્રવૃત્તિ પાછી છે,
ઉભયમાં આપ સંપૂર્ણ છતાં પાછો ન તેવોયે.'

આવી અનેક પ્રકારની સમજણો આ 'અનુભવ અને અનુભવી'ના ખંડમાં તે તે પ્રકારે આપેલી છે. આ બધાં ગીતો તદ્દન

સરળ અને સહેલી ભાષામાં જાણી જોઈને મેં લખ્યાં છે. અને તે એક જ ઝપાટે અને એક જ સપાટે લખાયાં છે.

'વિરોધી સર્વ સંજોગો વિશે જ્યારે મનાદિથી
-સતત રહે ભાવની ધૂને, પ્રયોગાત્મક જીવન તે છે.
ટકોરાબંધ ખુમારી પ્રવર્તેલી જીવન વિશે
-અનુભવવા મળ્યો કીમિયો અનુભવની પ્રસાદી છે.'

અનુભવની સમજણ જે આ બધાં ગીતોમાં લખી છે, તે આ બધાં ગીતો કદીક કદીક બધાં માણસોની વચ્ચે બેઠો હોઉં કે સૂતો હોઉં અને કેટલાંકની સાથે હળતોમળતો હોઉં ત્યારે પણ લખાયેલાં છે. અને વડોદરાના મારા મિત્ર શ્રી નાગજીભાઈ પટેલને કેટલીય વાર તુરતાતુરત ભજન લખીને મેં બતાવ્યાં છે. અમદાવાદના શ્રી રમાકાંત જોશી, તેમને તો મેં સવારની વહેલી પરોઢમાં ખાટલામાં સૂતાં સૂતાં હું ગીત બોલતો જઉં અને તેઓ લખતા જાય અને કેટલાંય બીજાં સ્વજનોએ મને તેમ લખાવતાં જોયો છે. કંઈ પણ વિચાર્યા કર્યા વિના એની મેળે એ ગીતો સ્ફુરતાં જ ગયાં છે. મેં કદીય મઠાર્યાં નથી. હું એને કાવ્ય ગણતો જ નથી. આને બહુ બહુ તો જોડકણાં જ કહેવાય. જેને જે કહેવું હોય તે કહે. મારા શરીરને જે હઠીલાં દર્દો છે અને તેની કેવી વેદના છે, એ તો જેને તે થયાં હોય તે જ સમજે. અને દરેક દર્દ પીડાકારી છે અને તે બધાંય દર્દોની વેદનાની સમગ્રતા, શરીર જ્યારે નબળું પડવા માંડે ત્યારે કેટલી બધી વધારે પ્રગટે તે સમજવા જેવું છે. એવી શરીરની સ્થિતિમાં ભજનનું સર્જન એ મારે માટે અનિવાર્ય છે અને એને પણ હું ભગવાનની કૃપાપ્રસાદી લેખું છું અને એટલે જ લખ્યે જઉં છું.

'રસીલાં દર્દનો મહિમા' અને 'સહેવું કાં ઉમળકે ના ?' એ વિશે તો હું આગળ ઉપર બધું લખી ગયો છું.

હવે છેલ્લો એક ખંડ છે 'ન સંસારી શકે સમજી' તેમાં અનુભવી અને સંસારીની વચ્ચે જે કંઈ સંસારીને મનમાં થતું હોય છે, તે દુનિયા વિશેની કંઈક વાત છે.

'**हरि**ને કાજ જીવનને ફના કરનાર કોક જ તો,
જીવન સર્વસ્વ અર્પીને જીવન રળનાર ભાગ્યે કો.'

એવા અનુભવીઓને પણ સંસારના માનવીઓ કેવી કેવી સલાહ આપતા હોય છે અને તેને વિશે તે કેવું કેવું સમજે છે તે પણ લખાયેલું છે.

'અમારે વર્તવું કેમ ? બધાં જે તે બતાવે છે,
પરંતુ વર્તવું કેમ ન નિજનું કોઈ જાણે છે.'

પોતે યથાયોગ્યપણે કેમ વર્તવું એવું આ સંસારમાં વિરલા કોક સમજે છે અને સલાહ આપનાર તો અપરંપાર. ભગવાનની કૃપાથી **आ जीव** સલાહ આપવાનું તો જાણતો નથી. આવો અનુભવી હંમેશાં સ્પૃહાવાળો અને નિઃસ્પૃહાવાળો હોય છે, સગુણ અને નિર્ગુણ, કામ અને નિષ્કામી, મોહી અને નિર્મોહી-આવાં આવાં એનાં જુદાં જુદાં પાસાં હોય છે. અને એકબીજાથી સામસામાં વિરોધાત્મક પાસાં પણ હોય છે. તે સ્પૃહાવાળો હોય તે ગમે અને નિઃસ્પૃહતાનું જ્યારે દર્શન થાય ત્યારે ઘણાખરાથી ખમાતું નથી, સમજાતું પણ હોતું નથી. સામાન્ય રીતે તો જે જે માનવીને સમજણ માટેનાં જે જે ધોરણો તેનાં બંધાયેલાં છે, તે જ પ્રમાણે તે એકબીજાને સમજતા હોય છે. આવા અનુભવીને સમજવા માટે એવી પ્રેમભક્તિથી ભરપૂર એવી રસાત્મક બુદ્ધિની જરૂર, એવા દિલની જરૂર અને એવા રસીલા દર્દીલા હૃદયની પણ જરૂર છે. આપણે પરસ્પરને સમજવાનું મૂકી દઈને જો એકબીજાની સાથે દિલની ખરેખરી ગોઠડી બાંધી દઈએ અને એકબીજા આપણે પ્રેમના ભાવથી

ભાવની મસ્તીમાં તરબોળ થઈએ, એવા જ પ્રકારનું પરસ્પર સાથે વર્તન દાખવીએ તો આપણા માટે તે શ્રેયસ્કર છે. અનુભવીની ખુમારી એ કોઈ સંસારી માનવી નહિ સમજી શકે.

આ પુસ્તકનું નામ મેં **'જીવનતપ'** આપેલું છે અને જીવનમાં છેક બાળપણથી માંડીને આજ સુધી માત્ર સહન કરવાનું જ આવ્યું છે અને તે સહેવાનું કઈ કઈ રીતે, કઈ કઈ ભાવનાથી, કયા કયા હેતુમૂલક ઉદ્દેશથી, કઈ કઈ જ્ઞાન વિકાસક સમજણથી, તે બધું વિગતથી ગાયું છે. તે ઉપરાંત, અનુભવનાં બીજાં ગીતો ગાયાં છે, તે બધાં જુદી જુદી ભૂમિકાનાં છે અને જેમ જેમ સાધના શ્રીપ્રભુકૃપાથી થતી ગઈ હતી, તેમ તેમ તેનાં પાસાં ઉકેલાતાં ગયાં છે, તે તે રીતે બધું લખાયું છે, સાધનામાં પણ તપ અનિવાર્ય છે અને તપની પાછળ ભાવનાથી ધબકતું અને રણકતું હૃદય જો ન હોય, અપાર અને અફાટ એવો હૃદયનો ઉત્સાહ ન હોય, તો તેમાંથી કશો ભલીવાર પ્રગટી શકે નહિ. ભગવાનની કૃપાથી એવું તપ **આ જીવ**થી થયેલું છે. તપ વિના જીવનનો વિકાસ શક્ય નથી. જીવનવિકાસની સાધનાના કેંદ્રમાં તપની અનિવાર્યતા ખરી. આ પ્રકારની સમજણથી આ ચોપડીનું નામ મેં **'જીવનતપ'** આપ્યું છે.

વાચકો આ પુસ્તકના લખાણને સહૃદયતાથી વાંચશે એવી ભાવના સાથે વિરમું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૨૨-૬-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

આ **'જીવનતપ'** પુસ્તકના પ્રકાશનથી પૂજ્ય શ્રીમોટાની સ્વાનુભવવાણીની શ્રેણીનાં પુસ્તકોમાં એક વધુ પુસ્તકનો ઉમેરો થાય છે. **'જીવનઅનુભવગીત'**થી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં આ પ્રકારનાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાએ તેમણે કરેલ સાધનામાં સ્મરણ, ચરણ, ગરજ, હુકમ, ખુમારી, ગરીબી, નમ્રતા, સહનશીલતા આદિના સેવનથી તેમનો વિકાસ કઈ કઈ રીતે સધાયો તેનું દિશાસૂચન આ પુસ્તકોનાં વાંચનથી જિજ્ઞાસુ વાચકોને મળશે.

આનંદની વાત તો એ છે કે પૂજ્યશ્રી તેમની સ્વાનુભવવાણીનાં પુસ્તકો જેમ જેમ તૈયાર કરતા ગયા, તેમ તેમ તેને છપાવનાર સ્વજનો પણ મળતાં ગયાં છે અને તે રીતે પૂજ્યશ્રીની સ્વાનુભવ-વાણીની સરવાણી હજી સુધી અખંડ ચાલી રહી છે.

આ **'જીવનતપ'**ની ગઝલોની નકલો સુંદર અને સુવાચ્ય અક્ષરોમાં ઉતારવાનું કામ શ્રી પુષ્પાબહેન દલાલ તથા શ્રી નાગજીભાઈ પટેલે કર્યું છે. તેઓ બંને પૂજ્યશ્રીનાં સ્વજન સરીખાં છે. એટલે તેમનો આભાર માનવાનો હોય નહિ. દરેક ગઝલનાં મથાળાં તથા તેના ખંડો પાડીને ગઝલો તેના ભાવાનુક્રમે ગોઠવીને પ્રેસમાં છાપવાલાયક હસ્તપ્રત તૈયાર કરવાનું કામ શ્રી સોમાભાઈ ભાવસારે કર્યું છે. તેઓ તો આશ્રમના સ્વજન જેવા છે. એટલે કોણ કોનો આભાર માને ?

આ **'જીવનતપ'** પુસ્તકના પ્રકાશનના ખર્ચની રકમ એક સજ્જનના પૂજ્ય શ્રીમોટા પ્રતિના પ્રેમભાવને કારણે તેઓશ્રી તરફથી

પ્રાપ્ત થવા માટે, તે સજ્જનનો અમો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

સાધનામાર્ગમાં અભિરુચિ ધરાવનાર જિજ્ઞાસુ ભાઈબહેનો આ પુસ્તકનો યોગ્ય લાભ લેશે એવી આશા છે. મેસર્સ લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડે આ પુસ્તક પરત્વે રસ અને ઉત્સાહ દાખવીને ઘણા ઓછા સમયમાં પુસ્તક છાપી આપ્યું છે, તે માટે તેમના ખરેખરા આભારી છીએ.

તા. ૨૫-૮-૧૯૭૨

**નંદુભાઈ**
મૅનેજિંગ ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા બરોડા સ્થિત શ્રી રમણભાઈ અમીનના મહી નદીના કિનારે ફાજલપુર ગામે આવેલ ફાર્મહાઉસ ઉપર ઘણીવાર જતા અને ત્યાં વિપુલ સાહિત્ય અને વાર્તાલાપનું સર્જન થયું છે. સને ૧૯૭૨ બાદ **'જીવનતપ'**ની બીજી આવૃત્તિનું પ્રકાશન ૨૦૦૭માં થયેલ. હવે ત્રીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ ગઝલ સ્વરૂપે ભજનોની રચના કરી છે તે અંગે આ પુસ્તકમાં શ્રી રમેશભાઈ ભટ્ટનો 'મરમીની રચનાકળા' શીર્ષક હેઠળ પ્રસ્તુત થયેલ લેખનો અભ્યાસ કરવા જિજ્ઞાસુઓને વિનંતી છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૧૫-૪-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી, સં. ૨૦૭૨ હરિઃૐ આશ્રમ, સુરત
પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | જીવનતપ | ૧-૪૪ |
| ૨ | સ્મરણ ઉપાય જડિયો છે | ૪૫-૬૨ |
| ૩ | हरिलीला | ૬૩-૧૮૦ |
| ૪ | ખરેખર સાધના શી તે ! | ૧૮૧-૨૨૨ |
| ૫ | ચરણ મોંઘામૂલા તે છે | ૨૨૩-૨૩૨ |
| ૬ | થયો પુરુષાર્થ તે ભાવે | ૨૩૩-૨૪૪ |
| ૭ | કરામત એવી દિલની છે | ૨૪૫-૨૫૪ |
| ૮ | રસામૃત એ જ જીવન છે | ૨૫૫-૨૬૪ |
| ૯ | અનુભવ અને અનુભવી | ૨૬૫-૨૮૪ |
| ૧૦ | રસીલાં દર્દનો મહિમા | ૨૮૫-૩૦૦ |
| ૧૧ | સહેવું કાં ઉમળકે ના ? | ૩૦૧-૩૨૦ |
| ૧૨ | ન સંસારી સમજી શકશે | ૩૨૧-૩૩૦ |


❑

# જીવનતપ

❑

## પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

હરિઃૐ

# ખંડ - ૧

# જીવનતપ



જુદી જુદી ભૂમિકાનું સહન કરવુંય જુદું છે,
અનેકેવિધ તે રીતે તપશ્ચર્યા થતી ગઈ છે.

હરિ:ૐ

## જીવનમાં તપ થયેલું છે

મહત્ત્વ શ્રમનું સમજીને જીવનમાં તપ થયેલું છે,
જીવનની કેવી કઠિનાઈ વિશે **હરિ**ને ભજેલા છે !

જીવનમાંની ગરીબીમાં સહન કરવાનું આવ્યું છે,
ન કંટાળો કશો ઊપજ્યો જીવનનું તપ ગણેલું તે.

નર્યાં અપમાન, અન્યાય, મળ્યા છે ધોલધપ્પાયે,
છતાં કુભાવ ના સેવ્યો, હૃદય મેં તપ ગણેલું તે.

કરી ખેતર મજૂરી શી ! છતાં પૂરતાં ન દીધાં છે
-મને દામ પૂરેપૂરાં, ન ત્યાં કચવાટ સેવ્યો છે.

અનેકે રીતથી એવા મળેલા તે જીવનથીયે
-ઉપર મેં આવવા શો તે પુરુષાર્થ કરેલો છે !

હરિઃૐ

# હૃદયમાં લગની લાગી છે

બધું દેવાનું સ્થૂળને તે મહત્ત્વ છોડી દીધું છે,
જીવનમાં સૂક્ષ્મ ઊપસાવા હૃદયમાં લગની લાગી છે.

ભજન, કીર્તન, સ્મરણ, દિલથી કર્યાં કરી પ્રાર્થના છે તે,
સમર્પણ ને નિવેદન પદ કર્યાં કેવાં કરેલાં છે !

જીવનની ઊર્ધ્વ ભૂમિકાતણા જે જે વિષય કંઈ છે,
હૃદયમાં સેવી સેવીને નિરંતર તે ભજેલા છે.

નિરંતરના થતા એવા ઊંડા અભ્યાસથી જીવને,
દશા જીવનની બદલાવી નરી મુદ્દલ નખાવી છે.

હરિઃૐ

## કૃપા શ્રીસદ્‌ગુરુની તે

પૂરા વીસ દિન ને આઠ સુધી પેશાબ, નરક પર તેં
-રખાવીને કરાવ્યો છે, પ્રયોગ અવનવો જીવને.

મડાગાંઠો ઘૃણાદિની સમૂળી તે હઠેલી છે,
વધુ ખોરાક કરતાંયે ટકેલાં સ્ફૂર્તિ, બળ ત્યારે.

કદી માન્યામહીં ના'વે હકીકત એવી **આ** મુજ છે,
છતાં સોએ ટકા સાચી હકીકત મુજ જીવનની તે.

શ્રીસદ્‌ગુરુનો હુકમ તેવો મળંતાં, પાર ઉતારી તે,
સફળતા તે વિશે પામ્યો, કૃપા શ્રીસદ્‌ગુરુની તે.

હરિ:ૐ

# કૃપાથી તો શિખાયું છે

નીરવતા ને અનાસક્તિ શું કેળવવા પરે ઝોક
-હૃદય, મનથી દઈ દઈને સતત આપ્યા કર્યું લક્ષ.

સતત શા સાધનાભ્યાસે ટકાતાં, જીવતાં જીવને
-રહેવાતાં જ અસ્પૃશ્ય, કૃપાથી તો શિખાયું છે.

જીવનમાં સાધનાભ્યાસ થતો રહેતાં હૃદય, મન જે
-જીવન પ્રગટેલ સંયમ શો ! વળી વિવેક જીવતો તે.

ઊગેલાં સર્વ સાધન જે થયેલાં એકધારાં તે,
મળેલું તેથી અંતરબળ અને દિલ જાગૃતિ શી તે !

હરિઃૐ

# બધું જે તે લખાવે છે

જુદાં જુદાં જીવન પાસાં ઉકેલાતાં જતાં શાં છે !
બધાં તે ચીતરી દેવા કલમ ઝટ કેવી ચાલે છે !

બધું તે તે ભૂમિકાનું લખાતું આપ ચાલે છે,
કશો ખચકાટ ક્યાંયે ના જરા સરખોય લાગ્યો છે.

બધુંયે સડસડાટ જ તે લખાયા શું જતું **આ** છે !
બધું વર્ણવતાં ના તેને કશી ત્યાં વાર લાગે છે.

કૃપા વહાલા **હરિ**ની કે મને એણે જિવાડીને
-સ્મૃતિ પ્રગટાવીને અંતર, બધું જે તે લખાવે છે.

હરિ:ॐ

## શું લેવા દિલ તડપે ત્યાં !

અહા ! તુજ ભાવનો કેવો હૃદય ચમકાર મીઠો છે !
મધુર સ્વાદ રસીલો શો ! ડૂલી તુજ પર જવાયે છે !

સુખદ અમૃતતણી મધુરી શી રમઝટ હેલી વર્ષે છે !
રસાનંદે બધું જે તે જતું પલળી રસાધારે.

નયન મુખ પર, બધા ચહેરા પરે અમી છાંટણાં શાં છે !
નરી સુખ અવધિની છાલક શી છંટાતી રહે છે તે !

સુખામૃત દિલ સંપૂર્ણ અનુભવતાં ધરાતું ના,
હજી લહાવો, વધુ લહાવો શું લેવા દિલ તડપે ત્યાં !

હરિઃૐ

## જીવનશ્રદ્ધા અનેરી છે

ઊડી શ્રદ્ધા જતાં કેવું પડે મન નબળું ત્યારે તે !
જીવંતી શ્રદ્ધા પ્રગટંતાં સબળ મન કેવું ઝળકે છે !

હૃદયની આત્મશ્રદ્ધા પર જીવન આધાર સઘળો છે,
હૃદયશ્રદ્ધા જ જેવી હો પ્રમાણે તેવું જીવન છે.

હૃદય આધાર શ્રદ્ધા પર જીવેલો છું ધરી ધરીને,
જીવનનું બળ જે શ્રદ્ધાનું ન ગણતરીમાં ગણાયે તે.

જીવંતી ભવ્ય તેજસ્વી જીવનશ્રદ્ધા અનેરી છે,
થયેલાં તપ, તપશ્ચર્યા થકી શ્રદ્ધા જીવંતી છે.

હરિ:ૐ

# અતુલ શ્રદ્ધાનું બળ તે છે

જીવનમાં કામ ક્રોધાદિ જીવન પ્રવેશવા કાજે,
ખરા ઉપયોગના શા છે, પ્રકૃતિ જેને તાબે છે.

ખરેખર **જીવદશા**માંહે બધા તે કામ ક્રોધાદિ
-પ્રવેશી તે જીવન વિશે કરે સર્જન અનાદિથી.

બધું જે જે મળેલું છે, મળ્યા કરવાનું હજીયે છે.
બધું તે તે મળેલાંમાં અતુલ શ્રદ્ધાનું બળ તે છે.

વિના શ્રદ્ધા નકામા છો, જીવન શ્રદ્ધાથી મળતું છે,
જીવંતી શ્રદ્ધા શી તેથી, હું પ્રગટાવા મથેલો જે !

હરિ:ૐ

# જીવનની તે કમાણી છે

બધી શિક્ષાના કરતાંયે જીરવવો પ્રેમ અઘરો છે,
સ્વીકાર, ત્યાગને ભૂલતાં મળ્યો સંસાર મિથ્યા છે.

વિના તપ ને તપશ્ચર્યા જીવનસાધન નકામું છે,
સહ્યા વિના ઉમળકાથી સહેવું, સર્વ ફોગટ છે.

સકળ અન્યાય, અપમાન શું જીરવાયા વિના પ્રેમે
-જીવનની સાધના કદી ના પરિપક્વ જ થવાની છે.

કસોટી આકરીમાં જો ટકી છે સ્વસ્થતા જીવતી,
જીવનની તે કમાણી છે, ખરે પ્રત્યક્ષ શી સાચી !

હરિ:ૐ

## ઊંડો વિચાર સેવ્યો છે

બધું જે છે, બધું તેનું જરૂર કારણ પ્રવર્તે છે,
શરીરના દર્દનું તેવું જરૂર કોઈક કારણ છે.

પરંતુ સર્વનુંયે તે ખરેખરું મૂળ કારણ જે,
શું પછવાડે પડી તેની, ઊંડો વિચાર સેવ્યો છે.

સતત દિલ ચંક્રમણ તેનું ઊંડે ઊંડું કરી કરીને,
પ્રવેશાવા ઊંડાં મૂળના શું કારણમાં મથાયું છે !

નિરંતરના જ અભ્યાસે મનન ચિંતવન પ્રતાપે તે
-કૃપાથી દિલ પ્રવર્તાતાં ભૂમિકા તે, સધાયું છે.

હરિ:ૐ

# મુલાયમતા વિકાસે છે

મુલાયમતામાં નિ:સ્પૃહતા વળી નિર્મોહ, નિષ્કામ
-અનાસક્તિ, નિરાગ્રહ, સૌ પ્રગટતાં શાં રહે જીવન !

છતાં એવી મુલાયમતા શરીરના ક્ષેત્રની પર તે
-હજી પ્રગટી શકેલી ના, શું દર્દનું ભાન તેથી છે ?

શરીરને દર્દની ઉગ્ર થતી જે વેદના તેનું
-ઊંડું થતું ભાન તેથી તો **हरि**માં ચિત્ત મનાદિનું.

શરીર ક્ષમતા શી સંપૂર્ણ શરીરની પ્રકૃતિથીયે
-થવાની વાસ્તવિકતા, મૂળ મુલાયમતા વિકાસે છે.

હરિ:ૐ

# છતાં હજી તે અધૂરી છે

જહીં જહીં સ્પષ્ટ કોમળતા, વધુ ત્યાં દર્દ ઊપસે છે,
થતાં નિત સાધનાભ્યાસ મુલાયમતા શી ઊગે છે !

જીવનવિકાસને યોગ્ય મુલાયમતા જરૂરી તે,
મુલાયમતા વિના જન્મ્યા, ન સંભવતો વિકાસેયે.

મુલાયમતાની કોમળતા જુદી શી કોઈ રીતની છે !
બધું જે તેય શું ઉગ્રપણે જે તે પ્રગટતું છે !

મુલાયમતાની ભૂમિકા વિશે તેજસ્વિતા શી છે !
હૃદયની ભાવના તેથી શી ઉત્તરોત્તર બઢે છે તે !

શરીર ક્ષમતા સહેવાનાં બધાં તે દુ:ખ દર્દોને
-શી કામિયાબ નીવડે છે ! છતાં હજી તે અધૂરી છે.

હરિ:ૐ

## હૃદય તેં શક્તિ પ્રેરી છે

જીવન પ્રગટેલ છે ભારે શું ગજગ્રાહ ભયંકર તે ?
હૃદયથી સામનો કરવા હૃદય તેં શક્તિ પ્રેરી છે.

પડાયું પાછું છે ત્યારે, ન નાખ્યા મુજ હાથ પહોંચ્યા છે,
છતાં તારી કૃપાથી ત્યાં રખાયું માથું અણનમ છે.

પડાતાં પાછું, શું તોયે સતત લડવાનું જિગરથી
-કર્યાં કરીને, હૃદય હિંમત બરાબર રાખી છે પકડી !

હરાવાયું ભલે તોયે લડત તો ચાલુ રાખી છે,
જીત્યા સંપૂર્ણ વિના તો ન મારો ક્યાંય આરો છે.

હરિ:ૐ

## કૃપા મુજ રાંક પર કરીને

ભલભલા શહૂરવાળાને શરીરની યાતનાઓ શી !
પરેશાન કરી મૂકી, શિર નિજનું ઝુકાવે છે.

સમૂળી ત્યાંય ખુમારી બધી ઉરાડી તે દે છે,
નરાતાર લૂલાં કેવાં બનાવી માનવીને દે !

ચરણથી જેહના ધ્રૂજે ધરણી ધમધમતી કેવી તે !
શરીરની વેદનાથી તે બને બેહાલ નર્યા શા તે !

કૃપા મુજ રાંક પર કરીને મને એનાથી બાકી તેં
-રખાવ્યો, સાવ મુડદાલ ન બનવા ક્યાંય દીધો છે.

હરિઃૐ

## સદ્‌ભાગ્ય કેવું તે !

જીવનસ્થિતિ શી ડામાડોળ થતાં મુજને હલાવ્યો છે !
શું હચમચી જવાયું છે ! ઢીલુંપોચું થવાયું છે.

જહીં નાખ્યા ન હાથ પહોંચ્યા છે, કશા ના દાવ ફાવ્યા છે,
બધું પલટાતું લાગ્યું છે, શું મન વિહ્‌વળ થયેલું છે.

બધે ચોપાસ અંધારું નર્યું ઘનઘોર લાગ્યું છે,
ન રેખા ક્યાંય સોનેરી કશી આશાની ભાળી છે.

છતાં શી રીત જીવનમાં દશા એવી વિશે મુજથી,
ભરોંસે માત્ર **હરિ**ની તે રહેવાયું જ છે દિલથી.

કૃપાની કેવી પ્રત્યક્ષ બલિહારી જીવંતી તે !
અનુભવવા જીવનમાં તે મળ્યું, સદ્‌ભાગ્ય કેવું તે !

હરિ:ૐ

## ગ્રહ્યા સાર જ કરેલો છે

જુદી જુદી ભૂમિકાની જુદા જુદા તબક્કાએ,
અનેક વાર ચઢઊતર જુદી જુદી જીવન થઈ છે.

બધું નિહાળતો રહેતો પૃથક્કરણ તે કર્યા કરીને,
હૃદયથી મૂળ નવનીત ગ્રહણ કરવા મથેલો જે.

બહુ રીતની મથામણની થતી જે પ્રક્રિયા રહી છે,
બધી તે પ્રક્રિયામાંથી ગ્રહ્યા સાર જ કરેલો છે.

બધાં નવનીતતણા જુદા જુદા તે સાર અદ્‌ભુત શા !
બધાંમાંથીય મૂળ તત્ત્વતણું હાર્દ મથ્યો ગ્રહવા.

હરિઃૐ

## તપશ્ચર્યા થતી ગઈ છે.

જીવનના ધ્યેય હેતુની હૃદય સભાનતાથી તે,
સહન કરવું ઉમળકાથી, ખરેખર તપ જીવનનું છે.

હૃદયની ભાવનાથી તે સહન કરતાં, સહેતાંયે
-જીવનવિકાસના ગુણો અને શક્તિ ખીલે શાં તે !

જીવનના ધ્યેય વિકાસે સહન કરવું, તપશ્ચર્યા
-જીવનમાં શી થતી રહે છે ! જીવન ફળતું જતું શું ત્યાં !

સહન કરવાની દિલ સમજણ કૃપાથી તેવી ઊગી છે,
સહન કરવા વિશે તપનું હૃદયમાં ભાન જાગ્યું છે.

જુદી જુદી ભૂમિકાનું સહન કરવુંય જુદું છે,
અનેકેવિધ તે રીતે તપશ્ચર્યા થતી ગઈ છે.

હરિઃૐ

## હૃદયથી ચાહતાં તુજને.

અમારે પ્રેમનો દાવો કશો કરવાનો તુજ પર ના,
અમે તો પ્રેમ કરવાનું તને દિલ માત્ર સમજેલા.

તને દિલ ચાહી ચાહીને અમારે જીવવાનું છે,
તને ચાહવા વિશે અમને ધરાવો ના થતો કૈં છે.

તને ચાહતાં, તને ચાહતાં હૃદય ઉત્સાહનો વેગ
-નદીનાં પૂરની પેઠે શું ધસમસતો વહે ધોધ !

હૃદયથી ચાહતાં તુજને જીવન ફળતું રહે છે જે,
હૃદય સંતોષ જે થાય, ન વર્ણવવા જ શક્તિ છે.

હરિઃૐ

# બધી ચિંતા ઊડી ગઈ છે

જીવનની દિનચર્યાની રજેરજની તને ચરણે
-નિવેદીને જ નિત્યે મેં હૃદય રાહત અનુભવી છે.

'સદા સંપૂર્ણ ખાલી જે થયા કરવાનું ચરણે તે,'
જીવનનો નિત્યનો એવો અમારો કાર્યક્રમ શો છે !

જીવનનો ધર્મ સાચવવા અમારાથી થતું જે જે
-કરી ચૂકી, પછીથી સૌ તને સોંપી દીધેલું છે.

તને સોંપાઈ દેવાતાં જીવન સંપૂર્ણ ચરણે તે,
પછી ફિકર, ઉપાધિ ને બધી ચિંતા ઊડી ગઈ છે.

હરિ:ૐ

# શું પશ્ચાત્તાપ અગ્નિ જે

ખરેખર થઈ જતાં પહેલાં કદી ભૂલો કૃપાથી તે
-હૃદય ચેતાઈ જવાઈને, બધું સુધારી લીધું છે.

'જીવનમાં ભૂલથી જ્યારે પૂરેપૂરું બચાયું છે'
-ખબર પડતાં જ, ચહેરાનો સીનો, આનંદ ભરપૂર છે.

છતાં પાછી જીવનમાં મેં ભૂલો જબ્બર શી ખાધી છે !
શું પશ્ચાત્તાપની લહેરો પરે લહેરો ઊઠેલી છે !

શું પશ્ચાત્તાપ અગ્નિ જે જીવન પ્રગટેલ છે તેણે,
પુનર્જીવન મને બક્ષી સચેતનતા ઉગાડી છે.

હરિ:ૐ

## ઉપેક્ષા દિલથી કેવી થઈ

ઉપેક્ષા દિલથી કેવી થઈ મુજથી અવરની તે !
જીવનના તે પ્રસંગોથી ભડકી હૈયું ગયેલું છે.

શું પશ્ચાત્તાપ અગ્નિ શો હૃદય પ્રગટેલ મુજને છે !
જીવનમાં આગ તેવીથી થતી શુદ્ધિ રહેલી છે.

ભૂલેચૂકે પછી ફરીથી ન અવગણના કદીયે તે
-જરા સરખીય કોઈની જીવનમાં ના થયેલી છે.

જીવનમાં સાવચેતીને, પૂરી દિલ સાવધાનીયે,
-ધરી દિલ દક્ષતાપૂર્ણ, સમજીને સાચવેલી છે.

હરિઃૐ

# બધું શૂન્યે ઠરેલું છે

જીવનનો સૂર નિસ્તબ્ધ ઊડી ગગને રહેલો છે,
ગગનની પાર તે કેવી નીરવતા વ્યાપ્ત બનતી છે !

હવે દિલમાં જ આકાશ કશું પણ ના રહેલું છે,
નર્યું સૌ શૂન્ય આકારે બધું શૂન્યે ઠરેલું છે.

કશી ત્યાં હિલચાલો ના, કશું ઉદ્ભવતું લાગે ના,
છતાં શી ગૂઢ ગતિ ત્યાં, ને બધાંનો જન્મ ત્યાંથી હા !

બધું તે શૂન્યમાં કેવું લપાયેલું, છુપાયેલું
-રહેલું સૂક્ષ્મમાં સૂક્ષ્મે નર્યું ગૂઢ સ્વરૂપનું શું !

હરિઃૐ

## અતીત જીવનનો જે સાચો

સ્મૃતિ સૌરભથી દિલમાંનો જડાયેલો અતીતનો જે
-હૃદય સૂર કદી પણ ન વીખરાયેલ તે રહે છે.

અતીત જીવનનો જે સાચો કદી પણ કોઈનેયે તે
-વીલો ને એકલો કોઈ પ્રકારે ના મૂકી દે છે.

સહે છે એકલો પોતે, બધાંનું તે શિરે લઈને
-ઉમળકાથી જીવન *ક્રૉસ વહન કરતો રહે છે તે.

જીવનની નિજની એમાં ખરી બલિહારી જીવનમાં
-અનુભવી તે હૃદય વિશે થતો શો ધન્ય દિલ દિલમાં !

* Cross

હરિ:ૐ

# નરી કઠોરતા કેવી !

નરી કઠોરતા કેવી જીવન ભોગવતાં, ભોગવતાં,
તહીં આવી ગયેલી હદ જીવનમાં નીરખ્યા કરી ત્યાં.

હવે શો તાંતણો સૂક્ષ્મ જરા તૂટવાની અણી પર છે,
નર્યા વિધ્વંસનો અંશ નજીક આવી રહેલો છે.

છતાં ત્યાં કોણ જાણે કે મદદ કહીંથી અચાનક તે
-જીવનમાં સાંપડેલીથી ફરી ઊભું થવાયું છે.

તને ભાવે સ્મરી સ્મરીને હૃદય સંભારવાનીયે
-જીવનની મોજ મહાલીને જીવન તરબોળ રસથી છે.

હરિ:ૐ

## અનુભવવા મળેલું છે

**હરિ**નો ધૂંધળો સમ જ્યાં પ્રકાશ સાંપડેલો છે,
હૃદયમાં અગ્નિ શો ત્યારે ભભૂકી તો ઊઠેલો છે !

હૃદય તે અગ્નિએ કેવી શી જ્વાળા ઝંખના ઉત્કટ,
હૃદય પ્રગટાવી છે મુજને, ખરેખર ભવ્ય ને અદ્‌ભુત !

બધી રીતે પૂરેપૂરું સતત મથવું કરાવ્યું છે,
સતત મથવાની પ્રક્રિયા થકી દિલમાં ઉગાડ્યું છે.

બધાંનાં મૂળમાં કેવો **હરિ** ગૂઢ જ છુપાયો છે !
હૃદયમાં તત્ત્વ અમૃત તે અનુભવવા મળેલું છે.

હરિ:ૐ

# ખરેખર ત્યાંથી જાગે છે

**હરિ**નો ધૂંધળો સમ જે પ્રકાશ જ્યાં ઊગેલો છે,
છતાં ઉત્કટ સહેવું તે ભયંકર શું પડેલું છે !

જરીક શું ડોકિયાનું જે હૃદય દર્શન થયેલું છે,
પીડા તેના વિરહકેરી શી કારમી તીવ્ર દુષ્કર છે !

સહી ના જાય તેવી તે છતાં એથી મનાદિ તે
-સતત ને એકધારાં શાં પરોવાઈ **હરિ**માં રહે.

ભયંકર રાત્રિ અંધારી ન જોટો જેનો ક્યાંયે છે,
છતાં ઉષાની તૈયારી ખરેખર ત્યાંથી જાગે છે.

હરિઃૐ

## હવે છૂટી શકે ના તે

સ્પૃહાવાળો વળી પાછો શું સંગાથે જ નિઃસ્પૃહ તે !
પૂરેપૂરો બધાંનાથી સ્વતંત્ર સાવ નોખો છે.

સ્વતંત્ર આપ મરજીથી શું જડમાં જડ બનેલો છે !
થવા શું ઊર્ધ્વ આરોહણ થયેલું અવતરણ તે છે.

શું ઉત્કૃષ્ટમાં જ ઉત્કૃષ્ટ સ્વરૂપ ચેતનનું જે કંઈ છે,
**हरि** પોતે સ્વમરજીથી બધું તે તે થયેલો છે.

ચઢાતાં પંથ આરોહણ ઉપર ઉપર છતાં ક્યાંક
-તહીં અટકાતાં **हरि**ની મેં મદદ માગી દઈ હાક.

**हरि**રસનો જ દિલ ચસકો હ્રદયને જે પડેલો છે,
સતત લાગેલ દિલ ભસકો હવે છૂટી શકે ના તે.

હરિ:ૐ

## શું અવતરતો જ નીરખે તે

નવું હો ઊગતું જે તે, જૂનું સંસ્કાર ઘડતર જે,
ભયંકર ઉગ્ર અવરોધરૂપે જીવનમાં કેવું તે !

થતું સર્જન નવું જે હો જૂના સંસ્કાર નિજ રીતે,
શું મમરો મૂકી દેવાને સદા તત્પર રહે છે તે !

જૂનું પોતાની રીતે તે નૂતનને ઘડવા ઈચ્છે છે,
પરંતુ તે રીતે તેની ઘડાવાની ન મરજી છે.

સ્વતંત્ર સાવ મૌલિક જૂનાને તોડી ફોડીને,
નવો સ્વાંગ, નવો વેશ શું અવતરતો જ નીરખે તે !

હરિઃૐ

# બધું જે તેનું મૂળ અંતર

ખરેખર દુઃખનાં મૂળ તો વસેલાં મન વિશે તે છે,
છતાં શાં માનવી સઘળાં બીજે જે બહાર શોધે છે !

બધું જે તેનું મૂળ અંતર વિશે કેવું રહેલું છે !
સકળ બ્રહ્માંડનું મૂળ જે **હરિ**માં જ્યમ રહેલું છે.

થતું જે જે રહેલું છે, બધાં તેનાં જ મૂળ દિલમાં,
ઊંડું ઊંડું જ ચિંતવતાં, કંઈક સમજણ પડેલી છે.

થતાં ભારે, હૃદય સઘળું મહત્ત્વ દિલ **હરિ**ને દઈ
-ભજ્યાં **હરિ**ને કરી કરીને જીવન આખું વિતાવ્યું છે.

હરિ:ૐ

## જીવંતો દિલ નિશ્ચય છે

થતા પુરુષાર્થમાં શ્રદ્ધા હૃદય ધાર્યા કરી કરીને,
પથે ચાલ્યા કરી કરીને, શું વિશ્વાસ ઉગાડ્યો છે !

થતા પુરુષાર્થમાં ભૂલ કદીક પંથે થયેલી છે,
ડરી તોયે ગયો ના છું, ફરી હિંમત ધરેલી છે.

ભૂલ્યા ત્યાંથી ફરી ગણીને પથે ડગલાં ભરેલાં છે,
કશો ફફડાટ હૈયામાં કદી ના દિલ સેવ્યો છે.

જરૂર એક દિન પહોંચાશે જીવંતો દિલ નિશ્ચય છે,
'પતિતની લાજ જીવનમાં **हरि** મુજ રાખનારો છે.'

હરિઃૐ

## શું શોધી કાઢવાનો છે !

**હરિ**ના માર્ગનું સ્પષ્ટ કશું દિશા સૂચન ના છે,
સરળ કોઈ એકધારો તે તહીં રસ્તો ન નક્કી છે.

તમારે પાડવાનો છે જીવનપથ એકલાએ તે,
પથે કોઈનોય સંગાથ ન મળવાનો જ નિશ્ચે તે.

તમારે એકલાએ તે જીવનપથ પૂછી પૂછીને
-બહુ કુટાઈ અથડાઈ શું શોધી કાઢવાનો છે !

'બહુ જ શોધંતાં, શોધંતાં મળી તે આવવાનો છે,'
હૃદય શ્રદ્ધા જીવંતીથી પથે હું તો પળેલો જે.

હરિઃૐ

# બધી હિકમત લગાવી છે

પથે અટવામણો કેવી ભયંકર તો પડેલી છે,
છતાં મુંઝાઈ ત્યારે તો ગયેલો છું ન હું સહેજે.

બધાં બાથોડિયાં મારી જવાનો માર્ગ જડવાને
-પૂછી પૂછી મળે તેને બધી હિકમત લગાવી છે.

કરી છૂટતાંય ત્યાં સઘળું, નર્યો પુરુષાર્થ કરતાંયે,
છતાં જ્યાં કંઈ વળ્યું ના છે, પડ્યા જ્યાં હાથ હેઠા છે.

તહીં નાછૂટકે મેં તો સુઝાડી માર્ગ દેવાને
-**हरि**ને સાદ પાડ્યો છે, **हरि** ત્યાં સહાય દોડ્યો છે.

હરિઃૐ

## થવાનું સૌ કરેલું છે

કદીક પરિણામની ચિંતા કશા વિશે ધરી ના છે,
મળેલાં કર્મનું જે તે થવાનું સૌ કરેલું છે.

મળેલાં કર્મનાં પાસાં બધાંનું મહત્ત્વનું જે તે
-બધું કરવા વિશે હું તો કદી ગાફેલ રહ્યો ના જે.

વ્યવસ્થિત તે પરત્વેનું બધું કરતો રહીને તે,
સદા નિશ્ચિંત બનવાનું જીવનમાં મેં ચહેલું છે.

સ્મરી સ્મરીને **હરિ** દિલમાં સ્તવ્યા દિલ મેં કરેલો છે,
**હરિ**ને મોખરે દિલમાં ધરી જે તે થયેલું છે.

હરિ:ૐ

# મળ્યું રળિયામણું કેવું

મળ્યું રળિયામણું કેવું હૃદય એકાંત *ફાજલપુર,
દરેક એકાંતનું જાદુ જુદું જુદું શું ભરપૂર !

લખાઈ જ્યાં ગીતા મુજથી શું અન્વેષણ જહીં થયું છે !
કંઈક શ્લોકોતણું હાર્દ છતું જ્યાં દિલ થયેલું છે.

શરીરનાં દર્દનાં શૂળ થવા હળવાં હૃદય મુજને
-જહીં સાધન ભજન દિલથી ઊગ્યું લલકારવાનું તે.

તહીંથી શાં ભજન મુજથી લખાવાનું શરૂ થઈને,
હજીયે યજ્ઞ ચાલુ શો રખાવ્યા તેં કરેલો છે !

હૃદય એવાં જ એકાંત હૃદયથી મહાલી જાણ્યાં જે,
હૃદયના ભક્તિ ભાવે હું પ્રણામો તો કરું તેને.

* વડોદરા તાલુકાનું મહી નદી કિનારાનું એક ગામ

હરિ:ૐ

## સૌ માફ કરજો તે

થયો પુરુષાર્થ ભારે શો ! કદીક એવું લખેલું છે,
છતાં શો હુંપણાનો ના કશો અણસાર એમાં છે.

બધો ઈતિહાસ, જીવનની થતી ગઈ સાધના શી તે !
થવાવા વ્યક્ત, મુજથી તે લખાયેલું કૃપાથી છે.

કદીક કોઈકને લાગે કશો હુંકાર તેમાં જો,
થયો વ્યક્તવ્યનો દોષ ગણી સૌ માફ કરજો તે !

જીવનમાં નમ્રતા શૂન્યતણી ટોચે પહોંચાતાં,
કૃપા તારીથી જાગૃત રહી પ્રયત્નો તો થયેલા શા !

જીવનમાં નમ્રતા એવી બધાંયે નીરખેલી છે,
બધી હોવા છતાં શક્તિ ન કોઈએ પિછાણી છે.

હરિ:ૐ

## હૃદય નાચી ઊઠે છે શું !

જીવનની કથની શી નિત્યે તને સંભળાવવાની તે,
દળી દળીને તને જે તે પદે દેવાનું અર્પી તે.

તને જે તે કહ્યા વિના હૃદય ટાઢક વળે ના છે,
ફરંતાં વહાલનો હાથ અમો પર, દિલ ઊછળે છે.

નયનનો માત્ર ઈશારો હૃદય વહાલપનો અણધાર્યો
-હૃદય અણસાર પ્રગટંતાં, હૃદય નાચી ઊઠે છે શું !

શરીરના રોમરોમેયે પ્રતિ તુજ દોડી ઊઠે છે,
થવા દિલ એક, ચાહીને તડપતું દિલ કૂદે છે.

હરિ:ૐ

## જીવનનો સ્વાદ ન્યારો છે

ખરેખર જીભ, ઇંદ્રિયના બધા તે સ્વાદ જુદા છે,
છતાં તેનાય કરતાં તો જીવનનો સ્વાદ ન્યારો છે.

જીવનના સ્વાદની આગળ બીજા સ્વાદો ઊતરતા છે,
કશી સરખામણી તેની કદી નવ થઈ શકાયે છે.

જીવનના સ્વાદની કિંમત અનુભવી માત્ર જાણે છે,
બીજાંને ના ગતાગમ તે અનેરા સ્વાદની કંઈ તે.

જીવનનો સ્વાદ અંતરમાં મળેલો ચાખવા જેને,
બધાંમાં સ્વાદ તેનો શો અનુભવથી પિછાણે છે !

હરિ:ૐ

# સમર્પીને હરિચરણે

અમારો જીભનો સ્વાદ ઊડી સમૂળો ગયેલો છે,
છતાં સ્વાદ જીવનનો તે ઝબકતો ઑર રણકે છે !

અનેરા સ્વાદનો તો છે સ્વભાવ તે પ્રસરવાનો,
પછીથી જીભમાંથી કાં થયેલો લુપ્ત ભાસે શો !

હશે કોઈક કારણ તે કળી મુજથી શકાતું ના,
પરંતુ સ્વાદ જીવનનો અધૂરો લાગતો તે ના.

શરીર માત્ર ટકવવાને યજ્ઞમાં આહુતિ ભાવે,
લીધા ભોજન કરું છું તે સમર્પીને **હરિ**ચરણે.

હરિ:ૐ

## ઉષા શી જન્મવાની છે !

(અનુષ્ટુપ)

જીવને ત્યાગ સંપૂર્ણ સ્વાર્પણ પરમાર્થ જે
-પ્રભુપ્રીત્યર્થ ભક્તિથી આચરાતાં જ શક્તિ જે. ૧

કેવી ઊગ્યા કરે હૈયે ! કિંતુ સંગ્રામ ઉગ્રથી
-પડે છે થવું સૌ રીતે પસાર, શક્તિ વાપરી. ૨

કેટલીયે પળો એવી ત્યારે જીવન જન્મતી
-ઘોર અંધારી કે જેમાં સૂઝે કૈં ન નવું જરી. ૩

અજવાળાની સહેજેયે આછી પાતળીયે કશી
-રેખા ક્યાંયે જણાતી ના, અટવાવાનું હો વળી. ૪

કેવાં બાથોડિયાં ત્યારે મારવા પડતાં પથે !
શ્રેયાર્થીને ભરોંસો શો ત્યાંયે છે જીવતો હૃદે ! ૫

આત્મવિશ્વાસ એને કે 'નર્યા અંધારમાંથીયે
-ઉષા શી જન્મવાની છે !' તે આધારથી શો જીવે ! ૬

હરિઃૐ

# જીવતો જે રળે ખરો

(અનુષ્ટુપ)

જીવને ઊગતાં ઉષા એનાં દર્શન જ્યાં થતાં,
જુદા જુદા જ શા રંગો ભભકદાર ત્યાં નર્યા ! ૧

ઉષા સૌંદર્ય નિહાળી કોઈક બ્હાવરા બને,
પચાવી શકવા **एने** કોઈની યોગ્યતા ન છે. ૨

પચાવી જે શકે તેના આનંદની સીમા ન છે,
કિંતુ ઉષા પહેલાંની દશા શી તપવાળી છે ! ૩

ઉત્કૃષ્ટ ધ્યેયની જેને અગ્નિ જેવી ભભૂકતી
-જિજ્ઞાસા દિલ છે તેવા જતા તે પાર ઊતરી. ૪

કેટકેટલું એને તો શું ભયંકર જીવને
-સહેવાનું જ આવ્યું છે, છતાં ડગ્યો નથી પથે. ૫

ડગ્યો કદીક છે, તોયે તે અણનમ શો નર્યો
-રહ્યા કરી જ સંપૂર્ણ જીવતો જે રળે ખરો. ૬

હરિઃૐ

# જ્ઞાનઉષા શી નીરખે !

(અનુષ્ટુપ)

અજ્ઞાન અંધકારે જે જાગતો ચેતતો રહે,
ઉષા સૌંદર્ય તેવાને અનુભવાય જીવને. ૧
અંધકારની રાત્રિમાં ભક્તિમાં પરોવાઈને
-નિરંતરે થતાં મગ્ન જ્ઞાનઉષા શી નીરખે ! ૨
આપમાં આપથી પૂર્ણ, આપનું ઓગળી જતું,
અંધકારથી સંપૂર્ણ તેજે અવાતું ત્યાં જતું. ૩
અજ્ઞાન અંધકારે જે નર્યો પડ્યો રહેલ છે,
તેને ઉષા વિશે કોઈ નવું દર્શન ના થશે,
એવાને ઊગતો બીજો દિન અજ્ઞાનનો ખરે. ૪
ગર્ભમાંથી થવા જન્મ વેદના કેવી કારમી,
પડે ભોગવવી, તેવું પ્રકાશ પામતાં થતું. ૫
ભાંગી પડાય સંપૂર્ણ એવી પળો શી તે સમે
-જીવને ઊગતી હોય, પાછા શા કેટલા પડે ! ૬

હરિ:ૐ

## દર્શન થાય છે તદા

(અનુષ્ટુપ)

છતાં કો વિરલો વીર ત્યાંયે શો જીવતો ટકી,
ચેતન પછવાડે શો પડી, સ્થિર ટકે વળી. ૧

હેતુ એવી દશામાંહે જેને છે ધ્યેયનો હ્રદે,
ચેતનાત્મક જીવંતો જીવંતાં, જીવતો રહે. ૨

એવાને શાં ઉષાકેરાં ભભકદાર રંગનાં
-ભર્યાં સૌંદર્યનાં કેવાં દર્શન થાય છે તદા ! ૩

બધાં સાથે ભળેલાં હો, બધાં શું વર્તતાં જ હો,
નિરાળાં તે છતાં કેવાં ચિંતવને અણીશુદ્ધ છે ! ૪

ગંભીરત્વનું ભારે શું તે ઉષાનું મહત્ત્વ જે
-ખરેખરો જ શ્રેયાર્થી પારખી શકતો હ્રદે. ૫

એવી પળો શી એવાની નવો જન્મ થવાતણી,
મહામોંઘામૂલી કેવી અનોખા તે પ્રકારની ! ૬

હરિઃૐ

# સાધના કર્મની ગાથા


(અનુષ્ટુપ)

જતાંમાં રાત્રિમાંથી તો કેવાં સંકટ કારમાં !
સહેવાં શાં પડેલાં છે અનેક જાત જાતનાં ! ૧
દિલગીરી છતાં કોઈ પ્રકાર જાગી ના કશી,
સ્હેવામાંથી જ લાલી તે ઉષાની સૂક્ષ્મ લાગી શી ! ૨
શી અનુભવવા ઉષા ઉત્કંઠા કેવી દિલમાં
-સળગેલી મને તેણે તૈયારી શી કરાવી ત્યાં ! ૩
કુટાયો, અથડાયો શો અંધારી રાત્રિને વિશે !
છતાં ના છાલ છોડ્યો છે, ચાલ્યા ત્યાં શું કરેલ છે ! ૪
'ક્યાં સુધી કાળ ર્‌હેવાનો અંધારાનો બધો પથે !'
નિશ્ચયે તે જવાનો છે શી ધરપત તેથી તે. ૫
ચાલ ચાલ કર્યાં કીધું, ચાલવે મસ્તી ધારીને,
અંત તો આવવાનો છે, જાણી નિશ્ચિત જીવને. ૬
સાધના કર્મની ગાથા ટૂંકામાં વર્ણવી જ છે,
શ્રેયાર્થીને હૃદે તે જો ગમંતાં, રંક ધન્ય તે. ૭

હરિ:ૐ

# ખંડ - ૨

# સ્મરણ ઉપાય જડિયો છે



હરિ સ્મરવો, હરિ ભજવો, અહા ! તે કેવું કિસ્મત છે !
સતત કેવું સ્મરણ વહાલાતણું જીવનનું નાણું છે.

હરિઃૐ

# સ્મરણ ઉપાય જડિયો છે

સ્મરણનું આગવું સ્થાન જીવનવિકાસમાં તે છે,
સ્મરણ અખંડથી કેવો જીવનનો ભાવ જાગે છે !

શી એકાકારતા સ્ફુરે ! હૃદય એકતાન કેવું રહે !
હૃદય એકાગ્રતાથી તે જીવનનું કેંદ્ર લાધે છે.

કૃપાથી રંક જીવનમાં સ્મરણ ઉપાય જડિયો છે,
સ્મરણથી ફેરફારોયે નવા કેવા થતા રહે છે !

સ્મરણ તો કેવું જીવનને ઘડી ઘડી ફેરવ્યા કરશે !
સુઝાડીને નવું નવું દિલ, કશામાં બાંધી નહિ રાખે.

હરિ:ૐ

# સ્મરણ, કીર્તન, ભજનભાવ

જીવનપથ પર શું કંટાળો કદીક તો દિલ પ્રગટ્યો છે !
તમન્ના આગમાં ઓટ હૃદય પ્રગટેલ જાણી છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ બીજાં એવાં જ સાધન જે
-કર્યાં કરવે, કર્યાં કરવે, ઊંધું ઘાલી મથાયું છે.

મથાવાની, અને પાછું ઢીલું પડવાની એવી જે
-જીવનની હારમાળાને વટાવાને ચહેલું છે.

'ચહેલું માત્ર' ખપનું ના, જીવનવર્તનમાં સઘળું તે,
મથ્યો ઉતારવા ખંતે, ચહી ચહીને, મથી મથીને.

હરિઃૐ

## સ્મરણની ધારણાથી ત્યાં

જીવનમાં નિજ નિજની શી સહુ સહુને પડેલી છે !
બધાં તેમાં જ ગૂંચવાઈ પડે અટવાઈ કેવાં તે !

જીવનમાં એવી પળ મુજને કંઈક વેળા શી પ્રગટી છે !
છતાં સાવધ રહેવાયું, હૃદયની જાગૃતિથી તે.

લપસી, લપસી જવાતાંમાં, જીવનની લગનીના ભાવે
-મને પડતો બચાવીને, લગનીને તેજ બનવી છે.

સ્મરણની ધારણાથી ત્યાં જીવતું રહેવાયું તેથી કૈં,
**हरि**નો દિલ આભાર શું વારંવાર માન્યો છે !

હરિઃૐ

## ભૂમિકા શી રચાયે છે !

સ્મરણ, દિલ પ્રાર્થના, કીર્તન, સમર્પણ ને નિવેદન જે
-કર્યાં કરતાં, કર્યાં કરતાં, ભૂમિકા શી રચાયે છે !

પછીથી તે હૃદય લગની જીવનમાં લાગતાં મુજને,
થયા કેવો ગયેલો છે પુરુષાર્થ બધી રીતે !

હૃદયની લગની જેની છે બધો પુરુષાર્થ તે પ્રત્યે
-હૃદયમાં એકધારો શો થયા કરતો રહે નિત્યે !

જીવનમાં એમ કરતાં તો **हरि** પ્રત્યક્ષ દર્શનની
-અનુભવવાની દિલ કેવી તમન્ના આગ લાગી છે !

હરિઃૐ

# હૃદય તેથી હું જાગ્યો જે

ટળ્યા વિના જ આસક્તિ પૂરેપૂરી બધી રીતે,
થવી એકાગ્રતા હૃદયે કદીયે શક્ય તે ના છે.

બહિર્મુખતાથી જીવનમાં થવા મુક્ત, હૃદય વિશે
-ખરેખરું ડંખતાં તીવ્ર, થયા છે યત્ન તે વિશે.

**हरि**ની ભક્તિમાં દિલને પરોવાઈ જવાને તે,
મનન ચિંતવન કર્યા કરતાં, સ્મરણ અભ્યાસ પાડ્યો છે.

જીવનની ઊર્ધ્વતમ ગતિને પ્રગટ કરવા જીવન વિશે,
શી લાગી તીવ્રતમ લગની ! હૃદય તેથી હું જાગ્યો જે.

હરિઃૐ

## ખરે રસ્તે ચઢાવ્યો છે

પ્રભુની મહેરબાની કે મને એણે જિવાડ્યો છે,
હતું આવેલું પ્રત્યક્ષ શરીર મૃત્યુથી બચવ્યું છે.

‘સ્મરણ લેવા ઉગાર્યો છે જીવંતું ભાન હૃદયે તે,’
મને એણે સ્ફુરાવીને ખરે રસ્તે ચઢાવ્યો છે.

**हरि**નો કેટલો કેવો ! મહદ ઉપકાર મુજ પર તે
-સદા દિલ જીવતો ધારી સ્મરણ લેવા ન ચૂક્યો કૈં.

કૃપા વિના **हरि** તારી થયું હોત ના જ મુજથી તે,
હું વારંવાર દિલ તેથી જઉં શો વારી વારી જે !

હરિઃૐ

# हरिना नामना घेला

**हरि** ભજવાનો દિલ ધંધો અમે સ્વીકારી લીધો છે,
**हरि**ના નામના ઘેલા હૃદય મસ્તાન કેવા તે !

સ્મરણ લેતાં હૃદયમાં શો ઉછાળો ભાવનો ઊછળે !
શરીરના રોમરોમે તે પ્રસરી ઉલ્લાસ પ્રેરાવે.

શરીરનાં સર્વ અંગોને નસેનસ નાડીઓને તે
-બનવવાને પવિત્ર દિલ થતું શું કર્મ યજ્ઞનું તે !

પરંતુ કંઈ સ્વીકારાત્મક ભૂમિકા યોગ્યતાવાળા જે,
શકે અવતારી ચેતનને નિમ્નમાં નિમ્ન શું નીચે !

હરિ:ૐ

# કૃપાથી તો મથાયું છે

**હરિ**ની યાદગીરીને થતાં કર્મો વિશે હૃદયે
-જીવંતી રાખવા ભાવે પ્રયત્નો શા થયેલા છે.

સ્મરણની ધારણા હૃદયે સતત અભ્યાસ પાડીને
-રહેવા ચેતનાત્મક તે, કૃપાથી તો મથાયું છે.

સતત અભ્યાસ નિરંતર જીવનમાં દિલ જેનો છે,
જીવનવર્તન વિશે તે તો ખરેખર મોખરે રહે છે.

**હરિ** સ્મરવાની લતને મેં શું તાણાવાણા પટ પર તે
-વણી દીધેલ નક્કરતા થકી કેવી જીવનમાં તે !

હરિઃૐ

## કૃપા તારી શી અનહદ છે !

**हरि** તેં દર્દ બક્ષ્યાં છે કૃપા તારી શી અનહદ છે !
નહિતર સાવ બુડથલ જે શક્યો કરી હોત હું સર્જન શેં !

શી જન્માવી પરિસ્થિતિ નથી છુટકારો જેથી કે,
સ્મરણ તારું કર્યાં વિના, **हरि** તુજ મહેરબાની તે.

સ્મરણ તારું થયા કરતાં વળી તુજ ભાવ પ્રગટંતા,
શરીરનાં દર્દ શાં હળવાં થતાં તે સર્વ લાગે ત્યાં !

સ્મરણનો ભાવ જીવંતો રહ્યા કેવો કરે તેથી,
દીધાં તેં દર્દ એવી એ પ્રસાદી તુજ કૃપાની શી !

હરિઃૐ

## સ્મરણ ભાવે થયેલું છે

મૂગાં મૂગાં રહીને શાં ભજનકીર્તન થયેલાં છે !
બધું કરતાં જ કારવતાં સ્મરણ ભાવે થયેલું છે.

બધાં શાં જવાબદારીનાં થતાં તે કર્મ હો ત્યારે
-ઝલક કેવી ભજન મસ્તીતણી દિલ ઊછળેલી છે !

શી ભાવાવસ્થા દિલ ઊંડી જતી વિસ્તરતી તે રહે છે !
શરીર હોમાવલીમાંયે હૃદયનો ભાવ પ્રસરે છે.

અનોખી ભાવમસ્તીમાં બરાડા ખૂબ પાડ્યા છે,
બધાં *આશ્રમનાં સ્વજનોએ નર્યું પ્રત્યક્ષ નીરખ્યું છે.

* ગાંધી આશ્રમ, સાબરમતી

હરિઃૐ

## હરિને શો ભજેલો છે !

થતાં જ્યાં જીવ ઉકાળા છે, મથીમથીને બહુ ત્યારે,
હૃદય પ્રસ્થાપવા શાંતિ **હરિ**ને શો ભજેલો છે !

**હરિ** સ્તવતાં, **હરિ** સ્તવતાં, ખરેખર સ્વસ્થ મન બનતાં,
બધી હૈયા વરાળો શી જતી શમી આપમેળે ત્યાં !

બધાં કારણનું કારણ જે હૃદય સૂઝી જતું તે છે,
બધો ઉકેલ કરવાનું સુગમ સઘળું પડે ત્યાં છે.

બધે જેમાં અને તેમાં **હરિ**નો આશરો લેતો,
સરળતા ને બધી સગવડ બધાં સચવાય ત્યારે શાં !

હરિઃૐ

# કૃપા એ તુજ ગજબની શી !

**हरि** ભજવાનું ટાણું આ કૃપાથી તેં શું બક્ષ્યું છે !
તને સંભારી સંભારી જીવન કૃતકૃત્ય શું આ તે !

શરીરને વેદના બક્ષી, વળી તે વેદના ઉત્કટ
-સ્મર્યા વિના કશો છૂટકો હવે તેં ના રખાવ્યો છે.

ભજન લલકારવા વિના સહન ના દર્દ થાયે છે,
કૃપા એ તુજ ગજબની શી સ્મરણ ઊપસાવ્યું તેં શું તે !

તને લલકારી, લલકારી, સ્તવન કરતો, હૃદય ભજતો,
તને હું દિલમાં દિલથી થયો છું પ્રાર્થના કરતો.

હરિ:ૐ

# જગતજન કંઈ ન સમજે તે

**हरि** તુજ મહેરબાની કે તને સંભારવાનો તે
-જીવન લહાવો મળેલો છે, જીવન સદ્ભાગ્ય કેવું તે !

મળેલાં દર્દથી કેવું થયું સંભારવાનું છે,
કૃપા તે નાનીસૂની ના, જગતજન કંઈ ન સમજે તે.

**हरि** સ્મરવો, **हरि** ભજવો, અહા ! તે કેવું કિસ્મત છે !
સતત કેવું સ્મરણ વહાલાતણું જીવનનું નાણું છે !

ભલે આ વેદના પીડે ! પરંતુ તેથી તો પ્રભુનું
-સ્મરણ દિલમાં થતું રહે છે, નિરંતરનું, નિરંતરનું.

હરિઃૐ

## હરિમાં શો વળાવ્યો છે !

**હરિ** વહાલાતણા કેવાં નયન લટકાં નિહાળીને,
થતા આ દર્દમાં કેવો હું ઉલ્લાસિત થતો શું તે !

બધું જે તે જગતમાં છે કળા તારીથી વિકસે છે,
બધું સારું અને નરસું વિશે તારી કળા શી છે !

સકળ બ્રહ્માંડ આ તારી કળાનું સર્વ સર્જન છે,
કળા જે એવી ગૂઢ **હરિ**ની કરી દર્શન, નમું તુજને.

**હરિ**ને દિલ અનુભવવા લગન લાગેલી જે દિલ છે,
વિવિધ રીતે મથાવીને **હરિ**માં શો વળાવ્યો છે !

હરિઃૐ

# हरि प्रत्यक्ष वर्त्यो छे

જુદી જુદી રીતે તારું સ્મરણ પ્રગટાવવાની તે,
કળા અદ્ભુત શી ન્યારીયે ખરેખર તારી કેવી તે !

રવડતા રાંકડા જનને પિલાઈ મરતો શું જીવને !
પ્રભુ ! તેં ઊંચકી તેને ઉપર શો લાવી મૂક્યો છે !

થવા તારું સ્મરણ મુજને શરીરનાં દર્દ સોંપ્યાં છે,
કર્યા વિના સ્મરણ આરો હવે મારો ન ક્યાંયે છે.

શી આપોઆપ દિલ મારે અખંડ સમગ્રતા શી એ
-સ્મરણ ભાવમહીં પ્રગટી, **हरि** પ્રત્યક્ષ વર્ત્યો છે.

હરિ:ૐ

# પ્રયત્નશીલતા રહી શી !

શી *ગબલાચોથ જીવનમાં થતી મુજથી રહેલી છે !
છતાં તેનું લગીરેયે મને ના ભાન જાગ્યું છે.

'હતો બુડથલ હું સંપૂર્ણ' મને હાવાં જણાયું તે,
સ્મરણ લેવાનું બનતાંમાં, શું ઊગવા ભાન લાગ્યું છે !

હૃદયના ભાનથી તેવા જીવનનાં સર્વ પાસાંની
-બધી અયોગ્યતાની તે ઊગ્યાં સમજણ કરેલી શી !

વિના તે યોગ્ય સમજણ જો થયાં સાધન ભલે સૌ છો,
પરિણામ વિશે કેવો ફરક ભારે પડે ત્યાં શો !

થતાં સાધન વિશે તેથી જીવનના ધ્યેય હેતુની
-હૃદય ઉગાડવા સમજણ પ્રયત્નશીલતા રહી શી !

* ઠામઠેકાણા વિનાનું, ગરબડવાળું

હરિ:ૐ

## પછી ફિકર શી અમને છે !

થતી સૌ વેદનાથી તો ધબકતું શું સ્મરણ રહે છે !
ભજન લલકારવાનો શો જીવન મોકો મળેલો છે !

જીવનમાં કંઈ ન મિથ્યા છે, બધાંમાં મૂળ હેતુ છે,
મળ્યું તે હેતુપૂર્વકનું, થયું હેતુથી શું તે તે !


જીવનની ઊર્ધ્વ ને દિવ્ય ભૂમિકાની વિશેનો જે,
હજી સંપૂર્ણ ગૂઢ હેતુ કળી ના તે શકાતો છે.

છતાં સુકાન તુજ હાથે પછી ફિકર શી અમને છે !
ભલે દરિયે ડુબાડી દે સલામત તે છતાં શા તે !

હરિ:ૐ

# ખંડ - ૩

# हरिलीला



હરિ તુજ ઓથને લીધે ચરણ મુજ જોર શું રહે છે !
ટટારી કેવી તેજસ્વિત ! હરિ તુજ ઓથ અદ્‌ભુત છે.

હરિઃૐ

## हरिलीलातणां दर्शन

જીવનની કેવી બલિહારી ! જીવન સૌંદર્ય અદ્‌ભુત છે,
નિહાળીને નિહાળીને હૃદય આનંદ ઊભરે છે.

સતત વહેતો રહેતો જે ઝરો કદી તે ન ખૂટતો છે,
અસ્ખલિત શો વહ્યા કરીને લીલુંછમ સૌ બનાવે તે !

જીવનની શી જુદી ભાત નૂતન શી ઊપસાવી છે !
**हरिलीला**તણાં દર્શન હું પામી ધન્ય થઉં છું જે.

હવે તો પ્રકૃતિથી જે બધી માયા વિશે મુજને
-**हरि** નર્તતો શો અદ્‌ભુત ! અનુભવમાં નિહાળ્યો છે.

હરિઃૐ

# हरिलीला બતાવી શી !

**हरि**ને ચાહવાની જે હૃદયમાં લત પડેલી છે,
હૃદયને ચાહવામાં શી લહેજત ઑર આવે છે !

મનન ચિંતવન **हरि**નામાં લગાતાર મનાદિ શાં
-શું આકર્ષાયેલાં રહે છે ! **हरि**નું જાદુ એવું ત્યાં.

હૃદય નિજનો કરી લઈને બધી સ્વતંત્રાતા બક્ષી
-પ્રવેશાવી શું અંતઃપુર **हरिलीला** બતાવી શી !

બધા પડદા ખસેડાવી શું અંતરપટ લગીર સરખું
-કશાનું ના કશું રાખ્યું, નર્યું દર્શન બધું ખુલ્લું.

હરિઃૐ

# કૃપા એવી હરિની છે

જીવનને મેં ઢસરવાનું કર્યાં કદી ના કરેલું છે,
જીવનની ભવ્યતામાં શો જીવન જીવવા મથેલો જે !

જીવનના ઉચ્ચતમ દિવ્ય પ્રદેશે ખેલવા કૂદવા,
હૃદય રમમાણ રહેવા શો સતત ઉદ્યત રહેલો ત્યાં !

થતા પુરુષાર્થ તે રીતના બધા જે તે કર્યા જઈને,
**હરિ**ની ધારણા દિલમાં મથ્યો જીવંતી ધરવાને.

**હરિ** શો સહાય કરવાને ઉમળકાથી મથે તેને
-નિરંતર દિલ તત્પર છે ! કૃપા એવી **હરિ**ની છે.

હરિઃૐ

## હું તો મારે હરિચરણે

કદીક તો જેને તેને હું કહી દઉં સ્પષ્ટ છે તેવું,
થઈ નારાજ મુજ પ્રત્યે સમજી લે છે કહ્યું અવળું.

મળેલાંનો સમગ્રે શો વિરોધ જે સ્ફુરેલો છે,
શિરે તે બોજ વહોરીને ફર્યો સૂતો નથી સહેજે.

બધી દુનિયા જ પોતાની રીતે સમજી, ગ્રહી લેશે,
હું તો મારે **हरि**ચરણે જીવું છું લક્ષ ધારીને.

બધું બનતું, થતું જે જે **हरि**ને તે નિવેદીને
-હૃદય નિશ્ચિંત સૌ વાતે રહેવાતું, કૃપાથી તે.

હરિઃૐ

## થતાં સંપૂર્ણ હરિના જ્યાં

અમારી જિંદગાનીનું પુરુષાર્થ, તપશ્ચર્યા
-કરી કરી મેળવેલું તે સમર્પ્યું છે **હરિ**પદમાં.

જીવનમાંનું અમારું સૌ અમે રાખ્યું અમારું ના,
સમર્પીને સમર્પી પદ અમે ખાલી જ ખાલી શા !

'ગણાયે કંઈ અમારું જે' હવે કશું ના રહેલું છે,
તપશ્ચર્યાનું ફળ હાવાં ચરણઅમૃત લાધ્યું છે.

થતાં સંપૂર્ણ **હરિ**ના જ્યાં, બધું વળતર **હરિ**એ જે
-ભરીને પેટ વાળ્યું છે, કમીના કંઈ ન રાખી છે.

હરિઃૐ

# **हरि** તુજ ઓથ અદ્‌ભુત છે

હૃદય તુજ ઓથ સંપૂર્ણ, જીવનમાં તેથી નિશ્ચય છે,
હૃદય રણકાર તુજ ઓથે શું ચેતનવંત પ્રગટે છે !

**हरि** તુજ ઓથને લીધે ચરણ મુજ જોર શું રહે છે !
ટટારી કેવી તેજસ્વિત ! **हरि** તુજ ઓથ અદ્‌ભુત છે.

સ્વયંભૂ શક્તિ જીવનની **हरि** તુજ ઓથને લીધે,
પ્રકાશી જ્યોત ઝળહળતી હૃદય મુજ કેવી ઝળકે છે !

**हरि** વહાલાની શી ઓથ ચમત્કારિક અદ્‌ભુત છે !
જૂના રૂપને નવું રૂપ **हरि** પલટાવી શું દે છે !

હરિઃૐ

## પડાતાં સાદ હરિને ત્યાં

ભયંકર ઊંડી નિરાશા શી વ્યાપતી ઉગ્ર લાગે છે !
મથામણમાં મીંડું ત્યારે વળી જતું સાવ લાગે છે.

કૂંડાળે એકના એક વળી પાછું વળાયે છે,
પથે ત્યાં ઠેરના ઠેર બહુ મથતાં જ રહેવાયે.

મથામણના વિચારોમાં ઊંડા ઊંડા મથી, ચહીને,
ઊતરવાને ઊંડું અંતર, છતાં ત્યાં ના ફવાતું છે.

કૃપાથી પ્રાર્થના આર્ત હૃદય આર્દ્ર થઈ થઈને
-પડાતાં સાદ **હરિ**ને ત્યાં, કંઈક હળવાશ લાગી છે.

હરિઃૐ

## મળંતાં તુજ સહારો જ્યાં

હૃદય તુજ ઓથને લીધે હૃદય મુજ બળ ટકેલું છે,
ભલભલાની આગળ પણ ઊભો છું છાતી કાઢીને.

**हरि** મુજ વાણીમાં કેવું શહૂર અજબ ગજબનું તે
-ઊગે ! તુજ ઓથને કારણ, અનોખું તેજ ઝળકે છે.

નમાલો સાવ જે પહેલાં હતો, તૃણ સળેકડું જેવો
-મળંતાં તુજ સહારો જ્યાં, હવે ત્રાટકતો તે કેવો !

બલિહારી હું શી ગાવું **हरि** તુજ ઓથની દિલ જે,
લળી લળીને નમસ્કારો પ્રણિપાતો કરું ભાવે.

હરિઃૐ

## हरि તુજ શક્તિ આધારે

કૃપાબળના જ આધારે જીવનમાં મેળવાયું છે,
નહિતર એ વિશે મારું કશું પણ કંઈ ગજું ના છે.

કૃપાબળના જ આધારે **हरि**ની ધારણા થઈ છે,
જીવનમાં **ગુણ** ને **ભાવ**, હૃદય શક્તિ બઢેલાં છે.

**हरि** તુજ શક્તિ આધારે સળેકડું પહાડ ચઢતું છે,
સમુદ્રો સાત પણ કેવા તરીને પાર કરતું છે !

જીવન વ્યવહાર **हरि**નો છે, **हरि**થી ને **हरि**માં તે,
-હવે નિશદિન રમવાની, અમારે મોજ પ્રગટી છે.

હરિઃૐ

# હૃદય તુજ ઓથથી હિંમત

**हरि** તુજ ઓથથી કર્મ સધાયાં છે ભગીરથ તે !
ભગીરથ ફાળ મુજથી શી જીવનમાં તો ભરાઈ છે !

બધી મુશ્કેલી જીવનમાં ભયંકરમાં ભયંકર જે,
**हरि** મુજ સમ મગતરાથી કૃપાઓથે તરાઈ છે.

તણખલું સાવ નાનકડું કરી કરી શું કરી શકશે ?
પરંતુ ઓથથી પર્વત હિમાલય તો ચઢાયો છે.

હૃદય તુજ ઓથથી હિંમત, પરાક્રમ, જોમ પ્રગટે છે,
ન માન્યામાં કદી આવે થતાં રહે કર્મ એવાંયે.

હરિઃૐ

## કૃપામૃતનું જ લક્ષણ તે

**हरि** તુજ સોબતે કેવી પ્રતિષ્ઠા મુજ થયેલી છે !
કશામાં ગણતરી જેની નહોતી, **आज** ઝળકે તે.

ન કાવડિયોય સરખો 'તો મને કોઈ જ દેતું'તું,
હવે તુજ સાથ જોડાતાં પડ્યું છે કંઈક ઠેકાણું.

હવે ઇજ્જત, પ્રતિષ્ઠા છે, પુછાતો ચાર જણમાંયે,
કરામત તે બધી તારા સ્મરણ શક્તિની સાચી છે.

નધણિયાતો હતો પૂરો, ચરણ તારે ઢળંતાં જે,
હવે કિંમત થવા લાગી, કૃપામૃતનું જ લક્ષણ તે.

હરિ:ૐ

# हरि મુજ એકલો તું છે

જગે સંભાળ લેનારો **हरि** મુજ એકલો તું છે,
કદીયે મૃત્યુ પણ તુજથી મને ના છોડવી શકશે.

હૃદય નાતો **हरि** મારો હૃદય બંધાયેલો જે છે,
હૃદયના ભાવ ઝરણાંથી સતત ઊછર્યાં કરેલો છે.

મને તારા વિના ઘડી પળ જરા ના ચાલવાનું છે,
જીવન વિશ્વાસથી તારા નભ્યાં કરતું રહેલું છે.

ગમે તેવો છતાં મુજને નભાવી તેં લીધેલો છે,
હવે ઢળી તુજ પદે મારે કશી ના જુમ્મેદારી છે.

હરિઃૐ

## હૃદયના પ્રેમનો ભાવ

**हरि, हरि,** દિલથી ઊંડો તને પોકાર પાડીને,
હૃદય પ્રસ્થાપવા તુજને અમે આમંત્ર્યો દિલથી છે.

તને પધરાવવાની તે ન, જાણું રીતરસમ પણ કૈં,
‘હૃદયના પ્રેમનો ભાવ’ હૃદય તૈયારી સાચી તે.

પૂરો સંતોષ વળતાંમાં અમારાથી **हरि** દિલને,
જીવનનું ધન્ય તે બનવું અમારું સૌ **हरि**ચરણે.

હું નાલાયક છું સંપૂર્ણ, છતાં તારે ચરણકમળે
-ઢળી, કંઈક થયો લાયક કને તુજ બેસવાને તે.

હરિઃૐ

# ખરું જીવવું જ જાણ્યું તે

વિના તારા જીવનમાં ના અમારે ચાલવાનું છે,
તને સંભારી, સંભારી પળેપળ, જીવવાનું છે.

જગે બચવા અમારે તો વિના તારા ન આરો છે,
તને આધારમાં જકડી અમે દિલ પકડી રાખ્યો છે.

વિના તારા કશું અમને હૃદયમાં કંઈ ન ગમતું છે,
ભજી ભજીને, સ્તવી સ્તવીને તને, દિલ રાચવાનું છે.

તું પ્રાણાધાર જીવનનો બધી રીતે અમારો છે,
વસી તારા વિશે જીવવું, ખરું જીવવું જ જાણ્યું તે.

હરિ:ૐ

## હુકમ **હરિ**નો ઉઠાવ્યો છે

ઊછળતા દિલ ઉમળકાથી હુકમ **હરિ**નો ઉઠાવ્યો છે,
હુકમને પાળતાં કેવું ઉછાળા દિલ મારે છે !

હુકમમાં શેઠ નોકરનું, હુકમમાં શિષ્ય ગુરુનુંયે,
હુકમમાં પત્ની પતિનુંયે, જુદું અસ્તિત્વ કશું ના છે.

હુકમ દિલબરનો ગૂઢ છૂપો નયન અણસાર દિલનો છે,
હૃદયમાં પ્રવેશવા હુકમ નયનનું જાદુ કૌવત છે !

હૃદય ધડકાર **હરિ** અમ છે, નયન ચમકાર **હરિ** અમ છે,
હૃદયનો પ્રેમ દરબાર શું શોભે માત્ર **હરિ**થી તે !

હરિઃૐ

# અમે નિશ્ચિંત **હરિ**નાથી

કૃપાના બળ પરે માત્ર જીવનમાં જીવવાનું છે,
સકળ આધાર જીવનનો **હરિ**ની પર અમારો છે.

**હરિ**ને તેથી સ્તવી સ્તવીને હૃદય સંબંધ બાંધ્યો છે,
જીવનની સર્વ બાબતમાં હૃદયનું લક્ષ્ય **હરિ** પ્રત્યે.

પૂછ્યા વિના **હરિ**ને તો અમે ડગલું ન પણ ભરીએ,
બધું અંતરમાં છુપાઈ **હરિ** અમને સ્ફુરાવે છે.

જીવનના પાઠ સઘળાયે ભણાવે છે, ગણાવે છે,
અમે નિશ્ચિંત **હરિ**નાથી જીવનમાં તો બધી રીતે.

હરિઃૐ

## પ્રભુપ્રીત્યર્થના ભાવે

કશી કંઈ પ્રાપ્તિની આશા કદી પણ મન ન ધારી છે,
પ્રભુપ્રીત્યર્થ જે કર્મ હૃદય તે માટ પ્રાર્થ્યું છે.

વળી તે તે વિશે **હરિ**ને 'યથા યોગ્ય થવા' કહ્યું છે,
ફગાવી બોજ દેવાને કદી દિલ ના ચહેલું છે.

મળેલાં કર્મની સઘળી ફરજ દિલમાં સ્વીકારીને,
પ્રભુપ્રીત્યર્થના ભાવે કરી કરી, પદ સમર્પ્યું છે.

શિરે આવેલ જે કર્મ ઉમળકાથી કરેલું છે,
**હરિ**ને દિલ રીઝવવાને થતું જે જે, સમર્પ્યું છે.

હરિ:ૐ

# લઈ આધાર एनो હું

જીરવવું પાત્રતા વિના બહુ મુશ્કેલ, અઘરું છે,
કૃપાથી તેવી ભૂમિકા થવા પાત્ર જ મથેલો જે.

ગયું મળતું, પચવવા તે જહીં દિલ શક્તિ લાધી છે,
પછીથી આગળે મેળે વધાતું તો જવાયું છે.

વધાતું તે જવાયાનું ખરું લક્ષણ મળેલું કે
-બરાબર જે પચી સર્વ મળતી શક્તિ ગયેલી છે.

**हरि** મુજ રાંક જીવનનો સહારો ને સિતારો છે,
લઈ આધાર **एनो** હું કૃપાથી શો બનેલો જે !

હરિઃૐ

# **हरि**ની સાથ વ્યવહાર

બધીયે છૂટ લેવાની **हरि** સાથેની મહોબત છે,
હૃદયના પ્રેમને બંધન ન કોઈ પ્રકારનુંયે છે.

**हरि**ની સાથ વ્યવહાર અમારો કોઈ અનોખો છે,
ગમે તેમ વર્તવા છૂટ અમે શી લઈ લીધેલી છે !

પરસ્પરના હૃદયનો જે હૃદય સંબંધ ન્યારો જે,
ન વચ્ચે આડખીલીને કદી પણ પેસવા દે તે.

પરસ્પરના હૃદય વચ્ચે થયેલું ઐક્ય દિલ દિલનું
-રસીલું, મસ્ત આકર્ષણ જમાવે શું પરસ્પરનું !

હરિઃૐ

## અમારો પ્રેમનો દાવો

બળાપા ને કઢાપા સૌ પદે તુજ ઠાલવી દઈએ,
રખે કંટાળશે તેથી ન તેનો ખ્યાલ પણ ધરીએ.

બધી જંજાળ, ઉકળાટ હૃદય અમને થયેલો જે,
ઊકળી, ઊકળી જઈ તુજ પર તને ભેળાવી તે દઈએ.

તને હેરાન કરવાનું કદીક તો દિલ ગમે મુજને,
પરોણા ઘોંચ કરી કરીને પજવવું દિલ ગમે તુજને.

છતાં માફી ન માગી છે, નગુણો સાવ નિર્લજ જે,
અમારો પ્રેમનો દાવો **हरि** તુજ પર શો એવો છે !

**हरि**નો પ્રેમ દિલ દિલનો ભભૂકેલો હૃદય અમ જે
-થતો રહે વ્યક્ત **આ** રીતે, અમે હોવાથી તુજ હૃદયે.

હરિઃૐ

# હૃદયસંબંધ એવો છે

ધરી આધાર જીવવાનું હવે **हरि** પર અમારે છે,
છતાં પરતંત્ર કોઈ રીતે છીએ વ્યવહારમાં ના કૈં.

બધું જે આવતું કૈં છે, હવાલો તેનો **हरि**ને તે!
-અમે સોંપી દઈ સઘળો, પૂરા નિશ્ચિંત શા છીએ !

કદી કાકલૂદી પણ કરીએ, કદી ગુસ્સો કરી લઈએ,
કદીક ગાળો જ ભાંડીને પૂરા ખુલ્લા જ પદ થઈએ.

ચઢેલી ચીઢ **हरि** પર પણ કદીક તો ઠાલવી દઈએ,
ગમે તેવું જ સંભળાવી અમે દઈએ **हरि**ને તે.

ન મર્યાદા કશીય પણ તે **हरिની** સાથ તો ધરીએ,
અમારો ને **हरि**નો શો હૃદયસંબંધ એવો છે !

હરિઃૐ

## સહારો એ જ મોટો છે

નિરાશામાંય આશાનો પકડી તંતુ રખાયો છે,
નિરાશામાંથી નીકળવા હૃદય શ્રદ્ધા શી તેથી છે !

'ટકી ટકીને નિરાશા તે સમય કેટલો જ ટકશે તે ?
જરૂર છૂટી જવાની છે' હૃદય સમજણ પડેલી તે.

જીવનમાં ચઢ ઊતરનોયે સળંગે ક્રમ બધાંમાં છે,
પછી અપવાદ હું ક્યાંથી રહી શકું તે કઈ રીતે ?

અવસ્થા સર્વમાં દિલથી **हरि**ને પ્રાર્થના થઈ છે,
સહારો એ જ મોટો છે, કૃપાથી જે મળેલો છે.

હરિઃૐ

# દુંદુભિ નાદ ગજવે છે

**हरि, हरि** દિલમાં તો શો અકલ્પ્ય સૂર નીકળે જે
-બધા આધારમાં વ્યાપી દુંદુભિ નાદ ગજવે છે.

હૃદયની ભાવની ઊંડી ગહનતા, ગાઢતા જાગ્યે
-નિરંતરની થતાં, સહેજે મળંતી પ્રેરણા રહે છે.

જીવન ચેતનની શક્તિની નરી જે વાસ્તવિકતા છે,
મળંતી પ્રેરણા વર્તન થકી પરખાઈ આવે તે.

હૃદયની પ્રેરણાથી જે જીવનની વાસ્તવિકતાનું
-સહજ નક્કરપણું ઊગી નીકળતું આપમેળેનું.

હરિઃૐ

# ઈશારા તુજથી ચાલે છે

અમે તો માત્ર વાણોતર અમે **हरि**પદના જીવનમાં,
**हरि**ના ભાવનો ધંધો હાવાં ઉપાડી લીધો છે.

કશી કુનેહ, કૌશલ્ય વળી ધંધાની આવડત જે
-અમારામાં બળી ના છે, છતાં સંભાળી તું લે તે.

અમારો સર્વ વ્યવહાર ઈશારા તુજથી ચાલે છે,
રમકડાં ખાલી શાં માત્ર અમે જીવનમાં **हरि**નાં તે.

રમાડે તેમ રમવામાં હૃદય આનંદ ભરપૂર છે,
હૃદય **हरि**ભાવ રસ તાને સુરીલા સૂર નીકળે છે.

હરિઃૐ

# **હરિ**ના ભાવના સ્રોતે

**હરિ** સ્મરવા, **હરિ** ભજવા કટિબદ્ધ થઈ દિલમાં
-થવા મનને કસેલું છે, મનન ચિંતવન **હરિ**નામાં.

જતાં રહે વેંતમાં તેના મનાદિ મૂળ સંસ્કારે,
**હરિ**ના ભાવના સ્રોતે વહેવાને મથેલો જે.

નિરંતરની જ ગડમથલે જીવન ગજગ્રાહ પ્રત્યે તે
-સતત ટકવા હૃદય ગમથી **હરિ**ને ત્યાં ભજેલો છે.

હૃદય જે તે પ્રસંગોમાં **હરિ** પ્રત્યે જ વાળીને
-**હરિ**માં એકધારું દિલ થયા યત્ન ટકવવાને.

હરિઃૐ

## **हरि**ની પ્રેરણા ભાવે

**हरि**માં દિલ તદાકાર ટકે, એવા પ્રયત્નોમાં
-નિરંતરની મથામણમાં પરોવાયેલ શો ચિત્તમાં !

**हरि**ની ભાવનાની તે હૃદયમાં ધારણા જીવતી
-શી એકાકાર ટકવાને **हरि** ભજવા ચહ્યું દિલથી !

**हरि**ની ભક્તિ જીવનમાં કૃપાથી તો સ્ફુરેલી જે
-મને એણે ટકાવીને **हरि**માં શો દઢાવ્યો છે !

સ્મરણ ચિંતવન વિશે **हरि**માં સદા મુજ દિલ રહેવાને,
-**हरि**ની પ્રેરણા ભાવે જિવાયું છે, જિવાયું છે.

હરિઃૐ

## હૃદય ઓતપ્રોત હરિરસમાં

હૃદય ઓતપ્રોત **હરિ**રસમાં થવાને દિલ ઉત્કંઠા
-ભભૂકેલી, રહે છાની કઈ રીતે પછી મનમાં ?

પડી કેવી જ પછવાડે સતત ગોદાટી કીધી છે !
મને શી કોઈ કોઈ રીતે મનનમાં તો પરોવ્યો છે.

ગમે તે છો પરિસ્થિતિ, પરંતુ તે વિશે **હરિ**માં
-અકળ કોઈ અનોખી રીત થકી દિલ મન દઢાવ્યાં શાં !

**હરિ** અંતરનો શો પોતે બધે વ્યક્ત થતો રહે છે !
શું અંતર બહાર **હરિ** રમતો નિહાળી દિલ રાચે છે !

હરિઃૐ

# બધાંનોયે **हरि** તો છે

અમારો કોઈ પણ દાવો **हरि** પર તો ન ચાલે છે,
છતાં કોઈ રીતથી અમને ન તાબેદાર રાખે છે.

**हरि**ની સાથ મહોબતની જીવનની સ્નેહ દોરી છે,
**हरि**ની ભક્તિ સાંકળમાં હૃદય બંધાયેલું રહે છે.

અમે **हरि**ના, **हरि** અમ છે, છતાં અમ એકલાનો તે
-**हरि** કેમે કર્યો ના છે, બધાંનોયે **हरि** તો છે.

પડ્યાં પાનાં **हरि** સાથે, વરેલાં દિલ **हरि**ને તે
-**हरि**ને ચાહી ચાહીને હવે બસ જીવવાનું છે.

હરિઃૐ

## કળા કેવી મઝેની છે !

મનાદિને પલળવા તેં દીધાં કેવાં કળે કરીને !
**हरि** તુજ ભક્તિ બક્ષીને હૃદય આકર્ષી લીધું છે.

નયન, દિલ બસ હવે તુજને નિહાળ્યાં મસ્તીથી કરવે
-સતત ગુલતાન, રમમાણ રહ્યા કેવાં કરેલાં છે !

અહા ! આકર્ષણે મુગ્ધ થવાયું લુબ્ધ તુજમાં તે,
અદીઠી ને અગમ્ય તુજ *કળા કેવી મઝેની છે !

મનાદિયે હૃદય તુજ પર પૂરાં મોહી પડેલાં છે,
હવે શાં માત્ર દિલ એક તને ઝંખ્યાં કરે છે તે !

* કળા અદ્‌ભુત, રસીલી છે

હરિઃૐ

## हरि તુજ ભાવથી રસબસ

હવે સંપૂર્ણ નિશ્ચિત પૂરો પરવારી બેઠો છું,
**हरि, हरि** એકલાકેરી પ્રગટ મસ્તીની ધૂનમાં છું.

**हरि** તારાં ચરણકમળતણો શો સ્વાદ અમૃત છે !
મળ્યો જે ચાખતાં દિલમાં, ફુવારો ભાવ ઊડતો છે.

હવે ઠરતી નથી અંતર નજર તારા વિના ક્યાંયે,
**हरि** તુજ ભાવથી રસબસ થવાયાની મજા શી દિલ !

*જીવનમાં ગાંડપણ ભક્તિતણું લાગેલ કેવું છે !
સતત આકર્ષણે તારા તણાવાનું જ ગમતું છે.

* શી ધીંગી ભક્તિનું તારી શું આકર્ષણનું જાદુ છે.

હરિઃૐ

## થયો તેથી કૃતાર્થ જ તે

પ્રફુલ્લિત ને ખીલેલાં જે ફૂલો તાજાંતણી શી જે
-નરી ફોરમ ને સુરભિ તો અનુપમ ને રસીલી છે.

જીવન એવું શું સ્વાભાવિક કૃપાથી તો બનવવાને
-મથેલો ભાન તે સાથે હું એકાકાર એકાગ્રે.

સતત **हरि** ભાવનાની તે હૃદયમાં ધારણા પ્રત્યે
-સજાગ પૂર્ણ ટકવા શું સ્મરણ ચિંતવન થયેલું છે !

**हरि**એ તે કૃપા કેવી પતિત મુજ પર કરેલી છે,
હૃદયથી વારી વારીને થયો તેથી કૃતાર્થ જ તે.

હરિઃૐ

## જીવન સર્વસ્વ **हरि** હૃદયે

સમર્થોનેય ચઢી જાય સમર્થ શ્રેષ્ઠ એવો છે,
**हरि** સમ કોઈ ચઢિયાતું સકળ બ્રહ્માંડમાં ના છે.

હૃદય સત્કાર કરવાને સતત ઊભો રહેલો જે,
કશી પહેચાન સરખીયે **हरि** એવાની કોને છે ?

જીવન જીવવાનું તો માત્ર **हरि**ની ભાવના પર છે,
**हरि**ને જીવતો ધરવા ધગશનો શો ઉમળકો છે !

જીવન સર્વસ્વ **हरि** હૃદયે, જીવનશક્તિ વળી **हरि** છે,
બધું જે તે જીવનમાંનું **हरि**થી પ્રેરણાત્મક છે.

હરિઃૐ

# હૃદય ચિંતવવા હરિ માત્ર

જીવનની અટપટી રીતો અનેકેવિધ કેવી છે !
પરસ્પરથી વિરોધીયે જીવનમાં કેવી મળતી છે !

સમન્વય દિલ સંપૂર્ણ કરી શ્રેયાર્થી શો લે છે !
ન ગૂંચવાડા વિશે કેમે પડી શ્રેયાર્થી ના રહે છે.

સતત જેમાંથી તેમાંથી હૃદયમાં પ્રેરણા લે છે,
વિકસતા ભાવ **હરિ**નો તે હૃદય ઉદ્યત સદા રહે છે.

હૃદય ચિંતવવા **હરિ** માત્ર બધો વ્યવહાર જેનો છે,
જીવનનો ભક્ત એવો તો હૃદય રમમાણ **હરિ**માં છે.

હરિઃૐ

# મને આશ્ચર્ય **हरि** તું જ છે

સ્મરણ તારું હૃદય લેતાં રહેતાં, છંદ લાગ્યો છે,
હૃદય તુજ છંદ લાગ્યાથી પરોવાયાં મનાદિ છે.

સ્મરણના ભાવનો નાદ છૂટી શકતો હવે ના તે,
શું શ્વાસોશ્વાસની પેઠે અણુ અણુમાં જ રણકે છે !

સ્મરણના નાદના ભાવે **हरि**ની ધારણા જીવને
-સજીવન શી સચેતન તે કૃપાથી તો થયેલી છે !

હવે તો **श्रीहरि** મારા જીવનનું સર્વ કંઈ પણ છે,
પનારે તુજ ઢળેલાને મને આશ્ચર્ય **हरि** તું જ છે.

હરિઃૐ

## બધી માયા હરિની તે

કશુંક જે મરતું લાગે છે, નવું સર્જન થવા વિશે,
શી તેની પ્રક્રિયા તે છે, રૂપાંતર શું થવામાં છે !

જીવનમાં એમ પ્રત્યેક શી પળ, રૂપાંતરે તે છે !
શું પળ પ્રત્યેકનું નોખું સ્વરૂપ જુદું જ જુદું છે !

શી પળ પ્રત્યેક પાછી તે અનંત પળ બધી જે છે
-રહેલી સંકળાયેલી, નથી નોખું કશું પણ તે.

બધું એકમેકથી કેવું વણાયેલું જ છે સાથે !
છતાં તેવું ન લાગે તે, બધી માયા **હરિ**ની તે.

હરિઃૐ

## हरि શો સર્વશ્રેષ્ઠ જ છે !

જીવન ધ્યેયતણા ભાને હવે **આ** જીવવાનું છે,
સીધુંસટ થઈ ગયેલું સૌ, નજર પ્રત્યક્ષ પથ જે તે.

પ્રભુપ્રીત્યર્થ જીવનમાં હવે કરવાનું જે તે છે,
**हरि**ની ધારણા વિના પ્રવેશાતું કશે ના તે.

**हरि**ને એકલો માત્ર મહત્ત્વે મોખરે ધરીને
-જીવનમાં વર્તવાનું છે, હૃદય લક્ષ્યે પરોવીને.

હવે ના વાત કંઈ બીજી **हरि** વિના અમારે છે,
અમારે માત્ર જીવનમાં, **हरि** શો સર્વશ્રેષ્ઠ જ છે !

હરિ:ૐ

# બધી સંભાળ હરિ લે છે

કશાની આળપંપાળ કશી ઝાઝી કરી ના છે,
નજર શી નાકની દાંડી તરફ રાખ્યા કરેલી છે !

કદીક વાંકું જવાતાંમાં વલણ, વૃત્તિ સ્ફુરે જ્યાં તે,
જીવનપથનું બધું યોગ્યપણું જે તે બતાવે છે.

કદીક પોકળપણું મનનું તરત પરખાઈ આવે છે,
'પરીક્ષક છો તમે કેવા' હૃદય સમજાઈ જાયે છે !

સતત જે ધ્યેયમાં જીવતો, સદા નિશ્ચિંત તેવો છે,
બધી સંભાળ **હરિ** લે છે, **હરિ**માં બુદ્ધિ જેની છે.

હરિઃૐ

# નર્યા સાધનના અભ્યાસે

ગરજ, રસ, લગની ને સ્વાર્થ ખરાં જ્યાં જાગતાં રહે છે,
ગતાગમ વર્તવાની ત્યાં પડ્યા કરતી રહે શી તે !

ગરજ ઉત્કટ કરે બુદ્ધિ ખરેખર તેજ તે વેળા,
ઉકેલો ઝટ બતાવી દે, જવું પડતું ન પૂછવા ત્યાં.

સમજી લેવા બધું ત્યારે શી તત્પર બુદ્ધિ છે પોતે !
બિરાજેલો **हरि** ગૂઢ ત્યાં સચેતન શો થતો છે તે !

કૃપા એને હું સમજું છું, મદદ **हरि** આપ ચઢતો છે,
બધો આધાર જીવનમાં લગની ઉત્કટ પરે શો છે !

ગરજને તીવ્રતમ જલતી જલાવાને જીવનમાં તે
-નર્યા સાધનના અભ્યાસે મથ્યા કરતો રહ્યો નિત્યે.

હરિ:ૐ

## કદીક તો વ્યક્ત શું પોતે

**हरि** વહાલા અમારાની અજબની સાહ્યબી શી છે !
**हरि**ની સાહ્યબી આગળ શી ફિક્કી બાદશાહીયે !

શી મેંદી પાનમાં લાલી છુપાયેલી રહેલી છે !
અમારા સ્વામીની તેવી છુપાયેલ સાહ્યબી તે છે.

થતો કુદરતની દ્વારા તે કદીક તો વ્યક્ત શું પોતે !
નયન, દિલ લાવવાં ક્યાંથી પરંતુ તે નીરખવાને ?

**हरि**ની ભક્તિથી જેનું હૃદય રંગાયેલું રહે છે,
ખરે ! શા ભાગ્યશાળી દિલ **हरिलीला** નીરખવાને.

હરિઃૐ

# हरि તુજ સ્પર્શનો મહિમા

જીવનના ધ્યેયનું ભાન જીવંતું જ્યાં સુધી દિલ છે,
પૂરેપૂરો હું નિશ્ચિંત ત્યહીં સુધી બધી રીતે.

રખડવા છો ભલે જઉં, છતાં તે ભાન જાગેલું
-મને ખેંચી જ ઠેકાણે, જરૂર તે લાવવાનું છે.

જબરજસ્ત મહામોટા ચરણમાં દોરડાથી તે
-હવે બંધાયેલો જ્યાં છું, નિરંતર સ્પર્શ તેથી છે.

**हरि** તુજ સ્પર્શનો મહિમા જગતજન શી રીતે જાણે ?
અમારા દિલમાં તેની શી અણમોલી ગણતરી છે !

હરિઃૐ

## ખીલે હરિ ધારણા દોરે

મને જુક્તે કરીને તેં ધૂંસરીએ જોતરાવ્યો છે,
ચઢી તોફાન સંપૂર્ણ મથ્યો ફગવી હું દેવા તે.

છતાં કેવો કરુણાળુ **હરિ** વહાલો અમારો તે,
ઘણી સંભાળ રાખીને મને રાખે જ ઠેકાણે.

કહીં પણ આડેઅવળે તે જીવનપથથી જવા ના દે,
**હરિ**ની આશ્રયે છાયા થકી અળગો થવા ના દે.

ખીલે **હરિ** ધારણા દોરે હું બંધાયેલ પૂરો ને
-ચરી ખાવા ભલે જઉં, છતાં ખેંચી જ લાવે તે.

હરિઃૐ

# ચલવનારો हरि તું છે

**हरि** શો એકલો માત્ર ધણીધોરી જીવનનો છે !
બધી સંભાળ લેનારો, ન ચૂકનારો કશામાં તે.

થયેલા ભક્ત સંપૂર્ણતણું જે યોગક્ષેમ જ છે,
ચલવનારો **हरि** તું છે, અનુભવમાં પ્રમાણ્યું તે.

**हरि**ને કાલીઘેલી સૌ જીવનની વાત કથી કથીને,
હું કંટાળો દઉં કેવો ! છતાં કંટાળતો ના તે.

કરુણાળુ જ પરમાર્થી સદા પરોપકારી છે,
કરુણા એવી મુજ પર તેં સદા વર્ષાવી દીધી છે.

હરિઃૐ

# અમે પ્રેમે પખાળ્યાં છે

જીવનમાં ઊજળી ભવ્ય રમત રમવાનું વર્તીને
-ચરણકમળે **હરિ**કેરાં અમે તેને સમર્પ્યું છે.

હૃદયભક્તિ ઉછાળાથી **હરિ** પર વારી વારીને
-ચરણકમળો **હરિ** તારાં અમે પ્રેમે પખાળ્યાં છે.

ન જાણ્યું શી રીતે તુજ પર જીવન વારી જવાયું છે,
તને સંતોષવા દિલથી જીવન ઓછું અમારું છે.

જીવનવર્તન અમારાથી તને દિલ રાજી કરવાને,
હૃદય ચિંતવન સતત તેનું અમારે દિલ *ચાલે છે.

* ઊછળે છે

હરિઃૐ

## અમે મુસ્તાક एना પર

જીવનનો ધર્મ જે માન્યો અદા કરવા પૂરેપૂરો
-પુરુષાર્થ અમારો છે, કૃપાબળના જ આધારે.

સતત જીવનની પ્રક્રિયા વિશે વિકાસ કરવાને
-હૃદયમાં ધારણા **हरि**ની ધરી, મથવાનું રાખ્યું છે.

જીવનમાં દિલ સંપૂર્ણ **हरि**ને જીવતો ધરીને
-હૃદયથી ચાહી ચાહીને **हरि**ને, જીવવાનું છે.

જીવનનો સર્વશ્રેષ્ઠ જ છે ધણી ધીંગો અમારો તે,
અમે મુસ્તાક **एना** પર, અમારે શિર **हरि** કર છે.

હરિ:ૐ

# પ્રથમ હરિને કરી આગળ

અમારે જીવવા વારો હવે તો માત્ર તુજ પર છે,
જીવનમાં તો વિના તારા ન કોઈનો સહારો છે.

બધાં દૃષ્ટિ, વલણ, વૃત્તિ **હરિ** પરત્વેનાં સહુ છે,
**હરિ**માં માત્ર એકાગ્ર જીવનમાં જીવવાનું છે.

**હરિ**નો માત્ર આધાર જીવનમાં એકલાનો તે,
જીવનનો સૂત્રધાર જ શો અમારો એકલો **હરિ** છે !

**હરિ**ને ચીંધી ચીંધીને અમારે વર્તવાનું છે,
પ્રથમ **હરિ**ને કરી આગળ અમારે ચાલવાનું છે.

હરિ:ૐ

# हरिની ધારણા જીવતી

અમે જે કૈં કશું કરીએ હ્દય તેમાં ધબકતું છે,
**हरि**ની ધારણા જીવતી શું શ્વાસોશ્વાસમાં શી છે !

**हरि**ની ભાવના વિના જીવન જીવવું અમારાથી
-કદાપિ શક્ય ના છે તે, શું સર્વશ્રેષ્ઠ તે સહુથી !

**हरि**ની એકલા સાથે જીવન સંકળાયેલું અમ છે,
અમારે વાતચીતો કંઈ બધી કરવી **हरि** સાથે.

કશું પણ પૂછવાનું જે જીવનમાં આવતું ત્યારે,
બધું તુજને પૂછી લેતાં હ્દય નિરાંત વળતી છે.

હરિઃૐ

# हरि પર છોડી તે દે છે

‘**हरि** નિજના ખરેખર જે હૃદયથી ભક્ત છે તેનું
બધુંયે સાંભળે છે તે’ યથાયોગ્ય હકીકત ના.

કદીક તો સાવ પડતો ને વીલો સંપૂર્ણ પણ શો તે !
રવડવાને શું અથડાવા મૂકી દે ભક્તને પંથે !

પરંતુ ભક્ત શો ત્યારે બરાડ્યા દિલ કરે છે તે,
પડ્યો ખાલી રહે છે ના, થતું બનતું કરે છે તે.

થતા પુરુષાર્થમાં કમીના જરા પણ આવવા ના દે,
પછી જે તે બધું નિજનું **हरि** પર છોડી તે દે છે.

હરિઃૐ

# હૃદયથી પ્રાર્થના સ્તવીને

**हरि** સાંભળશે દિલમાં કે નહિ સાંભળશે તેનોયે
-કશો વિચાર મેં મનમાં થવા દીધો ન ક્યાંયે છે.

થયેલું પ્રાપ્ત જે કર્મ પરત્વેનો જ જે ધર્મ
-પૂરું તે આચર્યાં કરવા વિશે મેં ધાર્યું છે લક્ષ.

બધું જે તે કરી કરીને કર્યાં કરવા વિશે ખંતે
-કશું પણ સહેજ બાકીયે જરા સરખું ન રાખ્યું છે.

હૃદય નિશ્ચિંત તેથી તો રહ્યા કરીને, **हरि** તુજને
-હૃદયથી પ્રાર્થના સ્તવીને હૃદય પોકારતો નિત્યે.

હરિઃૐ

# હવે દોડી તું ચઢ, મદદે

તને વીનવ્યા વિના આરો હવે ના કોઈ પણ મુજ છે,
કરું છું કરગર્યાં તુજને હૃદયની ભક્તિથી ચરણે.

**हरि** તેં કેટલાં કેવાં ઉતાર્યાં પાર કંઈ જનને,
પરંતુ ભક્તની વાત જ જુદી ન્યારા પ્રકારે તે.

અવરજન કાજ આ મારા ગરીબના દિલની તુજને
-વિનંતી, પ્રાર્થના કે તું હવે દોડી તું ચઢ, મદદે.

ગરુડે તો ચઢી, ઊડીને કૃપાશક્તિ શી તારી તે !
**हरि** અવતારી જો અમ પર, યથાયોગ્ય બધું કરજે.

હરિઃૐ

## બધી તાકાત તુજમાં છે

હવે આધાર શો માત્ર કૃપા તુજ પર રહેલો છે !
કૃપા વિના હવે આરો ન બચવાનો કશો પણ છે.

તને તેથી જ હું દિલમાં કરી કરી પ્રાર્થના સ્તવું છું,
**हरि** તો સહાય પ્રત્યક્ષ કરીને યોગ્ય કરજે તું.

લીધું છે કર્મ તુજ પર મેં હૃદય આધાર ધરી ધરીને
-ફળવવું હાથ તારે તે, ગજું મારું ન કૈં ત્યાં છે.

'અશક્ય છો ભલે હોય છતાં તે શક્ય કરવાની
-બધી તાકાત તુજમાં છે,' અમારી શક્તિ સ્તવવાની.

હરિઃૐ

## શું તલપાપડ કરાવ્યો છે !

**હરિ**ને દિલથી ચાહવું જીવનમાં વહાલું લાગ્યું છે,
**હરિ**માં મસ્ત સંપૂર્ણ અમે દિલ પ્રોઈ રાખ્યું છે.

લઈ બથમાં **હરિ** રસબસ **હરિ**ના વહાલથી જીવન
-પૂરેપૂરું અનુભવી તે પરખવાનો **હરિ**ને દિલ.

**હરિ**એ શો ગ્રહી મુજ કર મને પકડી જ રાખ્યો છે,
**હરિ**ની દિવ્ય દૃષ્ટિમાં નયન મારાં મિલાવ્યાં છે.

નર્યો **હરિ**એ તપાવ્યો છે, શું તલસાવ્યો **હરિ**એ છે !
**હરિ**એ મુજને જીવન શું તલપાપડ કરાવ્યો છે !

હરિઃૐ

# हरि વિના હ્રદયમાં ના

બધે જેમાં અને તેમાં જીવનમાં શો **हरि** અમને !
**हरि** વિના હ્રદયમાં ના જરા પણ ચેન પડતું છે.

**हरि**ના એકલા પર તો બધો આધાર ધારીને
-નજર સામે સતત **हरि**ને જીવનમાં ધારી લીધો છે.

શું લટકાળાં નયન નચવી **हरि**એ શાં હ્રદય અમને
-પમાડી મોહ દીધાં છે, નર્યાં પરવશ **हरि**ને તે !

**हरि**ના એકલાની પર જીવન ઓવારી નાખ્યું છે,
**हरि**એ તો ધરાવ્યા છે પૂરાં રસબસ જીવનમાં તે.

હરિઃૐ

# અમારે નિજનો હરિને

**હરિ**ને ચાંપી ચાંપી દિલ **હરિ** પર વહાલ ઊછળે છે,
**હરિ**માં દિલ વાળીને **હરિ**ને વહાલ કરવું છે.

**હરિ** કેવો મનસ્વી છે ! નર્યો સ્વચ્છંદી પોતે છે !
કહ્યામાં કોઈના ના છે, સદા અલમસ્ત નિજમાં છે.

**હરિ**ને કોઈની કંઈ ના જરા સરખી પડેલી છે,
**હરિ**ની રાજી મેળવવા ખુવાર જ કંઈ થયેલા છે.

**હરિ** સંતોષવા દિલમાં જીવનમાં કોડ જાગ્યા છે,
અમારે નિજનો **હરિ**ને કરી સંપૂર્ણ, જીવવું છે.

હરિઃૐ

# ન જેવો તેવો **हरि** પોતે

જીવનમાં ખૂબ રળી રળીને **हरि**ને સોંપી દઈ દઈને
-નર્યા કોરા રહ્યા છીએ, ન પાઈ પાસ રાખી છે.

અમારો શેઠ જીવનના બધા વેપારનો **हरि** છે,
કમાવાની બધી અક્કલ **हरि**થી દિલ મળેલી છે.

ન જેવો તેવો **हरि** પોતે, અનોખો સર્વ રીતે છે,
નીરખતાં, દિલ નિરખાતાં નયન ચોંટી ગયેલો છે.

નયન એકીટશે **हरि**ને હૃદયથી મીટ માંડીને,
સતત નીરખ્યા જ કરવામાં હૃદય અલમસ્ત ઊછળે છે.

હરિઃૐ

## **હરિ**નો આશરો કેવો !

જીવનમાં કેટલાંયેના શું હડસેલા જ ખાધા છે !
અમે દિલ કોઈની છીએ કશી ના ગણતરીમાં તે.

**હરિ**ની ગણતરીમાં તો અમારે નિત્ય જીવવું છે,
**હરિ**નો આશરો કેવો જીવનમાં સર્વશ્રેષ્ઠ જ છે !

**હરિ**ની માત્ર શાબાશી હૃદય સાંપડતાં જીવનમાં
-ચઢે પૉરો ખરેખર શો ! છતાં દિલમાં ધરાવો ના.

અમારે તો **હરિ**ની પર ભરોંસો ધારી ધારીને
-નજર **હરિ** એકલાની પર અમે શી ચોટ ધારી છે !

હરિ:ૐ

# ભગીરથ યજ્ઞ માંડ્યો છે

શરીર કોઈનું બચવવાને ભગીરથ યજ્ઞ માંડ્યો છે,
બધી પરિણામની ચિંતા **हरि** પર છોડી દીધી છે.

અનુષ્ઠાન ઊંડું ઊંડું હૃદય મનથી શરૂ કરીને
-હૃદયથી પ્રાર્થના ગદ્‌ગદ થઈ દિલ મેં કરેલી છે.

'બહુ મુશ્કેલ છે કર્મ, પૂરું પાર ઊતરશે કે
-નહિ,' તેની શી દરકાર **हरि**ચરણે સમર્પી છે !

થતું જે જે બધું મુજથી કર્યાં કરવાનું ધારીને
-**हरि**ને ધા સતત પાડ્યા કર્યાં કરવાનું રાખ્યું છે.

હરિઃૐ

## **हरिनी કેટલી કેવી મહેરબાની !**

જીવનમાં ઇટ્ટાકિટ્ટા પણ બહુ લાંબી ન ચાલે છે,
કદીક જો લાંબી ચાલે છે, નર્યો ભેદ જ વધારે છે.

નર્યું વ્યવહારમાં પણ તે નરી આંખે નિહાળ્યું છે,
નર્યા શા રાગદ્વેષ જ થી થવા મુક્ત વિચાર્યું છે.

જીવનના ધ્યેયમાં તેવું કદીક મારું થયેલું છે,
પરંતુ શી કૃપા **हरि**ની સૂઝી તુરત ગયેલું તે.

ભુલાતું છે, છતાં કિંતુ **हरि** કેવો જગાડીને
-ફરી પાછો મથાવાનું કરાવીને, ચલાવે છે.

**हरि**ની કેટલી કેવી પથે તે મહેરબાની છે !
ટક્યો, જીવ્યો હું પથ પર શો ! વધાયું છે વળી પંથે.

હરિઃૐ

# **હરિ**ને મોખરે જીવતો

હૃદયમાં શા શા અરમાનો જીવન પરત્વેના મુજને
-ઊંડા ઊંડા જ પ્રગટીને, કર્યો વિચારતો ઊંડે !

જીવનના ધ્યેયની લગની હૃદય તેથી જ લાગી છે,
જીવનધ્યેય ફળવવાને મથાયું કેવું કેવુંયે !

ભૂમિકા કોઈ નૂતન જ્યાં પ્રગટતાં તે જીવન વિશે,
નવા પથની કશી સૂઝ ન ત્યારે દિલ પડેલી છે.

છતાં આધાર સઘળો ત્યાં **હરિ**ની પર ધરી ધરીને
-**હરિ**ને મોખરે જીવતો હૃદય ધારી, જીવેલો જે.

હરિઃૐ

## અમે શા ભેખધારી તે !

જીવન જીભને શું ગલગલિયાં કરી જાય ! રમત શી **આ**
-જીવનના ઊર્ધ્વતમ દેશે અહા ! રમવા મજા છે ત્યાં !

રમત રમવાતણો મસ્ત મહાઆનંદ જીવન શો !
કશો સંસારીને એનો ન અણસાર પ્રગટવાનો.

હૃદય મસ્તાન જીવનના અમે શા ભેખધારી તે
-અહાલેક જગવનારા ફના કફની શી પહેરીને !

**हरि**ની ભક્તિનો ચોળો પહેરેલો જ છે નિત્યે,
ઊતરવાનો જ તે હાવાં જીવનથી ના કદી પણ તે.

હરિઃૐ

# **હરિના ભાવની ભૂખ**

પવિત્ર સર્વ અંગોને કરી દેવા કૃપાશક્તિ,
સમર્થ તારી સંપૂર્ણ બધી રીત યોગ્યતા છે શી !

પરંતુ સર્વને માટે નિયમ કૈં એકસરખો ના,
**हरि**ના ભક્ત સંપૂર્ણ થયેલા કાજ પણ ત્યમ ના.

છતાં જે છે **हरि**નો શો કદીક તો ઘોર અન્યાયે !
શું અપમાનિત થતો રહીને જીવન તે ગાળતો શો છે !

છતાં તે સાથ નિઃસ્પૃહ થૈ, જીવન પોતાનું ગાળે છે,
**हरि**ના ભાવમાં મસ્તી ધરાવી નિત્ય જીવે છે.

**हरि**ના ભાવની ભૂખ કદી **एनी** ધરાતી ના,
પ્રજ્વલિત ભૂખ હૈયાની સદા શી ચેતતી રહે ત્યાં !

હરિઃૐ

## हरि સાક્ષાત્ શો છૂપો !

સીમા જીવનની છોડાવી ઉમળકાથી પરાણેયે,
લઈ જતી ક્યાં ગગનપાર રહ્યું જ્યાં શૂન્યમાંયે તે-

-પૂરેપૂરું જ નક્કર તે રહ્યું સાક્ષીપણું નર્યું છે,
**हरि** સાક્ષાત્ શો છૂપો ! ભૂમિકા નિર્વિકલ્પે તે.

જીવનની તે ભૂમિકાને કશું સ્પર્શી ન શકતું છે,
**हरि**ની યોગમાયા શી રહી અણદીઠ ભરપૂરે !

શી અવતરતી જ સ્થિર થઈ ત્યાં પ્રકાશ પૂર્ણ ફેલાવા
-હવે ઉદ્યત શી પાછી તે શું આરોહણ થવા નિજમાં !

હરિઃૐ

# પ્રભુપ્રીત્યર્થ જીવવાની

જીવનસંકેત જીવવામાં ઊંડો વ્યક્ત થતો મેળે,
પ્રભુપ્રીત્યર્થ જીવવાની લહેજત શી અનેરી છે !

અમારા દિલની વાત સમજવાનું નથી કોઈ,
શી અજ્ઞાને પ્રવર્તેલી ! છતાં જીવવાનું રાજીથી.

જીવનમાં તો પ્રવર્તેલી જીવનની સૌ પરિપક્વ
-સમજદારી, તે વર્તનમાં પૂરું ઉતારવું જીવન.

જીવનની ભવ્ય ને રમ્ય બિરાદરી દિલ ઊગેલી જે
-પૂરી ઉતારી વર્તનમાં **हरि**માં નિત્ય રમવું છે.

હરિઃૐ

# કૃપાથી દિલ જાગ્યું છે

જીવનની આંટીઘૂંટીમાં કદીક અટવાઈ જવાયું છે,
પરંતુ દિલમહીં તેની સમજ તુરત થતી રહી છે.

હૃદય જાગી જવાઈને જીવનના ઊર્ધ્વ પથ વિશે,
વિચાર્યા તીવ્ર કરવાનું કૃપાથી દિલ જાગ્યું છે.

થતાં સાધનના અભ્યાસે હૃદયથી એકધારું તે
-રહેવાતાં પૂરેપૂરું, લગની જલતી થયેલી છે.

લગનીએ જીવનમાં શો નશો મસ્તી ચઢાવ્યાં છે !
મનાદિ ને નયન વિશે ઝલક કેવી સ્ફુરાવી છે !

હરિઃૐ

# કંઈક જાગી જવાયું છે

અર્ધદગ્ધ દશા જેવી ન કોઈ કમનસીબી છે,
શું ખૂંચી જ્યાં ખરેખરી દિલ, કંઈક જાગી જવાયું છે.

ખૂંચ્યા વિના, વિના ડંખ્યા, ખસેડાતું નથી તે તે,
જીવનનું પણ ખરેખર છે, પૂરેપૂરું શું તેમ જ તે !

જીવન જિવાતું જે, ઊંડું થયું જ્યાં સાલતું, વીંધતું,
થયું ખસવાનું તેમાંથી ખરું ત્યારે જ સોંસરવું.

જીવનની નિમ્નકક્ષાથી ઊંચે પલટાવવા કાજે,
મનન ચિંતવન ઊંચા જીવનતણું દિલમાં થયેલું છે.

હરિઃૐ

## થયો સાવધ હું શો તેથી !

કરીને આત્મનિરીક્ષણ ઊંડું ઊંડું ઊતરી ઊંડે,
પૃથક્કરણ કરી કરીને બધો હેવાલ જાણ્યો છે.

બધી હકીકત શી જાણીને ! શું શું અવરોધકર્તા છે ?
હૃદયમાં તે સમજી લઈને, પછી ઉપયોગ કીધો છે.

જીવનમાં રાગદ્વેષાદિ ઊંધે પાટે ચઢાવી દઈ,
લૂંટી લે હીર જીવનનું, થયો સાવધ હું શો તેથી !

જીવનવિકાસના શત્રુ, સ્વરૂપ તે તે બધાંનુંયે
-સમજી, સમજી, હૃદયશક્તિ મથ્યો છું હું બઢવવાને.

જીવનમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ થતા જે ફેરફારો છે,
તટસ્થ દિલ થવાયાથી બધા માલૂમ પડેલા છે.

હરિઃૐ

# કૃપા તે કેવી જીવનને

જીવનને જ્યારે દિલમાં હું નહોતો કૈં સમજતો'તો,
નર્યું ગબડાવી માર્યું'તું જીવનને યદ્વાતદ્વા તો.

પરંતુ કોઈક કારણથી **हरि** પરત્વેની દિલમાં
-અભિમુખતા પ્રગટતાંમાં, જુદો રણકો જ જીવનમાં.

જીવનને વ્રત, તપશ્ચર્યા સમજવાનું થયું મનમાં,
અને પછી મૂળગો કેવો થયો શું ફેરફાર જ ત્યાં !

કૃપા તે કેવી જીવનને શકે છે ફેરવાવી તે !
જીવનમાં કેવું પ્રત્યક્ષ અનુભવથી નિહાળ્યું છે.

હરિઃૐ

# જીવંતી દિલ શ્રદ્ધામાં

રૂડો દી ઊગવાનો તે હૃદય આશામાં, આશામાં
-પ્રમાણે વર્તી જાણ્યું તે જીવંતી દિલ શ્રદ્ધામાં.

જીવનની વાસ્તવિકતામાં મળ્યું શ્રદ્ધાનું બળ શું તે !
જીવન જીવતાં પથે ઊર્ધ્વે ખરું ઉપયોગ આવ્યું છે.

હૃદય શ્રદ્ધાનો ઉપયોગ જીવનવર્તન ઉતાર્યો છે,
પથે એમ થતાં શક્તિ ખરેખરી કેવી જામી છે !

બધું ઉપયોગથી જે તે નવું ઘડતર થતું રહે છે,
નર્યું ઉપયોગને જ્ઞાન જીવન તેથી પિછાણ્યું છે.

હરિઃૐ

## તને વીનવ્યો જ કરગરીને

જીવનના મુજ વર્તનથી કદીક દિલ લહાય લાગી છે,
હૃદય પસ્તાઈ, પસ્તાઈ તુરત પાછું વળાયું છે.

વલણ, વૃત્તિ અને દૃષ્ટિ નર્યાં પલટાયેલાં નીરખી
-જીવનના ધ્યેયથી ઊંધાં, ચઢ્યાં ચક્કર મને દિલથી.

શરમ મુજ પર શી પ્રગટી છે ! નર્યો ધિક્કાર છૂટ્યો છે,
મને લ્યાનત* શી મુજ પર તો બહુ બહુ દિલ વછૂટી છે.

**हरि** તુજ માફી માગી છે, તને વીનવ્યો જ કરગરીને,
જતો કરવા, રહમ કરવા, રડી રડી સાદ પાડ્યો છે.

* શરમ

હરિઃૐ

## સતત પુરુષાર્થ કીધો છે

પ્રવાહ જે દિશાનો છે, ઊલટી બાજુ જ તેનાથી
-વહેવાનું જ રાખ્યું છે કૃપાથી **આ જીવે** દિલથી.

મહેનત ને મથામણ શી વધારે ત્યાં પડે છે તે,
છતાં હિંમત, ધીરજ, ખંતે સતત પુરુષાર્થ કીધો છે.

કદીક પગ, બાવડાં થાકે, થયેલો લોથપોથ જ શો !
છતાં આરામ લેવાની ન દાખવી મરજી દિલમાં તો.

મદદ પુરુષાર્થને માટે **હરિ**ની દિલ માગી છે,
લઈ લઈને સહારો પથ **હરિ**નો પંથ કાપ્યો છે.

હરિઃૐ

## મદદ કરતો રહે છે તે

જીવનની સૂક્ષ્મ ને ગૂઢ બધી અણમોલ વાતો જે,
બધી તે સ્પષ્ટ કરવાનો હુકમ અમને મળ્યો ના છે.

કુટાયેલા રહેલાની ખરી કિંમત જીવનમાં છે,
ઊંડું સમજાયું તે દિલ છે, મથાયું છાનું તેથી છે.

ઊંડું, ઊંડું જવાતાંમાં મથામણનો બધો પથ તે
-નર્યો મૂંઝવણ ભરેલો શો ! છતાં ત્યાં હામ ભીડી છે.

**हरि**ને દિલથી ઊંડા હૃદયપોકાર પાડ્યા છે,
સતત મથતાની વહારે શો મદદ કરતો રહે છે તે !

હરિઃૐ

## કૃપા **હરિ**ની પ્રવર્તે છે

**હરિ**ની દિવ્ય શક્તિને ઢબૂરી ઢાંકી રાખી છે,
બધાંથી તેને નરદમ શી પૂરી મેં છાની ધારી છે.

કદી તલવારને મ્યાન બહાર કો ન રાખે છે,
સજી શી ધાર રહે તેજ ખરેખર તેથી તો નિત્યે !

જીવનની શક્તિનુંયે તે જીવનમાં તેમ રાખ્યું છે,
ન બળ એમાં કશું મુજ તે, કૃપા **હરિ**ની પ્રવર્તે છે.

નિરંતર ભાવ અંતરનો થતાં બળવાન જીવનમાં
-પ્રવર્ત્યો તેમ તે રહેતાં, જીવનશક્તિ મહાલી ત્યાં.

હરિઃૐ

# લડત તો જારી રાખી છે

પ્રગટતી વાસ્તવિકતાએ હૃદયના મર્મસ્થળ પર તે
-કંઈક વેળા ઊંડો કેવો શું આઘાત દીધેલો છે !

થઈ શો જર્જરિત ત્યારે ગયેલો છું તૂટી પડીને !
**हरि**ને માત્ર શો હૃદયે સ્મરી ! ધા દિલથી નાખી છે.

ભયંકર ધ્વંસની ભરતી ઉછાળા મારતી સામે
-કૃપાથી ઉગ્ર સંગ્રામ સતત લડવો પડેલો છે.

'રખે કાયરતા પેસી ના જીવનમાં જાય' તે વિશે
-સતત શું ચેતી ચેતીને લડત તો જારી રાખી છે.

હરિઃૐ

# રહી અણનમ લઢેલો છું

જીવનમાં કારમા કેવા કઠોર ને ભયંકર તે
-જીવનસંગ્રામ પ્રગટીને વલોવી દિલ નાખ્યાં છે.

પ્રજ્વલી દિલ ઊકળીને થવા સન્મુખ થયું દિલ છે,
કર્યો શો સામનો મજબૂત ! કદીક પાછું પડાયું છે.

કદીક શિર પણ દીધેલું છે, છતાં ના નાક આપ્યું છે,
રહી અણનમ લઢેલો છું, **હરિ**ને દિલ ધારીને.

લડત લઢતાં, લડત લઢતાં, ન પાછી પાની કીધી છે,
શું છાતી કાઢીને સામે, લડત આપ્યા કરેલી છે !

હરિઃૐ

# સતત દિલ જાગતું રહેવું

ઘસરકો સહેજેયે દિલમાં ઊપજતાં તો કશા વિશે,
હૃદય ચેતી ઉઠાયું છે, કૃપાની શી નિશાની તે !

જીવનનું ધ્યેય જીવતું છે, જીવનઆદર્શ વર્તન તે
-ઊતરતો શો જીવનમાં છે, શી સભાનતા, નિશાની છે !

સતત દિલ જાગતું રહેવું, પડાતાં, ચેતીને ઊઠવું,
સમાલી ચાલતાં રહેવું, નિશાની જાગતાની છે !

પળેપળ ધ્યેય પ્રત્યેની અભિમુખતા જીવનની જે
-સળગતી શી રહેલી તે **કૃપા માત્ર હરિ**ની છે.

હરિઃૐ

# થવા દીધી ન ભૂલ મેં તે

કદીક છલકાઈ ઊઠેલી અવજ્ઞા મૂક મન શી તે !
છળી ઊઠ્યો હું ત્યારે શો ! ‘અહા ! અજ્ઞાન કેવું છે.’

જવા નીકળ્યો **હરિ**પંથે જીવનવર્તન નર્યું ઊંધું
-ભલે તે મન વિશેનું હો, છતાં સહી ના શકાયું’તું.

હૃદયના ડંખની ઉગ્ર થતી રહી વેદના ત્યારે,
-મને એણે હલાવીને સીધું જોતો કરાવ્યો છે.

**હરિ**ની મહેરબાની કે હૃદય માની ગયેલું છે,
ફરીથી તે વિશે મનથી થવા દીધી ન ભૂલ મેં તે.

હરિઃૐ

# મને શો મુક્ત કીધો છે

હું કેટકેટલો હૃદયે **हरि**નો કેવી રીતે તે
-હૃદય ઉપકાર માનું શો ! ગજું મારું ન તે વિશે.

બહુ વેળા ઉગાર્યો છે, બહુ વેળા બચાવ્યો છે,
ફસાવામાંથી છોડાવી મને શો મુક્ત કીધો છે !

પથે આડો, જહીં ચાલ્યો મને લપડાક મારીને
-સુઝાડી દિલ બુદ્ધિ તેં નર્યું સ્પષ્ટ સુઝાડ્યું છે.

કદીક ઊંધું ચલાયું છે, કદીક કુબુદ્ધિ જાગી છે,
તહીં મુજ કાન પકડાવી દીધો લાવી જ ઠેકાણે.

હરિઃૐ

## હરિની સહાય 'મોટા'માં

મળેલાં કર્મ ઝટપટથી નિપેટી સર્વ લેવાને
-કશાં ધાંધલ, ધમાલો કંઈ જીવનમાં ના કરેલાં છે.

હૃદયમાં સ્વસ્થતા ધારી, મળેલું કાર્ય સહુ રીતે
-થવા ઉત્તમમાં, ઉત્તમ તે, શી ધારી જાગૃતિ દિલ છે !

બધાં પાસાં મળેલાં જે જીવનવિકાસનાં કર્મે,
હૃદયમાં સાવધાનીથી કરેલાં ચેતી ચેતીને.

**हरि**ની સહાય 'મોટા'માં કૃપાની કેવી મોટી કે
-ખરે ટાણે, અણીવેળા મતિ ઉત્તમ સુઝાડી છે.

હરિઃૐ

# હૃદય ભળવાથી યત્ને ત્યાં

નર્યાયે ભેદ જીવનમાં અનેકે રીતના શા છે !
અભેદ શો થવા દિલથી સતત દિલમાં મથાયું છે.

મથામણ પ્રક્રિયા વિશે **હરિ**ના ભાવને હૃદયે
-જીવંતો ચેતનાત્મક તે ધરીને ત્યાં જિવાયું છે.

જીવન પુરુષાર્થમાં તેવા હૃદયભાવ ભળે છે જે,
થતા પુરુષાર્થમાં ઊંડું પરોવાયે શું દિલ ત્યાં તે !

હૃદય ભળવાથી યત્ને ત્યાં હૃદયના ભાવ સાથે જે,
ફળવવાને જ પુરુષાર્થ ભૂમિકા ભાવ પકવે છે.

હરિઃૐ

## હૃદયથી પ્રાર્થના કરીને

ભલે **हरि** પર બધું જે તે જીવનનું સોંપ્યું છે તુજને,
છતાં તોયે થતા યત્નો બધા મુજથી હું કરતો તે.

મને તેં બુદ્ધિ આપી છે, બધું પિછાણવાને જે,
અયોગ્ય જે જીવનમાંનું શું શોધી શોધી કાઢું તે ?

થતા તેવા પ્રયત્નોમાં તને પોકારી પોકારી,
મદદ તારી કૃપાની તે સતત માગ્યા કરું દિલથી.

હૃદયથી પ્રાર્થના કરીને, હૃદયસાંકળ ચરણ સાથે
-ભજી ભજી સંકળાવીને, જીવન જીવવા મથેલો જે.

હરિ:ૐ

## हरिની સહાય માગી છે

ફસાયેલો જીવનમાં શો હતો ! તેની ખબર પડી છે,
હૃદય ધા પાડી પાડીને તને ઠીક કરવા સોંપ્યું છે.

સરળતા થાય ત્યાં તુજને મુલાયમતા, જીવન તેવી
રચાવાને, શી કેળવવા મથાયું છે બહુ રીતથી !

કદીક ઢીલા થતાં હાથ, **हरि**ની સહાય માગી છે,
જીવનના દોષને યોગ્ય થવા, જહેમત ઉઠાવી છે.

જીવનમાં સ્વસ્થતા નરદમ બધી રીતની જ પ્રગટાવા
-પ્રયત્ન ખંત રાખીને સદા કરતો રહ્યો છું ત્યાં.

હરિઃૐ

# હરિના હાથની શક્તિ

જીવનને ઊંચકીને શો બધો વંટોળિયો તેને
-કહીંનું કહીં જ દૂર દૂર તે ફગાવી શું નર્યું દે છે !

ખરે ! તોફાની કેવો છે નર્યો વંટોળિયો **આ** તો,
બધું ફંગોળી નાખ્યું છે, જીવનનું સુતરું જે સૌ.

છતાં હિંમત ન હાર્યો છું, શું તાણાવાણા જીવનના
-પડેલા સર્વ વીખરાઈ, મથ્યો શો એકઠા કરવા !

**હરિ**ના હાથની શક્તિ બલિહારી અનોખી છે,
જીવન જે વીખરાયેલું વ્યવસ્થિત તે કરી દે છે.

કૃપા શક્તિનાં હું એવીતણાં ગુણગાન શી રીતે
-શકું ગાઈ ? ન શક્તિ છે કશી મારામહીં સહેજે.

હરિઃૐ

## हरि મેં હાક પાડી છે

જીવનની આકરી વેળા નમાવી ના દઈ મુજને
-રખાવ્યું શિર મારું તે ઊંચું, તે પા'ડ તારો છે.

તૂટી હમણાં પડાશે દિલ મને જ્યાં એમ લાગ્યું છે,
સહારો અણદીઠો તારો શું ઓચિંતો મળેલો છે !

અસહાય સાવ નિર્બળ જ્યાં હું બનતાંમાં, જીવન મુજને
-હૃદયથી પ્રાર્થના કરતાં, અદીઠ રીતે જિવાડ્યો છે.

ઢીલો નરદમ પડાતાંમાં, ચરણ પકડી જ રાખીને,
હૃદય બળ પ્રેરવા તુજને **हरि** મેં હાક પાડી છે.

હરિઃૐ

## જહેમત શી કરાવી છે !

જીવનની નાસીપાસીમાં **હરિ**ની યાદગીરીએ
-હૃદય જીવતો રખાવીને ધીરજ, હિંમત શું બક્ષ્યાં છે !

વીતક ભારે પડેલાં છે, **હરિ**ની યાદગીરીએ
-મને ટેકો, મદદ પ્રેરી મરદ મુજને રખાવ્યો છે.

બહુ મુશ્કેલી ને વિઘ્નો જીવન ઓચિંતાં પ્રગટ્યાં છે,
**હરિ**ની યાદગીરીએ મને તરતો રખાવ્યો છે.

જવાતાં ડૂબી જીવનપથ **હરિ** તુજ યાદગીરીએ
-મને તરવાનું શિખવાડી, જહેમત શી કરાવી છે !

હરિઃૐ

# મને સંકળાવી રાખ્યો છે

અનેકે વાર નિષ્ફળ શો જીવનમાં નીવડેલો છું !
સફળતા તે છતાં તેમાં થકી મળવાની છે ધાર્યું.

ભલે નિષ્ફળ થવાનું છો, છતાં શ્રદ્ધા ન છૂટી છે,
હૃદયવિશ્વાસનું ભાથું કદી ખૂટી ગયું ના છે.

હજારો વાર નિષ્ફળતા ભલે આવ્યા કરેલી છે,
છતાં પુરુષાર્થ કરવાનો ન દેવાયો મૂકી જીવને.

કૃપા એ તો **हरि** વહાલાતણી શક્તિની ન્યારી છે,
શું નવસર્જનતણા પગલે મને સંકળાવી રાખ્યો છે !

હરિઃૐ

## કૃપા વહાલાતણી તે છે

જીવનમાં બહુ જ જ્યાં ઝઘડા શું ઉદ્ભવેલા છે !
પતાવટ કેમ કરવી તે જહીં સૂઝ ના પડેલી છે.

હૃદયથી બુદ્ધિને ખેંચી બહુ જ ખેંચી વિચાર્યું છે,
છતાં પૂરતી ગતાગમ તે હૃદય જ્યાં ના પડેલી છે.

પછી હારી જતાં મેં તો **હરિ**પદ ધા જ નાખી છે,
**હરિ** વહાલે શું બુદ્ધિમાં કંઈક અજવાળું પાડ્યું છે !

પછી મુશ્કેલી સઘળીની પતાવટ શી થયેલી છે !
બધી એવી કરામત શી કૃપા વહાલાતણી તે છે !

હરિ:ૐ

# કળા શી ન્યારી તુજ તે છે !

કદીક પોકારીને મુજને ઊડી કેવો તું જાયે છે !
નર્યો અદૃશ્ય મુજથી શો ખરેખર થઈ જતો તું છે !

તને દિલ ખોળવા કેવો પુરુષાર્થ કર્યાં કરીને
-બહુ બાથોડિયાં મારી બધે જ્યાં ત્યાં જ ભાળ્યું છે.

ન તારી શોધ લાગી છે, છતાં દિલમાં લગન તુજ છે,
હૃદય તડપન નર્યું તુજ છે, પથેપથ શોધ તારી છે.

કદીક ઝાંખી દઈ દે છે, જહીં આનંદ શો દિલ છે !
વળી પાછો તું ભાગીને કહીં અદૃશ્ય થાયે છે !

રમત એવી જીવન મારે થવાથી, માત્ર તુજ વિશે
-સતત રહેવાયું પ્રોવાઈ, કળા શી ન્યારી તુજ તે છે !

હરિઃૐ

## હવે આધાર હરિ શો છે !

જીવનમાં કેટલી વાર નરી નિશ્ચિંતતા વ્યાપી છે,
જીવનમાં ઘેરી તે છાપ પડી પડી દિલ સતાવ્યો છે.

જીવનમાં ભયની છાયા શી મને ઘેરી વળેલી છે !
બધે ચોમેરથી જીવન હલાવી કેવું મૂક્યું છે !

શરીરનો ફેફરું રોગ થઈ, જીવન નિરાશામાં
-થઈ, ડૂબેલું સંપૂર્ણ, સ્મરણ ત્યારે જ ટપક્યું ત્યાં.

**હરિ**ના માત્ર ટેકાથી, પ્રતાપે માત્ર સ્મરણના તે
-ટકાયું ને બચાયું છે, હવે **આધાર હરિ** શો છે !

હરિઃૐ

# રીઝવવો તો હરિને છે

**હરિ**નો માર્ગ સહેલો ના, છતાં હિંમત ભીડેલી છે,
છતાં ત્યાં મૃત્યુ છો આવે, મારે પહોંચવું ત્યાં છે.

ભલે, ખપી જવાનું છે, ન નામનિશાન રહેતું છે,
ભૂંસાઈ છો જવાનું છે, છતાં ધામે જ ઠરવું છે.

ભલે અટવઈ મરાતું છે, ભલે હેરાનગતિ સૌ છે,
ભલે તે ત્રાસકર્તા છે, છતાં મારે જવું ત્યાં છે.

મરણિયો દૃઢ ને મક્કમ શો હૃદય નિશ્ચય થયેલો છે !
**હરિ**ચરણે શરણ ઢળીને રીઝવવો તો **હરિ**ને છે.

હરિઃૐ

## હૃદયમાં કોડ લાગ્યા છે

**हरि** તુજ સાથ રમવાના હૃદયમાં કોડ લાગ્યા છે,
લગાડ્યો ભાવ ચહી ચહીને થવાને ભાઈબંધી તે.

તને ગમતું બધું કરવા શું પ્રેમ જ ઊભરાવ્યો છે !
કરી કરી ગેલ મુજ સાથે ગતકડાં શાં કરેલાં છે !

રીઝવવાને બહુ રીતે ગમે તુજને હૃદયથી તે,
ધરી શી કાળજી ! વર્ત્યાં સદા મેં તો કરેલું છે.

**हरि**નો એક રાજીપો જીવનમાં માત્ર મેળવવા,
પ્રયત્નો સર્વ મારા તો કૃપાથી ત્યાં થયેલા શા !

હરિઃૐ

# હૃદયપોકાર પાડ્યો છે

જીવનમાં અંધાધૂંધી શી પ્રગટતાં કેર વર્ત્યો છે !
જવું કઈ ગમ દિશા તેની કશી ના સૂઝ પડેલી છે.

બહુ વિચારી જોયું છે, શું અંતર ડોકિયું કર્યું છે,
છતાં ગમ ના પડેલી છે, બધું વેરાન લાગે છે.

બધું સૂમસામ ભારે છે, કશો ના માર્ગ લાધે છે,
શું અકળામણ હૃદયમાં છે ! ન ગભરામણ છતાં દિલ છે.

હૃદયવિશ્વાસ જીવતો છે, ‘જરૂર જડવાની પગથી છે,’
**हरि**ને પ્રાર્થના કરીને હૃદયપોકાર પાડ્યો છે.

હરિ:ૐ

## हरि સંભાળનારો છે

કદીક સંસાર અટવિમાં ભૂલું જ્યારે પડાયું છે,
સમર્થ ભોમિયા **हरि**ને નિવેદ્યાં તે કરેલું છે.

**हरि** સંભાળ લેનારો શિરે મારે જ બેઠો છે,
ભૂલેલાને ગ્રહી કર તે પથે ચઢાવનારો છે !

હૃદયવિશ્વાસ સંપૂર્ણ છતાં છાનો રહ્યો ના હું,
જીવનનું પ્રાર્થનાશસ્ત્ર ચલાવ્યા મેં કરેલું શું !

ફિકર, ચિંતા કશી ના છે, **हरि** સંભાળનારો છે,
જરૂર બતલાવી બતલાવી રહેનારો ચીંધંતો તે.

હરિઃૐ

# हरिनुं यंत्र संपूर्ण

વિચારો સાથ એકરૂપ થવા દીધું ન મનને છે,
શું મન તાટસ્થ્ય, શી સમતા ! ઊગી ત્યારે ગયેલાં છે !

અને એનું જ લક્ષણ દિલ મને સમજાઈ ગયેલું કે
-વિચારોનું જ મૂળ સાચું કહીંથી તે પ્રગટતું છે.

નર્યું દીવા સમું સ્પષ્ટ બધું જે તે જણાયે છે,
છતાં સંપૂર્ણ નોખા હો અનુભવ તે પ્રમાણે છે.

'નિમિત્ત માત્ર' સંપૂર્ણ થતાં જીવનમાં તે રીતે
-**हरि**નું યંત્ર સંપૂર્ણ બની ત્યારે ગયેલો તે.

હરિઃૐ

## સમર્પણ સૌ કરેલું છે

થવાને પ્રાપ્ત વિશુદ્ધિ મનન ચિંતવન વિશે મનને
-સતત રાખી, પરોવીને, હૃદય **હરિ**ને ભજેલો છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન, પ્રાર્થના ભાવે,
હૃદય સન્મુખતા ધારી સમર્પણ સૌ કરેલું છે.

કંઈક તે કાળનો ઊંડો થયો અભ્યાસ એવો જે,
રૂડાં પરિણામ તે કેવાં હવે ફળતાં થયેલાં છે !

કૃપા કેવી **હરિ**ની કે પથે એણે જિવાડીને,
કરાવ્યો શો પુરુષાર્થ ! જીવન જેથી રળાયું છે.

હરિ:ૐ

## શી હૈયાસૂઝ મળેલી છે !

હૃદય નિશ્ચિંતતા, શાંતિ સતત ટકવા મથેલો તે,
કૃપા એ તો **हरि**ની કે તહીં ફાવટ મળેલી છે.

નહિતર મુજ સરીખાનું ગજું તેના વિશે ના છે,
બધું સામર્થ્ય **हरि**નું કે શી હૈયાસૂઝ મળેલી છે !

જીવનનું કોકડું જ્યારે બહુ ગૂંચવાયેલું જ્યાં રહે,
હૃદયમાં પ્રાર્થના ત્યારે **हरि**ની મેં કરેલી છે.

હૃદયના આર્તનાદેથી, હૃદયની આર્દ્રતાથી તે,
**हरि**ને બૂમબરાડા શાં હૃદય પાડ્યાં કરેલાં છે !

હરિ:ૐ

# ધરાવ્યા મેં કરેલું છે

અમારે જિંદગાનીનું બધું રળતર **હરિ**નું છે,
હૃદય નિશ્ચય થવાથી તે જીવન વર્તાયું તેવું છે.

સતત **હરિ**ની હૃદય યાદ ઊગ્યાં સાધન કરી કરીને
-હૃદય ઉપસાવવા કેવો કૃપાથી તો મથેલો જે !

**હરિ**ની પર હૃદયભાવ જ હું ઊભરાવ્યા કરીને તે,
**હરિ**ની યાદગીરીને થવા જીવતી ચહેલું છે.

મહત્ત્વ એકધારું જે હૃદયમાં મોખરે **હરિ**ને
-હૃદય જીવંતું તે લક્ષ ધરાવ્યા મેં કરેલું છે.

હરિઃૐ

# થઈ દિલ ત્યાં જરા ઝાંખી

કદીક શો એકલો મુજને બિયાબાંમાં મૂકી દઈને,
રવડતો સાવ મૂંઝાતો ખરેખર શો કરેલો છે !

**हरि**ને યાદ કરવાને ચહી ચહીને મથું તોયે,
પકડ **हरि**ની શી દિલ ક્યાંયે જરા સરખી ન પકડાયે !

હૃદયથી મેં કર્યા કરી છે, હૃદયથી કાકલૂદી તે,
શું કરગરી પ્રાર્થના **हरि**ને હૃદય કેવી કરેલી છે !

હતી જે આવડત હૃદયે બધી તે વાપરી નાખી,
હૃદય વીનવ્યા કરેલો છે, થઈ દિલ ત્યાં જરા ઝાંખી.

હરિ:ૐ

# હરિનો ભાવ સ્ફુર્યો છે

થતાં જ્યાં લાગણી ઉત્કટ ગતિ તેની થતી રહે છે,
ગતિની તે પ્રમાણે તો વહેવાનું બને છે તે.

**હરિ**ને પ્રીછવા દિલમાં તમન્ના દિલ લાગી છે,
જીવનવિકાસનાં પગલાં મને એણે ભરાવ્યાં છે.

જુદાં જુદાં ઊગ્યાં સાધન થયાં તે તે ગયેલાં છે,
થતાં તે તે ગયાં જેમ, હૃદય નિશ્ચય વધેલો છે.

મથાવાનું સતત એવી રીતે રહ્યું શું નિરંતર તે !
અખંડ જ તે બધું બનતાં, **હરિ**નો ભાવ સ્ફુર્યો છે.

હરિ:ૐ

## ટકે શ્રદ્ધાથી તે જીવને

શરૂ શરૂમાં શી શ્રદ્ધાયે પરિપક્વ થયેલી જે
-હૃદય પ્રગટેલ તે નહોતી, છતાં સાધન કર્યાં કર્યું છે.

થતાં સાધનનું સાતત્ય ધીરે ધીરે જીવનમાં તે,
થતી ગઈ તેજ, પરિપક્વ શી શ્રદ્ધા જીવતી દિલ તે !

ટકાતાં એકધારું ત્યાં જીવનમાં સાધનાભ્યાસે,
થતા અનુભવ, અનુભવથી ટપકતી શ્રદ્ધા ઊપજી છે.

સ્વરૂપ શ્રદ્ધાતણાં નોખાં જુદી જુદી ભૂમિકામાં,
જીવંતી ચેતનાત્મક જે હૃદય શ્રદ્ધા અનોખી છે.

જીવનના દિવ્ય અનુભવથી શી શ્રદ્ધા જેની ગળતી છે !
**हरि** અસ્તિત્વનો ભાવ ટકે શ્રદ્ધાથી તે જીવને.

હરિઃૐ

## હૃદય પુષ્પાંજલિ શી તે !

હવે વાગોળવાનું તો જીવનમાં શું ઊગેલું છે !
જીવનનાં કેટલાં પાસાં ઉકેલાતાં જતાં લાગે ?

વળ ઊભળે શું દોરડીનો ! થતું જે તેમ ચાલ્યું છે,
અને તે તે પ્રમાણે મેં બધું ટાંચી લીધેલું છે.

બધી ઉપાસનાની તે જીવનકથની પતિતની જે
-ચરણકમળે નિવેદીને પૂરી નિરાંત વાળી છે.

જુદાં જુદાં જીવનપાસાં વિશે શું શું થયેલું છે !
બધો ઈતિહાસ શો તેનો હવે ખૂલતો ગયેલો છે !

ઉકેલાતું ગયું જેમ બધું તે તે નિવેદ્યું છે,
**હરિ**નાં તે ચરણકમળે હૃદય પુષ્પાંજલિ શી તે !

હરિઃૐ

# हरिने ભજ બધી રીતે

'જીવનની જવાબદારીને ફગાવી સર્વ દેવાને'
-ઉછાળો વૃત્તિનો તેવો કદીક શો દિલ સળગ્યો છે !

હૃદય તત્પર થયેલો શો ! બધું પરવારી જઈને તે,
જહીં હું છોડતો હોઉં છું, તહીં એણે શું વાર્યો છે !

'અલ્યા ! કાયરપણું આવું તને છાજે ન કો રીતે,
મળેલાં કર્મ કરતાંમાં **हरि**ने ભજ બધી રીતે !'

સતત ભજવાનું દિલ **हरि**ने કર્યાં કર્યું છે જીવનમાં તે,
જીવનમાં કેટલાંયે તો બધું પ્રત્યક્ષ જોયું છે.

હરિઃૐ

## તને સોંપી દીધેલું છે

જીવનનો ફેંસલો કરવા બધી તુજ હાથ ચાવી છે,
તને જેમ યોગ્ય લાગે તે કરી શકવા સમર્થ જ છે.

અમારી પસંદગી કોઈ અમે ના દિલ ધારી છે,
બધું પસંદ કરવાનું તને સોંપી દીધેલું છે.

નિરાગ્રહ ને અનાસક્તતણી કેવી કસોટી તે !
અમારે માગવાનું તો કશું તુજ પાસ ના કંઈ છે.

કશું કંઈ માગતાં પહેલાં બધું હાજર કરી દે છે,
**हरि** તુજ મહેરબાનીની કરું હું વાત શી રીતે !

નજર જ્યાં જ્યાં પડે ત્યાં ત્યાં **हरि** એંધાણ વર્તે છે,
જીવનમાં શી સરળતા ને મળ્યા સગવડ કરે છે તે !

હરિ:ૐ

## કરાવી છે મથામણ શી !

**हरि** તુજ સમ બીજો કોઈ જગતમાં જાદુગર ના છે,
બધું ઉરાડી તું દે શો ! નૂતન નવતર બનાવે છે.

કશું નહોતું જ મારામાં જીવનમાં હીર દેખીતું,
કળા જાદુની શી તારી જીવન તે હીર પ્રગટાવ્યું !

ભગીરથ ભવ્ય પુરુષાર્થ કળા જાદુની તારીથી
-મને તેં શો કરાવીને, કરાવી છે મથામણ શી !

પૃથક્કરણ જ ઊંડું ઊંડું રહીને કરાવતાં અંતર,
-બધું તે સ્પષ્ટ દર્શાવી કરાવ્યું દૂર શું અંતર !

હરિઃૐ

## બધી બલિહારી એની છે

જીવનમાં ધૂંધળા કેવા પ્રકાશ સાંપડેલાએ !
મદદ પથમાં કરેલી તે રજેરજ સાંભરે છે તે.

જીવનના તે પ્રકાશે તો મને કેવો બચાવ્યો છે !
જુદાં જુદાં કળણમાંથી કર્યો છે તારવ્યો શો તે !

ઊંધા પંથે પળાયું જ્યાં, કશી સૂધબૂધ જીવનમાં તે
-રહી નહોતી ખરે ત્યારે, પ્રકાશ દિલ પાડ્યો છે.

મને એણે જગાડ્યો છે, પુરુષાર્થ કરાવ્યો છે,
હું જેવો તેવો જે **આજે** બધી બલિહારી **એની** છે.

હરિઃૐ

# કૃતજ્ઞ થઈ નમેલો જે

જીવનની આંટીઘૂંટીમાં કંઈક વાર મુજથી કેવું
-ભરાઈ ત્યાં પડાઈને, નીકળવાનું ન ત્યાં સૂઝ્યું!

હૃદય તે વેળ ઊભરાતો કશો ના ભાવ નીરખાતાં,
હૃદયમાં ઉગ્ર મંથનથી વલોવાનું થયું છે ત્યાં !

વલોવાવાની પ્રક્રિયા જીવન ત્યારે શી ચાલી છે !
અને એમાંથી શો મુજને નીકળવા માર્ગ મળિયો છે !

**हरि**નો થઈ જ ગદ્ગદ શો હૃદય ઉપકાર માન્યો છે !
લળી લળીને **हरि**ચરણે કૃતજ્ઞ થઈ નમેલો જે.

હરિ:ૐ

# થતો પુરુષાર્થ કીધો છે

કશાથી ભાગી છૂટવામાં, કશાથી હારવાનું તે,
કૃપાબળથી ન જાણ્યું છે, પીછેહઠ ના કરેલી છે.

કદીક પાછો પડ્યો ત્યારે લડત મેં જારી રાખી છે,
પડ્યો તોયે હું અણનમ શો કૃપાથી દૃઢ રહેલો જે !

જીવનની સર્વ પરિસ્થિતિમાં **હરિ**ને દિલ અંતરમાં
-મહત્ત્વે લક્ષ પ્રેરાવી, ઝઝૂમ્યો ઉગ્ર જીવનમાં.

કૃપાબળ પર જીવનની તે બધી કક્ષા વિશે હૃદયે,
બધો આધાર ધારીને, થતો પુરુષાર્થ કીધો છે.

હરિઃૐ

## શું પાડ્યો સાદ ચરણોમાં !

જીવનનું ગાડું ગબડાવ્યા **हरि** તેં તો કરેલું છે,
ઘણીયે વેળ શું ઘાંચે પડી ઊંડું ગયેલું છે !

બહુ ત્યાં જોર કીધું છે, બહુ ઊંચકી જ જોયું છે,
કરામત આવડી તેવીતણો ઉપયોગ કીધો છે.

કશી મુજ એક પણ કારી જરા સરખી ન ફાવી છે,
વધારે ઊલટો હું તો શું ગૂંચવાયો જીવનમાં તે !

બધો પુરુષાર્થ જે બનતો કર્યાં કરતાંય, ફાવ્યો ના,
હૃદયથી ત્યાં **हरि** તુજને શું પાડ્યો સાદ ચરણોમાં !

હરિઃૐ

# કૃપા બલિહારી એ તો સૌ

જણાવ્યું છે, નિવેદ્યું છે થયું જે જે, થતું જે જે,
દિવસભરની જ દિનચર્યા બધી ચરણે સમર્પી છે.

હૃદયમાં મોખરે **હરિ**ને ધરી ધરી દિલ પલાળીને
-હૃદયમાં ભાવ સંપૂર્ણ ભરી દેવા મથેલો જે.

**હરિ**ના ભાવને દિલમાં મહત્ત્વ તો દીધેલું છે,
હૃદય તે ભાવને સાચું જીવન મેં તો ગણેલું છે.

હૃદયનો ભાવ સાચવવા જીરવવા તપ કરેલાં છે,
કૃપાનો ભાવ અવતારી કર્યો આધાર પાત્ર જ તે.

ભગીરથ કાર્ય જીવનનું થયું ના હોત તે મુજથી,
કૃપા બલિહારી એ તો સૌ **હરિ**ના દિવ્ય જાદુની.

હરિઃૐ

## રીઝવવાને हरिने તે

અમારે ભાગ્ય આવેલું જીવનનું પ્રાપ્ત કર્તવ્ય,
અમે તે ખેલવા કેવા શું સંપૂર્ણ મદોન્મત્ત !

મળેલાં કર્મમાં કેવો અમારે રેડવાનો છે
-હૃદયનો પ્રાણ સંપૂર્ણ ! રીઝવવાને **हरि**ને તે.

જીવનમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ **हरि** વહાલો સમર્થ જ છે,
**हरि**ની છત્રછાયામાં અમે નિશ્ચિંત તેથી તે.

અમારી દેખભાળ જ શી બધી રીતે **हरि** લે છે !
અમારી સારવારે શાં બધાં સુપરત કરેલાં છે !

હરિ:ૐ

# સલામત સર્વ રાખ્યું છે

જીવનની સર્વ સંભાળ **हरि** લેતો રહે છે તે,
બધી સગવડ મને દેવા શી તત્પરતા બધાંની છે !

બધુંયે જોઈતું જે જે **हरि** પૂરું જ પાડે છે,
છું હોવા છતાં નધણિયાતો, મને નિજનો કરેલો છે.

બધી સંપત્તિ તારી તેં મને સોંપી દીધેલી છે,
ન યદ્વાતદ્વા વાપરવા શપથ મેં તો લીધેલા છે.

હતું તે જેમ તે તેને યથાવત્ તેમ ધાર્યુંયે,
ન ઓછુંવત્તું કીધું છે, બધું સમતોલ રાખ્યું છે.

**हरि**ની તે તિજોરીને નરી અકબંધ રાખી છે,
અમે ના વેડફી માર્યું સલામત સર્વ રાખ્યું છે.

હરિઃૐ

## બધું કરવા સ્વતંત્ર જ શા !

રમત તુજ સાથ રમવાની બધી છૂટ તારી સાથે છે,
શું લથબથ થઈ જ સંપૂર્ણ જીવન ગેલ કરેલો છે.

ન લેવાની રજા ચિઠ્ઠી, કશી ના રોકટોક જ છે,
**हरि**ના મહેલની ચાવી કરી સુપરત દીધેલી છે.

બધે જ્યાં ત્યાં જ ફરવાની, વળી રંગત જમાવાની,
શું હાસ્ય, ટોળટપ્પા તે બધું કરવા સ્વતંત્ર જ શા !

રસીલા તે **हरि**કેરો બધો વારસ મળેલો છે,
લઈ દત્તક, બધી લક્ષ્મી કૃપાથી બક્ષી દીધી છે.

હરિઃૐ

# થવાને एक તલસે છે

હૃદય વહાલપની તુજ સેર અમો પર જ્યાં વછૂટતી છે,
બધે નસ નસ, અણુ અણુમાં ઉમળકો મસ્ત જાગે છે.

કદીક તો કેવું ઓચિંતું નયન તુજ રશ્મિનું અમને
-કરી સ્પર્શ ઊંડું ઊંડું કહીંનું કહીં જ ઊતરે છે.

પ્રફુલ્લિત સર્વ આધારે કણેકણમાં ફરી વળી તે,
**हरि** તુજ ભાવ રણકારે શું ઉલ્લાસિત કરી દે છે !

હૃદય શું થનગની ઊઠી હૃદય તુજમાં જ ભળવાને
-જીવનની રંગમસ્તીથી થવાને **एक** તલસે છે.

હરિ:ૐ

# શી નિ:સ્પૃહતા ધરેલી છે !

હૃદયમાં શું શું છે તેને **हरि** વહાલો પિછાને છે,
બધાં બીજાં પરત્વે તો શી નિ:સ્પૃહતા ધરેલી છે !

અવરજનની સમજ રીતે ન મારે ચાલવાનું છે,
બીજાં સૌ સૌની સમજણથી જીવનમાં વર્તતાં રહે છે.

બીજાંઓનું હું મૂલ્યાંકન કદી કરવા જતો ના છું,
છતાં તેવા જ લોકો શું બીજાંને જાય મૂલવવા.

બલિહારી અહા ! તેથી જતાં મુલવાઈ તે તે શા !
બહિર્મુખતા હવે દિલ તો કૃપાથી ના રહેલી છે.

રહેવાયું શું સંપૂર્ણ જીવન તેથી જ નિ:સ્પૃહી તે,
કૃપાના માત્ર કારણથી **हरि** રસમાં ભળાયું છે.

હરિઃૐ

# જીવનરણકાર ન્યારો છે

**हरि**ની યાદગીરી તે અમારું શું જીવનબળ છે,
**हरि**ની યાદગીરીમાં અમારું સૌ સમાયું છે.

**हरि**ની યાદગીરીથી જીવન મહેકી રહેલું છે,
**हरि**ની યાદગીરી તે જીવનનું ચલણી નાણું છે.

**हरि**ની યાદગીરી તે જીવનની સહુ કમાણી છે,
**हरि**ની યાદગીરીથી જીવનનું ગાડું ગબડે છે.

**हरि**ની યાદગીરીએ ધબકતું દિલ કરેલું છે,
**हरि**ની યાદગીરીનો જીવનરણકાર ન્યારો છે.

હરિઃૐ

## સમર્થ એકલો માત્ર हरि

શરીરની સાવ કેવી તે કઢંગી શી દશા થઈ છે !
ઘડીપળ જાય પ્રત્યેક નિરાશાની જીવન વિશે.

કૃપાશક્તિનું તે માત્ર હવે કર્મ જરૂરનું છે,
હૃદયથી પ્રાર્થના કરીને કૃપા અવતારવા સ્તવું તો.

હું કરગરીને લળી લળીને હૃદયની પ્રાર્થના કરીને,
વીનવતો ભાવથી ઊંડા કૃપા કરવા **हरि** તુજને.

સમર્થ એકલો માત્ર **हरि आ** બાબતે તું છે.
વિના તુજ શક્તિ કોઈની કશી કારી ન ફાવે છે.

હરિઃૐ

# પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ

જીવનમાં કોઈ રીતે તો કદી છટકી જવું ના છે,
મળેલાં કર્મને પ્રેમે સમર્પણ પદ, કર્યાં કરીને.

મળેલાં કર્મનો હેતુ સમર્પણ યજ્ઞ વિનાનો
જીવનમાં કોઈ પણ ના છે, પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ.

હતું પહેલાં જ તે તેમ હવે પણ સર્વ તેમ જ છે.
**हरि**નો ભાવ જે તેમાં શું માત્ર શો પ્રવર્તે છે !

**हरि** શો એકલો માત્ર જીવન સર્વસ્વ જે તે છે,
**हरि**માં માત્ર જીવવાનું મળ્યું સદ્ભાગ્ય ન્યારું તે.

હરિ:ૐ

# હવે બાકીનું જીવન આ

હવે બાકીનું જીવન **આ** પૂરું નિવૃત્ત થઈને તે
-અમારે ગાળવાનું છે, લઈ સેવા અવરની તે.

કૃપા વહાલા **हरि**ની કે શું સેવા કાજ બક્ષ્યાં છે !
સ્વજન કેવાં હૂંફાળાં ને બધી દેનાર સગવડ તે.

કમીના કોઈ પણ વાતે કશી બાકી રહેતી ના,
બધું જે તે મળ્યા રહે છે, કશું અટકી પડેલું ના.

શરીરની કેવી લાચારી બધીયે જાતની શી છે !
શરીર વિશે કશી મુજમાં છતાં ના હાડમારી છે.

હરિ:ૐ

## હૃદયસગપણ તે સાચું છે

બધે જેમાં અને તેમાં તને સંબોધવાનું છે,
**हरि** આધાર તારો તે જીવનનું બળ અમારું છે.

કથી કથીને **हरि** તુજને અમે જીવન વિતાવ્યું છે.
કહ્યા વિના તને જે તે અમારો છૂટકો ના છે.


હૃદયના આત્મનિવેદન થકી બંધાયેલો શો તે
-હૃદયસંબંધ તુજ સાથે, હૃદયસગપણ તે સાચું છે.

**हरि** તુજ પ્રેમને નાતે અમે જોડાયેલા હૃદયે,
-**हरि** તુજ સાથ જીવનમાં, હવે જીવવાનું ખૂબ અમ તે.

હરિઃૐ

## ખંડ - ૪

# ખરેખર સાધના શી તે !



જીવનમાં ત્યાગ, સમર્પણ, બધાં મૂલ્યો શું મિથ્યા છે ?
જીવનમાં એકલો માત્ર ખરે ! શું સ્વાર્થ સાચો છે ?

હરિઃૐ

## ખરેખર સાધના શી તે !

બધું દેખાય છે તેવું સ્વરૂપ તેનું ન સાચું છે,
મૂળે તો સહુ અણુરૂપે, અણુમાં શક્તિ કેવી છે !

અણુને ફોડવું સહેલું નથી કોઈ પ્રકારે તે,
પ્રક્રિયા કેટલીમાંથી પસાર ત્યાં થવાનું છે !

અણુ ફૂટ્યા વિના શક્તિ અનુભવ આવતી ના તે,
અણુને ફોડવાની રીત ખરેખર સાધના શી તે !

બધા જે તે કરી ના તે શકે તે કર્મ કો રીતે,
જીવન પરિપક્વ સંપૂર્ણ અનુભવમાં પ્રકાશે છે.

હરિઃૐ

# મળ્યું જીવન ન અમથું છે

વિપદ આફતની વચ્ચે શો ઊભો રહીને, જીવન તેને
-જીતી લઈ, સાધના કેવી જીવનની તો થયેલી છે !

જીવન મકાનને લૂણો પૂરો લાગી ગયેલો જે,
છતાં કરી શી મરામત ત્યાં ! થવા ઠીક સર્વ માંડ્યું છે.

જીવનનાં આંધી તોફાન શું વચ્ચે શો ઊભો રહીને !
-રહેવા દૃઢ પગે સ્થિર જીવન જીવવા મથેલો તે.

જીવનની જોઈતી યોગ્ય પૂરી કિંમત કરી શ્રમ તે
-હૃદયથી ચૂકવેલી છે, મળ્યું જીવન ન અમથું છે.

હરિઃૐ

## જીવનની સાધનાદૃષ્ટિ

જીવનની સાધનાદૃષ્ટિ જહીં પાંગરતી ફાલી છે,
'મળેલાં દુઃખમાં ત્યારે શું સંતોષ મનાયો છે !'

જીવનવિકાસનું લક્ષણ શું પ્રત્યક્ષ ખરેખર તે,
બધુંયે આપમેળે દિલ નર્યું, પરખાતું તે રહે છે.

ખરાં નક્કર ભરાતાં છે જીવનપથ ડગ બધાં જે જે,
-બધાં તે તેની દિલ યોગ્ય મને સમજણ ઊગી રહે છે.

હૃદય નિશ્ચિંત સૌ વાતે મુજથી રહેવાય તેથી તે,
જીવનમાં વર્તવા યોગ્ય કળા ઊગતી રહે શી તે !

હરિઃૐ

## કૃપાથી માર્ગ કાઢ્યો છે

મથી, ચહી, વર્તી વર્તીને જીવનને વિકસાવ્યું છે,
વિટંબણા શી શી વચ્ચેથી કૃપાથી માર્ગ કાઢ્યો છે !

અમારે ક્યાં જવાનું છે કશી ના જાણ તેની છે,
પૂછી પૂછીને જ અંતરથી કંઈક પહેચાન લાધી છે.

સૂચવવા માર્ગ અંતરને વિશુદ્ધ પૂર્ણ રીતિએ
-થવા, કરામત સુઝાડી તેં મહદ ઉપકાર કીધો છે.

નવી નવી રીત જીવનની થવા વિકાસ જીવનને
-મથામણમાં રહેવાતાં કૃપાથી સૂઝતી ગઈ છે.

હરિઃૐ

## કહીંકથી ઓચિંતું બળ શું !

પ્રવાહ જે જીવનપટનો અનાદિથી પડેલો છે,
પ્રવાહે ઊલટું સામે જરૂર તરવાનું રાખ્યું છે.

કદીક જ્યાં બાવડાંનું તો સમૂળગું બળ જતું લાગે,
રહ્યું તરવાનું તો દૂર, થતું ડૂબવાનું ત્યાં લાગે.

પ્રવાહે ડૂબકાં ઊંડાં ઊંડાં કેવાં ખવાયાં છે !
**હરિ**ની યાદ ઊગરવા હૃદય ત્યાં કેવી જાગી છે !

મદદ કરવા **હરિ**ને ધા કકળતી કેવી પાડી છે !
કહીંકથી ઓચિંતું બળ શું મને તરવા મળેલું છે !

હરિઃૐ

## સતત મથવાનું શું રહે છે !

મથંતાં, શોધતાં ઊંડું વળી વળી શોધતાં રહીને,
મથામણ શોધવાકેરી નિરંતર ચાલુ શી રહી છે !

નિરંતરની જ એવી જે કળા તે શોધખોળની છે,
પથે ઉપયોગમાં આવી મને રસ્તો સુઝાડે છે.

જીવનમાં પ્રીછી પ્રીછીને જીવનના રાહને ખંતે
-અમારે ખોળી ખોળીને સતત મથવાનું શું રહે છે !

સતત મથતા રહેવાથી કૃપાથી માર્ગ મળતો છે,
થતાં ફાવટ, હૃદયમાં શો નર્યો ઉત્સાહ વ્યાપે છે !

હરિઃૐ

## ધૂણી ત્રેસઠ તપેલા શા !

ઝઝૂમીને, ઝઝૂમીને જઈ સામે પવનપંથે,
મહામુશ્કેલીથી યત્ને જીવનનો પંથ કાપ્યો છે.

મૂકીને વેગળું માથું જીવનમાં ઝંપલાવ્યું છે,
ગણતરી કંઈ જ કરવાનું કશા વિશે ન રાખ્યું છે.

અધૂરું મૂકવામાં તો અમે સમજ્યા નથી સહેજે,
અમે કરવાનું સંપૂર્ણ બધું જે તે જ રાખ્યું છે.

ધૂણી ત્રેસઠ તપેલા શા ! ન કૈં ખાધું, ન પીધું છે,
પીધેલો માત્ર લીમડાનો અમે આહારમાં રસ તે.

હરિ:ૐ

# કળા આ ગૂઢ ને સૂક્ષ્મ

થયાં સાધનથી ગુણભાવ, હૃદયશક્તિ, ખીલેલાં છે,
મળેલાં ગૂઢ સાધનના શું વપરાશે જ લાગી તે !

ભ્રૂકુટિ, બ્રહ્મરંધ્રે ને હૃદયમધ્યે વળી કંઠે
-કરોડરજ્જુતણા અંતે બધી વપરાતી લાગી છે.

જુદાં જુદાં જ તે કેંદ્રે થતો જે સ્પર્શ શક્તિનો,
-પરિણામ જુદું જુદું પ્રગટતું છે જીવનમાં તો.

કળા **આ** ગૂઢ ને સૂક્ષ્મ ન કહેવાઈ શકાયે છે,
છતાં તેનું કૃપાથી તો નિદર્શન માત્ર કીધું છે.

હરિઃૐ

# થવા વિકાસ અંતરમાં

કર્યાં કરવાથી સાધન જે કૃપાથી દિલ ઊગેલાં છે,
પ્રતિષ્ઠા શક્તિની અંતર થતાં તે સાધનાભ્યાસે.

મળેલી એવી શક્તિનો સતત ઉપયોગ કીધો છે,
થવા વિકાસ અંતરમાં બીજાં સાધન મળેલાં છે.

કશાં નામ વિનાનાંયે મળ્યાં ગૂઢ સાધનોએ જે
-પૂરો ઉપયોગ સંપૂર્ણ થયા જીવન કરેલો તે.

થયાં સાધનની ગૂઢતાને ન વર્ણવી તે શકાયે છે,
અજબ રીતનાં, ન દોરી પણ કશાં મુજથી શકાયે છે.

હરિઃૐ

# થવા ચેતનનો અનુભવ દિલ

જીવન જ્યાં લઈ જવાનું છે, જીવન તેવું બનવવાને,
પુરુષાર્થ થતો સઘળો કર્યાં કરીને મથેલો જે.

'થવા ચેતનનો અનુભવ દિલ' જીવન આદર્શ ધાર્યો છે,
સધાયે જે રીતે ધ્યેય, થયાં સૌ કર્મ તે રીતે.

મનન ચિંતવન સતત દિલમાં થયા કરતું રહેલું છે,
જીવનનું હાર્દ એમાંથી મળ્યા કરતું થયેલું છે.

સ્વયંમેળે થયા જે જે કરે, તેમાંથી તારવીને
-જીવનતત્ત્વ અનુભવતાં અમૃતઆનંદ ઝરતો છે.

હરિઃૐ

# જીવન વર્તાયું તેવું છે

પરિસ્થિતિ, સર્વ સંજોગો પ્રસંગો જે મળેલા છે,
પરત્વે તે સહુની જે ફરજ, તે ધર્મ સાચો છે.

પરિસ્થિતિ પ્રાપ્ત સંજોગો પરત્વેનો જીવનધર્મ,
વફાદારીની નિષ્ઠાથી બજવતાં, પામવો મર્મ.

જીવનમાં એ રીતે વર્તી બન્યું છે જીવવાનું તે,
શહૂર એમાં ન કંઈ મુજ છે, કૃપાશક્તિ મળેલી છે.

'મળ્યું જે તે હૃદય તેનો ખરો શો ધર્મ ?' સમજીને,
-બરાબર દિલમાં પાકું, જીવન વર્તાયું તેવું છે.

હરિઃૐ

## પ્રયોગો તેં કરાવ્યા છે

ભૂમિકા ભાવની જ્યારે હૃદય સંપૂર્ણ પ્રગટે છે,
શરીરનાયે શું પલટાતા બધા ગુણધર્મ જે તે છે !

તરસ, ભૂખ ને વળી નિદ્રા વિના પણ ચાલતું રહે છે,
પ્રયોગો તેં કૃપાથી શા કરાવી તે બતાવ્યું છે.

નરક વિશે સુવાડીને નિરંતરની હૃદય ભૂમિકા
-ભરી ભરી ભાવ સંપૂર્ણ પ્રવર્તેલી રહેલી ત્યાં.

દિવસો આઠ પર્યંત નરક ઢગલા વિશે મુજને
-સુવાડી રાખીને, અદ્‌ભુત પ્રયોગો તેં કરાવ્યા છે.

હરિઃૐ

## જીવનઆદર્શ સૂઝ્યો છે

જીવનમાં કેટલી વાર ધમાચકડી મચાવી છે,
જીવન ચકરભમરડીમાં ફરાયાં શું કરાયું છે !

ગરીબીની રિબામણમાં તવાયાં શું જવાયું છે,
છતાં એવા જીવન વિશે જીવનઆદર્શ સૂઝ્યો છે.

ગરીબીથી થઈ મુક્ત જીવન એવું બનવવું કે
-'ચરણ નમતાં બધાં આવે, સલામો સહુ ભરે નમીને.'

જીવનઆદર્શ તે ફળવા લગાડ્યું લક્ષ ભણવાને,
બધી હોશિયારીથી પાર થવાવા દિલ પ્રોયું છે.

બધી તે યોજનાના શા પૂરા ભૂકા ઉરાડીને,
દિશા બીજી વિશે કેવો પરોવાવ્યો કૃપાએ તેં !

હરિઃૐ

## બધી ચિંતા અમારી છે

જીવનમાં ભાવનાકેરો પ્રવાહ જે વહેતો છે,
થતાં તે વાસ્તવિકતામાં, **दशा-जीव** આપ પલટાયે.

વિહાર કલ્પનાનો સૌ પછી અદૃશ્ય થાયે છે,
હૃદયની ભાવના રીતનું જીવનપાસું શું ફળતું છે !

જીવનની ક્રાંતિ હરિયાળી મથ્યો પ્રગટાવવા ખંતે,
થવા સાકાર તે, પગલાં ભર્યાં મેં તો કરેલાં છે.

જુદા જુદા પ્રકારેયે જીવનખેતી શી ખેડી છે !
થયેલો પાક ખેતીનો અસલ માલિકને સોંપ્યો છે.

જીવનના રોટલા ખાવાતણીયે ના ફિકર કંઈ છે,
જીવનમાલિક અમારાને બધી ચિંતા અમારી છે.

હરિઃૐ

## હૃદય બસ નિજ અસ્તિત્વમહીં

હવે બસ ગેલ કરવાની રમત રમવાની તુજ સાથે
-જીવનમાં મોજ પ્રગટી છે, શી રેલમછેલ રસની છે !

મજા આનંદની હૃદયે લૂટંલૂટા શી ચાલી છે !
લહર પર શી લહેરોનો ઉદધિ મસ્ત ઊછળતો છે !

હૃદય બસ નિજ અસ્તિત્વમહીં સંપૂર્ણ ડૂબ્યું છે,
બધુંયે વ્યક્ત અંતરથી પ્રસરતું રસથી ફાલ્યું છે.

બધું જે તે જ પ્રતિબિંબ નર્યું પોતાનું લાગે છે,
બધું નિજ અંતરે જે તે સમાયેલાનું દર્શન છે.

હરિઃૐ

# મનાદિ શાં ઠરેલાં છે !

અવળચંડા વિચારોમાં મનાદિ સંકળાયાં છે,
પલળવાં જ્યાં જરીક લાગ્યાં, વૃત્તિ ત્યાં સળવળેલી છે.

જીવનધ્યેય થકી ઊલટી, જહીં મનવૃત્તિ જાગી છે,
સવેળા ચેતવાનું દિલ જરૂર તેથી થયું મુજને.

વલણ, વૃત્તિ ઊગે તેથી જીવનનું માપ નીકળે છે,
જીવનના ઊર્ધ્વપથ તેથી મથ્યો છું વાળવાને તે.

**હરિ**ના માર્ગમાં જ્યારે ખરેખર રસ ઊંડો મુજને
-હૃદય લાગેલ છે, ત્યારે મનાદિ શાં ઠરેલાં છે !

હરિઃૐ

# મને પથનું કૃપાથી ત્યાં

અટપટી શી ગલીકૂંચીઓ જીવન જ્યાં સાંપડેલી છે,
જીવનઅટવિ વિશે પથ ત્યાં હું ખોઈ સાવ બેઠો જે.

ન કોઈ ભોમિયો ત્યાં છે, ન અવરજવર કશી ત્યાં છે,
રડ્યું ખડ્યું કોઈ મળતું ના, દશા વિપરીત થઈ મુજ છે.

છતાં અટકી પડ્યો ના છું, સતત શ્રમ ચાલવાનો તે
-કર્યાં કરતાંય, માહિતી મળેલી પથ વિશે ના છે.

શું અંતરતમથી આશ્રય ત્યાં લીધેલો પ્રાર્થનાનો છે,
મને પથનું કૃપાથી ત્યાં હૃદયમાં ભાન સ્ફુર્યું છે.

હરિઃૐ

# મથ્યો એક જ પુરુષાર્થે

જીવનની પ્રેરણા મુજને સતત ચેતાવતી રહી છે,
જીવન પરત્વેનો ભાવ હૃદય બઢવ્યા કરે છે તે.

જીવન જિવાડવા 'ભાવ' હૃદય મહત્ત્વનો શો છે !
સતત દિલ ભાવમાં લક્ષ મથ્યો પરોવવાને તે.

હૃદયના લક્ષને તેજ વધારે ને વધારે તે
-થયા કરવા વિશે કેવો પથે ગોદાટી પ્રેરી છે !

કરામત ધ્યેયની લગનીતણી એવી નિરાળી છે,
રહીને સાધનાભ્યાસે મથ્યો એક જ પુરુષાર્થે.

હરિઃૐ

# જીવનનું ધ્યેય ધગધગતું

જીવનને જીવતાં, જીવતાં, પડી દિલ સૂઝ ગયેલી છે,
અને તે સૂઝની રીતનું થતું વર્તન નિહાળ્યું છે.

હૃદય તાટસ્થ્ય જાગ્યાથી પૃથક્કરણ સૌ થતું રહે છે,
વલણ, વૃત્તિ અને દષ્ટિ સ્ફુરંતાં, તે બતાવે છે.

નિરીક્ષક ને પરીક્ષક શા તમે ત્યાં આપ પોતે છો !
તટસ્થ દિલતણી એવી કસોટી શી થતી છે સૌ !

જીવનનું ધ્યેય ધગધગતું જીવંતું પૂર્ણ જેનું છે,
રખેવાળી બધી તેની ખરેખર સૌ થતી રહે છે.

હરિઃૐ

# જીવનમાં લગની પ્રગટાવા

વિના ઉત્સાહ અંતરના જીવનવિકાસના પંથે,
-વધાયે આગળે કેમ ? મનાદિને મનાવ્યું તે.

ગરજ, લગની, થતાં ઉત્કટ હૃદય ઉત્સાહ ઊગે છે,
જીવનમાં લગની પ્રગટાવા, રહેલો સાધનાભ્યાસે.

**हरि**ને પદ ઢળી રહેવા જીવન જ્યાં સ્વાર્થ લાગ્યો છે,
મનાદિ શાં ચરણ ત્યારે વળેલાં આપ સૌ રહે છે !

**हरि**ની ભક્તિમાં જ્યારે મનાદિ લાગી ઝળકે છે,
ખુમારી ત્યારે જીવનની ચરણ ચોંટેલ ન્યારી તે !

હરિઃૐ

# કરુણાનો નથી પાર

જીવનના લુપ્ત સૂરોનો થવા ઉદ્ધાર જીવંતો,
કૃપાથી જે મથાયું છે, બધી સમજણ ઊગી છે તો.

જીવન કળીતણી સૌરભ બધી શી લુપ્ત થઈ ગઈ છે !
શું સૂકુંભટ લાગે છે ! નર્યું સૂમસામ જીવન તે.

છતાં કોઈક અદીઠ એવી મદદ જીવન મળેલી છે,
શક્યો રહી જીવતો, જેની જીવનમાં હૂંફ પ્રગટી છે.

કરુણાળુ, કરુણાનો ન જેનો ક્યાંય જોટો છે,
કરુણાનો નથી પાર શું અવધિ તે વિનાનો છે !

હરિ:ૐ

# જીવનઆદર્શ જુદો છે

જીવનમાં શાં પડેલાં છે દુ:ખો, તે તે સ્વીકારીને
-દબાયા દુ:ખથી વિના ઉપરવટ તે જવાયું છે.

જીવનમાં રોજનો કેવો સતત સંઘર્ષ ચાલે છે !
વળી શી વંચના નિર્દય ! નર્યો ઉપહાસ કેવો છે !

બધું હોવા છતાં આવું, જીવનઆદર્શ જુદો છે,
હૃદયથી શો સ્વીકારાઈ, જીવન જીવવા ચહેલું છે,

હવે જિવાવું અધકચરું નથી પોષાતું મુજને તે,
જીવનની આરપાર જ તો થવા નિર્ધાર્યું દિલમાં છે.

હરિઃૐ

## ગતકડાં સર્વ તારાં છે

લઢી લેવાનું પણ કરીએ કદીક કદી તારી સંગાથે,
શી ગોઠડી દિલ દિલ એવી અમારી તારી સાથે છે !

તુંયે ઓછો નથી ક્યાંયે, અમારી પર વીતક શાં શાં
-તું ખડકે રાખતો કેવાં ! તને આવે દયા ના ત્યાં.

છતાં તે વેળ સન્મુખ છે નજર સામે જ પ્રત્યક્ષ
-જીવંતું મુખડું તારું વધુ વધુ દિલ તેજસ્વિત.

કસોટી પ્રેમ ના કરતો, પરંતુ પ્રેમ દિલનાને
-પરિપક્વ થવા પૂર્ણ ગતકડાં સર્વ તારાં છે.

હરિઃૐ

## ઝબકી, જાગી હું ચેત્યો ત્યાં !

લહેકાઓ જીવનમાંના અનોખી ભાતનાયે તે
-પ્રસંગે નીરખી, તેમાં ભરાઈ ના પડાયું છે.

સુરખી ને સુરભી લહેકાની ભભકદાર છટામાં તે,
જવા લોભાઈ થયું જ્યાં દિલ, કૃપાએ ત્યાં જગાડ્યો છે.

હૃદય થડકાર જાગીને, અચંબો દિલ પમાડીને,
હસી હસીને શું અંધાપા પરે, પસ્તાળ પાડી છે.

જીવનપથની હું અટવિમાં કદીક ખોવાઈ જવાતો ત્યાં,
વલણ વૃત્તિથી સમજાતાં, ઝબકી, જાગી હું ચેત્યો ત્યાં !

હરિ:ૐ

# પડે દૃષ્ટિમાં નૂતન તે

જીવનના ડાયરામાંથી નવી નવી વાત જાણીને
-જીવન ઉતારવા એને પ્રયત્નો તો થયેલા છે.

જીવનવિકાસને પંથે બધું અડફટમાં આવે જે,
-ખરેખર સર્વ તે નૂતન અનુભવમાં ન આવ્યું છે.

જીવનનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પલટાતાં શાં રહે છે !
જીવનનાયે ચહેરાઓ પડે દૃષ્ટિમાં નૂતન તે.

અનુભવની શી દુનિયામાં બધું જ મૌલિક દર્શન છે !
જીવન ઉષાતણા રંગો અનુભવમાં શું પ્રેરક છે !

હરિ:ૐ

# કૃપા કરજે, કૃપા કરજે

કટોકટીનો ખરાખરીનો શરીર પ્રત્યેનો કેવો તે,
સટોસટનો શું સંગ્રામ બરાબરીનો જ જામ્યો છે !

બચાશે કે નહિ તેનું કશું નિદાન ચોક્કસેય
-કહી તે ના શકાયે છે, કૃપાનું કામ હાવાં છે.

કૃપા શી એકલી માત્ર બચવવાને સમર્થ જ તે,
હૃદયથી પ્રાર્થના કરીને કૃપા આમંત્રું છું હું તે.

કૃપા કરજે, કૃપા કરજે, કૃપા વર્ષાવજે તુજ તે,
અમારાં પાપ ને દોષો ભણી ના લક્ષ તું દેજે.

હરિઃૐ

## ઊંડું મંથન થતાં દિલમાં

જીવનને વેડફી દેવા ન કૈં તૈયારી મારી છે,
મળેલું તે જીવન ફળવા પૂરી કમર કસેલી છે.

વિના મર્દાનગી, જીવન રળાશે કોઈ રીતે ના,
પરાક્રમગુણને તેથી પરોવ્યો સાધનામાં ત્યાં.

સતત શા સાધનાભ્યાસે પરોવાઈ રહી ભાવે
-ઊંડું મંથન થતાં દિલમાં રહસ્ય કંઈક ખૂલે છે.

રહસ્ય દિલમાં એવાં જીવનમાં કંઈક ખૂલ્યાં છે,
હજી તો એકડે એક જીવન મંડાયેલો શો તે !

હરિઃૐ

# સ્વીકારી લઈશ તે હર્ષે

નર્યું ફિક્કાપણું, *ઠઠર જીવનનું ઉગ્ર લાગ્યું છે,
બધું સંપૂર્ણ મીટવવા હૃદય નિશ્ચય થયેલો છે.

પ્રફુલ્લિત શો જીવન ચહેરો ભરેલો ખુશબોથી તે,
-સુશોભિત તે ખીલવવાને કટિબદ્ધ થયો છું જે.

હવે પાછું જ હઠવાનું ન સ્વપ્નેયે ચહેલું છે,
ભલે આવે જ છો મૃત્યુ સ્વીકારી લઈશ તે હર્ષે.

જીવનઆદર્શને હાવાં કરી અમલીકરણ જીવને
-પૂરું કરી, વાળવા હાશ જીવન ઊછળી રહેલું છે.

* લાગણી વગરનું

હરિઃૐ

## કદી ઢીલા ન પડવાનું

છૂટાછેડા જીવનપથના કરી દેવા ચહેલું ના,
મળેલો યોગ તેને તો કૃપા માનેલ છે દિલમાં.

જીવનમાં ઊલટું મેં તો થતાં વિપરીત સંજોગો
-કૃપાથી પૂર ઉત્સાહે પૂરો સંગ્રામ ખેલ્યો શો !

પરાક્રમ નિત્ય જીવંતું શહૂર પ્રગટાવી પ્રગટાવી,
જીવનના સાધનાકર્મે પરોવાવું કર્યું દિલથી.

સતત મથવું, સતત મથવું જીવનનિશાન તાકીને
-'કદી ઢીલા ન પડવાનું' જીવનમાં જાણ્યું છે મેં તે.

હરિઃૐ

## કથની કથવાતણું ભાગ્ય

જીવન બદલાઈ જવા પાછળ બધો ઈતિહાસ શો ગૂઢ છે !
વળી પરિશ્રમ, તપશ્ચર્યા થતાં કેવાં રહેલાં છે !

સહી સહી કેટલું કષ્ટ જીવનનું ભાગ્યનું ચક્ર
-કૃપાથી કેવું ફેરવવા મથાવાનું થયું નિત્ય !

બધાં તે સાધનાપથનાં ભરાયેલાં જ જે ડગ છે,
જીવનની યાદગીરીનાં પડેપડ તે નિરાળાં છે.

જીવન **આ** ફેરવાયું છે, કઈ કઈ રીતથી, તેની
-કથની કથવાતણું ભાગ્ય હજી મારે ન જાગ્યું છે.

હરિઃૐ

## જીવનની ખુશનસીબી છે

જીવનના સાધનાપંથે પળેલું મન જે નિશ્ચિત છે,
'જવાશે છેતરાઈ કંઈ' ન ઉધમાત હવે મન છે.

થતું મન જ્યાં ગયું નિશ્ચળ, મરણિયું દિલ જાગ્યું છે,
થતા પુરુષાર્થનો નોક શું ત્યારે દિલ ઝળકે છે !

પથે ડગ જે ભરાતાં છે નર્યાં મક્કમ ધબકતાં છે,
વળી શું શૌર્ય ઝબકંતું જીવનનું ઑર ત્યારે છે.

જીવન તેજીલું કેવું તે ! નયન ચમકાર કેવો છે !
ચમકી ચહેરો ઊઠેલો છે, જીવનની ખુશનસીબી છે.

હરિઃૐ

## જીવનના ધ્યેયનું જીવન

બધું વીતી ગયેલું જે, કશું વિચારવાનું કૈં
-ન જીવન તે વિશે હાવાં, ન મનમાં તો રહેલું છે.

'જીવનના ધ્યેયનું જીવન ઘડવાને જ અર્થે તે
-કઈ રીત જીવવાનું છે,' મથામણ માત્ર દિલ તે છે.

નવી દિલ આગવી સૂઝ જીવનવર્તન વિશેની જે
-શી પડતી લાગતી હૃદયે ! મથામણની નિશાની છે.

હવે તો માત્ર જીવવાનું જીવનઆદર્શ કાજે છે,
ખુવારીમાં ખુમારીની ઝલક જીવંતી ઝળકે છે.

હરિઃૐ

## મરણિયો દિલ નિર્ધાર

ગહન દુઃખ કેટલી વાર કદીક મનમાં થયેલું છે,
છતાં ઓછું જરા મનમાં દીધેલું લાવવા ના તે.

કશી સગડગ કશા વિશે થતાં મન એકદમ ત્યારે,
થવા નિશ્ચળ, હૃદય મક્કમ શું પ્રગટાવ્યો જ નિશ્ચય છે !

મરણિયો દિલ નિર્ધારતણાં પગલાં જીવનપંથે
-પડંતાં, નીરખી નીરખીને હૃદય આનંદ વ્યાપ્યો છે.

જીવનમાં કેટલું કેવું જીવન ભરખી જતું'તું તે !
ભુલવણીમાં હવે તેથી પડાતાં, તુર્ત ચેતાયે.

હરિઃૐ

## પ્રયત્ન શાંત કરવા મન

કદીક સમજાવવા ઠેસ બધું સમજાવી દઈ મનને
-પ્રયત્ન શાંત કરવા મન, કીધેલો જાગૃતિથી છે.

જીવનમાં જીવતા રહેવાતણો આનંદ ન્યારો છે,
જીવનમાં બાકી સૌ કેવાં નર્યાં મુડદાલ **જીવે** છે !

જીવન મર્દાનગીથી તે હૃદયની ભાવ મસ્તીથી,
કૃપાથી જીવવાકેરું મળ્યું સદ્‌ભાગ્ય શું દિલથી !

હૃદયથી જીવવા તેવું તપશ્ચર્યા બહુ રીતે,
વળી તપ શાં જુદાં જુદાં ચહી ચહીને થયેલાં છે !

હરિઃૐ

## જીરવવામાં જીવન ધ્યેય

જીરવવું ને પચવવુંયે બધું તે નોખું, નોખું છે,
જીરવતાં યોગ્ય રીતે સૌ પચવવું યોગ્ય બનતું છે.

જીરવવામાં જીવન ધ્યેયતણો હેતુ જીવંતો છે,
સ્મરણની ભક્તિનો ભાવ પ્રયત્ને શો ઊતરતો છે !

થતાં સાધનના અભ્યાસે જીવન એકાગ્રતા જામ્યે
-હૃદય જે ભાવ પ્રગટે છે, કૃપા સમજ્યો હું દિલ તેને.

હરિઃૐ

## છતાં તરતો રહે છે તે

જીવનની આંધીનો પૂરો હૃદયથી સામનો કરવા,
-પૂરી તાકાતથી ભારે પ્રયત્નો તો કરેલા શા !

તહીં પરિણામની સહેજે ન મેં દરકાર ધારી છે,
થતું બનતું બધું નિજનું કર્યાં કરવાનું રાખ્યું છે.

સદા કર્તવ્યમાં નિજના ફળે પરિણામ તે રીતે,
હૃદય પુરુષાર્થમાં લગ્ન મથેલો શો રહેવાને !

બધું જે ભાગ્ય આવેલું પૂરું કરવા મથે છે જે,
નિરાશા છો ભલે આવે, છતાં તરતો રહે છે તે.

હરિઃૐ

## નવાઈ કેવી અદ્‌ભુત તે !

જીવનમાં મૂલ્ય શું કંઈ તે હૃદય, શ્રદ્ધાતણાં ના છે ?
જીવનમાં ભાવ જેવું શું ન અસ્તિત્વ ધરાવે છે ?

જીવનમાં ત્યાગ, સમર્પણ બધાં મૂલ્યો શું મિથ્યા છે ?
જીવનમાં એકલો માત્ર ખરે ! શું સ્વાર્થ સાચો છે ?

જગતમાં સ્વાર્થની ખાતર બધો શો ભોગ આપે છે ?
જીવનમાં સ્વાર્થને માટે બધાં શો ત્યાગ કરતાં છે !

પ્રભુપ્રીત્યર્થ કિંતુ **આ** જીવન જીવવાને કોઈને
-હૃદયમાં કોડ જાગે છે ! નવાઈ કેવી અદ્‌ભુત તે !

હરિ:ૐ

## મહદ ઉપકાર તેનો છે

ઊંડું ઊંડું જ નિરખાવી હૃદય જેણે મથાવીને,
પ્રવેશાવ્યો જીવન જેણે મહદ ઉપકાર તેનો છે.

પ્રવેશાવ્યા પછીથી પણ ગલીકૂંચીઓ વિશેથીયે
-નીકળવા માર્ગ બતલાવી મને પંથે ચઢાવ્યો છે.

પડાતાં પાછું ભૂલું ત્યાં મને શો હાથ પકડીને
-સીધે રાહે મૂકી દઈને ! શું રાખ્યો પાંસરો મુજને !

અનેક વાર વંદીને હૃદય તેને પ્રણામો છે,
હૃદય તેનાં ચરણકમળે કૃતજ્ઞતાથી ઝૂકે છે.

હરિઃૐ

## કૃપા કેવી હરિની શું !

સુદઢ ને સ્પષ્ટ વિચાર કર્યાં કરવાતણો જીવને
-પૃથક્કરણ કર્યાં કરવાતણો અભ્યાસ પાડ્યો છે.

પૂરો ઉપયોગ કરવાને પ્રભુએ બુદ્ધિ અર્પી છે,
જીવનઘડતર થવા કાજે કૃપાથી વાપરેલી તે.

નરકમાં શું લપેડાતાં જીવનને બુદ્ધિએ કેવું
-સુઝાડ્યું ને ઉગાડ્યું છે ! કૃપા કેવી **હરિ**ની શું !

હવેની આ ભૂમિકામાં નરકનોયે કરેલો શો
-બધો ઉપયોગ જીવનમાં, જીવનવિકાસમાં તેનો.

હરિ:ૐ

# ભજનમાંથી જ બળ ઊપજ્યું

થતાં સાધન રહેલાં છે, ઊંડો અભ્યાસ જેનો છે,
સતત અભ્યાસ એવાથી હૃદયબળ ઑર જાગ્યું છે.

જીવનમાં જાગૃતિ તેથી જીવંતી જાગી જે ગઈ છે,
હૃદય તે જાગૃતિથી તો કદી લેવાઈ જવાયું ના.

કૃપાની તે પ્રસાદીનાં કરું ગુણગાન શી રીત ત્યાં ?
**हरि**ને તેથી જીવનમાં સતત વળગી રહેલો તે.

હૃદય સજ્જડ બધી રીતે **हरि**ને શો ભજેલો છે,
ભજનમાંથી જ બળ ઊપજ્યું હૃદયના ભાવનું શું તે ?

હરિઃૐ

## પ્રયોગેથી જ જીવવું છે

થયું જે મુજથી સર્જન મમત્વ તેનું કેવું છે !
રહેવાતાં જ નિવૃત્ત તો જણાશે આપમેળે તે.

અવર કોઈ શાંત ઠેકાણે જઈને રહેવું, હું તેને
-જીવનથી ભાગી છૂટવાનું થયેલું, દિલ ધાર્યું છે.


કદી ભાગેડુ વૃત્તિને જરા સરખી ન સેવી છે,
રહી તેથી, સ્થળે તે જ, વર્તવું નિર્મમત્વે છે.

પ્રયોગાત્મક રીતે જીવન કૃપાથી કેવું ગાળ્યું છે !
હવે બાકીનું જીવન **આ** પ્રયોગેથી જ જીવવું છે.

હરિ:ૐ

## ખંડ - ૫

# ચરણ મોંઘામૂલા તે છે



ન જાણું ક્યાં જવાનું છે, ન ઠેકાણું જ પથનું છે,
ચરણની લાકડી ટેકે પથે જ્યાં ત્યાં જવાનું છે.

હરિઃૐ

## ચરણ મોંઘામૂલા તે છે

જીવનની આંટીઘૂંટીમાં કદીક ગૂંચાઈ પડેલો છું,
નીકળવાને મથ્યો તોયે વધારે ગૂંચવાયો છું.

છતાં ત્યાંયે ન ગભરાયો મૂંઝાઈ ના ગયેલો છું,
હૃદયથી હાથ પકડીને ચરણ સાહી રહેલો છું.

ચરણમાં તો બધું જે તે જીવનનું સર્વ મારું છે,
અનાથ સાવ મુજને તે ચરણ ઉદ્ધારનારાં છે.

મૂડી સર્વસ્વ જીવનની ચરણ મોંઘામૂલા તે છે,
ચરણનો આશરો લઈને નિરાંતે હું સૂતેલો છું.

હરિઃૐ

## ચરણ સેવ્યાં કરેલાં છે

**હરિ**ના પવિત્ર ખોળામાં શરણ જઈ, શિર નિશ્ચિંતે,
-મૂકી દીધા પછી કેવાં સરળતા, શાંતિ જન્મે છે !

પરંતુ ચરણમાં માથું મૂકી દેવું ન સહેલું છે,
હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટતાં તે સરળ સહેજે.

ભજનભાવ, સ્મરણ, કીર્તન, હૃદયના પ્રાર્થનાભાવે,
સમર્પણ ને નિવેદનથી ચરણ સેવ્યાં કરેલાં છે.

સતત અભ્યાસ જ્યાં દિલમાં ઊંડો પરિપક્વ જામ્યો છે,
પ્રગટતાં ભાવ ત્યાં ભક્તિ શી ઊભરાતી થયેલી છે.

હરિ:ૐ

# ચરણમાં સ્થાન આપ્યું છે

જીવનની ખુશનસીબી કે **हरि** ભજવાનું ઊગ્યું છે,
સ્મરણ રમઝટ ચલાવાતાં **हरि**ની ભક્તિ ચોંટી છે.

**हरि हरि** દિલમાં ઊંડો શું ગુંજારવ રણકતો છે !
સ્મર્યા વિણ દિલમાં **हरि**ને ઘડીભર તો ન ચાલે છે.

સ્મરણ **આ** શ્વાસની જેમ નર્યું લેવાનું શું રહે છે !
જીવનનું ગૂઢ તારતમ્ય **हरि**ભાવે પ્રિછાતું છે.

ચરણનો દાસનો દાસ થવા ના લાયકાત જ છે,
છતાં કેવું મને વહાલે ચરણમાં સ્થાન આપ્યું છે !

હરિઃૐ

## ચરણ ત્યાં લઈ જનારા છે

જીવનમાં મેં **હરિ**નાં તે ચરણને સૂક્ષ્મ પ્રતીકરૂપે,
શું સર્જનશીલ, ગતિશીલ, ઉપાડે ભાર તનનો જે !

કઠણ, કોમળ, બધું પરખે, ચરણમાં સામસામેના
-વિરોધાત્મક ગુણોકેરો સમાયો છે સમન્વય ત્યાં.

જવાનું યોગ્ય ઠેકાણું ચરણ ત્યાં લઈ જનારાં છે,
ચરણ એવાં **હરિ**કેરાં હૃદય ભક્તિથી ચાંપ્યાં છે.

જીવનનું પ્રેરણાસ્થાન ચરણ મુજને **હરિ**નાં છે,
ચરણની સેવી સેવીને હૃદય ભક્તિથી નાહ્યો જે.

હરિઃૐ

## ચરણ તારે ઢળેલો છે

મકરકૂદી જીવનમાં તો શી શી મુજથી થયેલી છે !
વળી તોફાન મસ્તીનો જહીં ના પાર આવ્યો છે.

બહુ રખડેલ સ્વચ્છંદી છતાં એવો ચરણ ગ્રહીને
-સ્મરી સ્મરીને, ભજન કરીને ચરણ તારે ઢળેલો છે.

હૃદય મળવાની આકાંક્ષા પ્રચંડ ઊભરાતી છે,
મનન ચિંતવન હૃદય તારું સતત ચાલ્યા કરેલું તે.

હવે એને હૃદય ચેન પડે ના તુજ વિના ક્યાંયે,
હૃદય બસ શો **हरि हरि** તે સતત પોકાર પાડે છે.

હરિઃૐ

## ચરણ ઢળવાની શી નિત્યે !

અઢારે ઊંટનાં વાંકાં કશાં શાં ઢંગ વિનાનાં
-બધાં અંગો ! **हरि** તેવું ખરેખર મારું સૌ શું ત્યાં !

છતાં તારે ચરણ આવી, સ્મરી સ્મરી દિલમાં તુજને,
બધી હિલચાલ મારી તો ચરણ ઢળવાની શી નિત્યે !

પ્રભુ તુજ પાસ નજદીક તો અવાવા દિલ ઝંખ્યું છે,
હૃદયની ઝંખનાએ તુજ વિચારોમાં મૂકેલો છે.

મનન ચિંતવનતણા ઊંડા હૃદય અભ્યાસમાં રહીને
-તને આલોકવા દિલનો બધો પુરુષાર્થ મારો છે.

હરિઃૐ

## ચરણ સાંકળ મને શી છે !

ચરણને સાહીને હૃદયે શું પકડેલો જીવનપથ છે !
ચરણનો આશરો, જેનો ન જોટો ક્યાંય મળતો છે.

ચરણ મારી દીવાદાંડી સમુદ્રે ડૂબતાને છે,
ચરણ શો નાવનો ટુકડો મને બચવા મળેલો છે !

મને સંસારથી તરવા સમુદ્રે નાવ ચરણો છે,
મને તે હાથ લાધી છે, ફિકર ચિંતા પછી શી છે !

ચરણની દોરી બાંધીને, ચરણ ખીલે લગાવીને,
ભલે ફરતો ગમે ત્યાં હોઉં, ચરણ સાંકળ મને શી છે !

હરિઃૐ

## બધો આધાર ચરણો છે

પતિત મુજ આંધળાકેરી ચરણ તો લાકડી શાં છે !
પથે તે ઠોકી ઠોકીને કર્યું છે ચાલવાને તે.

શું અથડાયો હું અડફટમાં ! છતાં ટેકો રહેલો છે,
ન કરથી તે પડી ગઈ છે, બધો આધાર ચરણો છે.

ન જાણું ક્યાં જવાનું છે, ન ઠેકાણું જ પથનું છે,
ચરણના લાકડી ટેકે પથે જ્યાં ત્યાં જવાનું છે.

મને નિશ્ચિંતતા દિલ છે ચરણ તે પ્રેરી પ્રેરીને,
મને ઠેકાણે પહોંચાડી જરૂર ઠામે ઠરવશે તે.

હરિઃૐ

## ચરણ શિરતાજ અમને તે

ચરણને સાહી રાખ્યાં છે, ચરણની ભક્તિથી હૃદયે,
-સ્મરી સ્મરીને, ભજી ભજીને ચરણ દિલ ઊપસાવ્યાં છે.

પછીથી તો ચરણની શી હૃદયમાં બાદશાહી છે !
જીવન શા થઈ પડેલા છે ચરણ શિરતાજ અમને તે !


જીવનમાંનો ચરણ લહાવો નશો એનો ચઢેલો છે,
ભલી ભલી બાદશાહી તે ચરણમાં ડૂલ થયેલી છે.

ચરણસેવા થકી અમને જીવનઅમૃત લાધ્યું છે,
નરી નિરાંતની સોડ ચરણમાં મસ્ત તાણી છે.

હરિઃૐ

# ખંડ - ૬

# થયો પુરુષાર્થ તે ભાવે



સકળ બ્રહ્માંડ આ કેવું વ્યવસ્થિત સર્વ ચાલે છે !
હરિના ભાવનું તેવું જીવનમાંયે વ્યવસ્થિત છે.

હરિઃૐ

# થયો પુરુષાર્થ તે ભાવે

હ્દયનો સાચો હાકોટો પડેલો છે હ્દય ત્યારે
-અચલ જીવંતી શ્રદ્ધાની અસલ ચીસ સાચી પડતી જે.

હ્દયનો **राम** શો ત્યારે છતો થઈને પ્રવર્તે છે !
જીવનના સર્વ દુશ્મનને હરવવા શક્તિ પ્રેરે છે.

**हरि**ને દિલ અનુભવવા હ્દય અગ્નિ જ સળગ્યો છે,
નિરાંતે જંપીને એણે કદી સૂવા ન દીધો છે.

હ્દયમાં ભાવના, શ્રદ્ધા જીવંતાં **आग** ઝરતાં છે,
થયો પુરુષાર્થ તે ભાવે જીવનઆદર્શ ફળવાને.

હરિ:ૐ

## જીવન જીવવાતણો લહાવો

**કળા** અગમ્ય અકળ શી છે ! ન કથવાની જ વાતો તે,
અનુભવ રસની ઊલટ ના કહેવાઈ શકાતી તે.

હૃદયથી મહાણી જાણીને અનુભવવાની દિલ શી તે !
નકામી બુદ્ધિ ત્યાં હેઠી પડે છે આપમેળે તે.

હૃદયનો ભાવ સર્વોત્તમ બધો બુદ્ધિથી પર શો તે !
જતાં બુદ્ધિથી મૂલવવા ગજું બુદ્ધિનું તહીં ના છે.

**હરિ**નો ભાવ જીવનને નર્યું રસબસ કરી દે છે,
જીવન જીવવાતણો લહાવો હવે તો શો મળેલો છે !

હરિઃૐ

# શું પ્રગટ્યું સૂક્ષ્મ આગળ તો

જીવન જેમ સૂક્ષ્મ બનતું છે, વધુ શી શક્તિ ખીલે છે !
જીવનની સૂક્ષ્મતા સાથે જીવનનું સ્થૂળ ઘટતું છે.

**हरि**નો ભાવ શો ગૂઢ જીવનની સૂક્ષ્મતામાં છે !
**हरि**નો ભાવ મેળવવા થવા સૂક્ષ્મ ચહેલું છે.

જીવનના સ્થૂળ વિષયથી તો જીવનના સૂક્ષ્મ વિષયમાં
-મનન ચિંતવન કરી કરીને પરોવ્યું દિલ છે તેમાં.

નિરંતરનો થતાં ઊંડો હૃદય અભ્યાસ જીવંતો,
પડી સ્થૂળ ત્યાં જ પછવાડે, શું પ્રગટ્યું સૂક્ષ્મ આગળ તો !

હરિઃૐ

# થઈ સોબત ગયેલી છે

હૃદય, શ્રદ્ધા, ઉભય કર, શાં બધો પુરુષાર્થ કરવાને !
મળેલાં છે, પછી ચિંતા કશી કરવાની ક્યાં રહે છે ?

જીવનઆદર્શની સમજણ હૃદયમાં ઊતરેલી છે,
થવા જીવંતી તે કર્મે બધા શા યત્ન માંડ્યા છે !

થતા પુરુષાર્થમાં ભાવ સતત રેડ્યા કરેલો છે,
**हरि** સ્તવતાં, **हरि** સ્તવતાં થઈ સોબત ગયેલી છે.

હૃદય સોબતતણા નાતે હૃદયમાં ભાવ ફોરે છે,
થવા સાકાર તે ભાવ મળેલાં કર્મ સઘળાં જે.

હરિઃૐ

## શું એવી રીત વર્તે છે !

હૃદયની ભાવમસ્તીમાં અનુભવી રાચતો રહે છે,
બધો સંસાર એનો તો હૃદયના ભાવનો શો છે !

વિના દિલ ભાવ જીવનમાં ન કૈં પ્રવૃત્તિ તેની છે,
થતાં પડકાર તેને જ્યાં અવરથી શો ભભૂકે તે !

સપાટી ભાવની દિલમાં નિરંતર એકસરખી છે,
પરંતુ કોઈકની અડફટ થકી જ્યાં ભાવ હાલે છે,
અનુભવી ચૂપ તે વેળા પડી પોતે ન રહે છે તે,
જીવનમાં સ્પષ્ટ વક્તા શો અનુભવી આપમેળે છે !

અને એવી જ કો વેળા મૂગોયે શો વળી રહે છે,
વળગતું લાગતું ના હો શું એવી રીત વર્તે છે !

હરિઃૐ

# હૃદય જે ભાવ પ્રગટે છે

**હરિ**નો ભાવ ન્યારો છે અકલ્પ્યો શો અનોખો છે !
હૃદયને તે ભીંજાવીને કરે અલમસ્ત કેવોયે.

હૃદય અલમસ્તીથી એવી હૃદય જે ભાવ પ્રગટે છે,
થતાં રહેતાં જ કર્મોમાં પડેલી છાપ કેવી તે !

હૃદયના ભાવમાં ઊંડી વ્યવસ્થિતિ ખરેખર છે,
ન ઉચ્છૃંખલપણું ત્યાં છે, અનુભવી તે પિછાણ્યું છે.

સકળ બ્રહ્માંડ **આ** કેવું વ્યવસ્થિત સર્વ ચાલે છે,
**હરિ**ના ભાવનું તેવું જીવનમાંયે વ્યવસ્થિત છે.

હરિઃૐ

# હૃદય મુજ राम જાણે તે

**हरि** વહાલપની ચિનગારી હૃદય મારે શી સળગીને
-પ્રજ્વલિત દિલ કરેલો શો ! હૃદય મુજ **राम** જાણે તે.

કદીક શી ઘેલછા પ્રગટી શું નાચ્યા મેં કરેલું છે !
પરંતુ દિલ સમજાતાં હું લાવ્યો ભાવ ઉપયોગે.

હૃદયના ભાવને ઊંડો શું પ્રસ્થાપિત થવા જીવને,
હૃદયની ધારણા ભાવે રહેવાયું કૃપાથી તે.

ઊંડો ઊંડો જ ભીતરમાં ખૂણેખૂણો જ પ્રજ્વલતાં,
સમાધિ ભાવની ઊંડી નરી વ્યાપી જતી શી ત્યાં !

હરિ:ૐ

## કશા સંકલ્પ ત્યાં ના છે

ઝલક આનંદની કેવી ઉછાળા મારતી રહે છે !
બધાં આધારનાં કરણો વિશે મસ્તીથી પ્રસરે છે.

નર્યો થનગનાટ સ્ફુરંતો હૃદય નર્તંતો ભાવ જ છે,
ખુમારી ત્યારે શી ઝળકે ! નશો કેવો ચઢેલો છે !

ખમીર ન્યારા પ્રકારે તે અનોખું દિલ પ્રગટીને
-ગગનની પાર પણ તે શું બધે છલકંતું ઊડે છે !

અહા ! ઊડવાની અદ્‌ભુત તે ગતિ શી ન્યારી ન્યારી છે !
ઠરી આકાશના કેંદ્રે કશા સંકલ્પ ત્યાં ના છે.

હરિઃૐ

## હૃદય બસ ભાવ ને ભાવતણી

હૃદયના ભાવના લીધે શી રેલમછેલ ભરતી છે !
હવે તો ઓટ જીવનમાં કદી ના આવવાની છે.

ભરતીમાં ઓછુંવત્તું તે જીવનમાં તો થવાનું છે,
છતાં એકંદરે ભરતી સપાટી નિત્ય કાયમ તે.

ઉછાળો ભાવ મસ્તાનો ઊછળતો ધોધ ઊછળે છે,
કશું આગળ કે પાછળનું તહીં ના ભાન વર્તે છે.

નિજાનંદે પૂરેપૂરા સમાયેલા જ અંતર તે
-હૃદય બસ ભાવ ને ભાવતણી ખુમારી ઑર જ છે.

હરિઃૐ

## કરામત કેવી તે અદ્‌ભુત !

હૃદય ઉદ્રેક શો ભાવ ભજન લલકારવાથી છે !
હૃદય શો ભાવ ઊછળીને બધે ચોમેર વ્યાપે છે !

હૃદયના ભાવની મુગ્ધ અસર શી સ્નિગ્ધ પ્રસરીને
-શું રેલમછેલ કરી મૂકી શી વ્યાપકતા બધેયે છે !

શરીરનાં દર્દની કેવી થતી જે વેદના ઉત્કટ !
વધારે સાલતી ના તે, કરામત કેવી તે અદ્‌ભુત !

ભજન લલકારવાથી શો હૃદયભાવ ઝળકતો છે !
હૃદયના ભાવનું અમૃત સચેતન તે બનાવે છે.

હરિઃૐ

# હરિનો ભાવ ઊછળે છે

ભજનભાવ, સ્મરણ, કીર્તનતણી રમઝટ ચલાવી છે.
થતાં સૌ કર્મની વેળા સ્તવ્યા **હરિ**ને કરેલો છે.

થતું જે જે પળે જેવું સમર્પ્યાં તે કરેલું છે,
નિવેદ્યા સહુ કરી કરીને નિકટતા દિલ સાધી છે.


નિવેદનના જ અભ્યાસે સતત નિયમ સધાયો જે,
થતો સંબંધ જીવંતો હૃદય કેવો રહેલો છે !

હૃદય સંબંધ બંધાતાં **હરિ** સંબોધવાની તે,
હૃદય લલકારવાનો શો **હરિ**નો ભાવ ઊછળે છે !

હરિ:ૐ

# ખંડ - ૭

# કરામત એવી દિલની છે



જીવનમાં દિલ જેમાં છે, બધું તે તે અનોખું છે,
ભલે પહેલાં ન ગમતું જે ભળંતાં દિલ, ગમે દિલ તે.

હરિઃૐ

# કરામત એવી દિલની છે

ખરેખરું દિલ જે વિશે ભળેલું ને હળેલું છે,
સમજવાનું વિશે તેનું પૂરું મેળે શું બનતું છે !

ખરેખર દિલમાં દિલથી બધું દિલનું થતું જે છે,
ઉમળકાની હૃદય ઉષ્મા બધી તેમાં નીગળતી છે.

કદી છાનું રહે દિલ ના, ઊછળતું દિલ પોતાને
-કરી એકાગ્ર તે પ્રત્યે વિષયમાં મેળવાવે છે.

ગળેલું દિલ જેમાં છે, તદાકાર વિષયમાં તે
-પૂરેપૂરો થતો રહે છે, કરામત એવી દિલની છે.

હરિઃૐ

# જીવનમાં દિલ જો છે તો

સ્મરણ, કીર્તન, ભજન નિશદિન કર્યાં કરવાથી મુજને તે
-પડ્યો અભ્યાસ જીવન જ્યાં શું ભળવા દિલ લાગ્યું છે !

ભળે છે દિલ જેમાં ત્યાં, ખરેખર રસ ઝરંતો છે,
જીવંતો દિલ વિના સાવ સૂકું શું ભટ લાગે છે !

જીવનમાં દિલ જો છે તો, બધાંમાં રસ પડંતો છે,
જગત સઘળું નર્યું કેવું બધું તરબોળ રસથી છે !

જીવનમાં ભાવરસથી દિલ બધું ઉત્પન્ન થયેલું છે !
જીવનમાં તેથી તો દિલને મહત્ત્વ ખૂબ દીધું છે.

હરિઃૐ

# બધી બલિહારી દિલની છે

સ્મરણ, કીર્તન, ભજન નિશદિન જીવનનો નિત્ય વ્યવસાય
-થઈ પડતાં અનુભવ શો થયેલો દિલનો કંઈ જે !

ભર્યું ભર્યું સર્વ લાગે છે, જીવનરસથી અનુપમ તે,
વલણ, વૃત્તિ, જીવનદૃષ્ટિ બધાં પલટાય રસથી તે.

બધી બલિહારી દિલની છે, કળા, ખૂબી જ દિલનાં છે,
બધું જે તે જ સ્વાભાવિક જીવનમાં રસથી લાગે છે.

જુદાં ચશ્માં, જુદી દુનિયા શું અલૌકિક રસથી છે !
ભળેલું દિલ જેમાં છે, બધું તે તે નિરાળું છે.

મહત્ત્વ દિલનું એવું જે અજબનું ને ગજબનું છે,
ભળેલું દિલ **હરિ**માંનું બધા રસમાં શું ભરપૂર છે !

હરિઃૐ

# પરંતુ દિલ જો સાથે છે

વિના દિલ સ્વર્ગ છો મળતું તેમાં મજા ના છે,
ઊછળતો દિલ આનંદ વિના દિલ ના કશામાં છે.

ભલેને છો સબડતા હો પરંતુ દિલ જો સાથે છે,
નર્યું અગવડભર્યું છો હો, છતાં સુખ દિલમાં લાગે છે !

શી અણમોલી હકીકત છે ! હૃદય જેમાં ભળેલું છે,
હૃદય દિલનો અનોખો ને અદ્વિતીય સંબંધ જ છે.

બધાં દિલ દિલ પોકારે, છતાં કોઈ દિલ ન જાણે છે,
કૃપાથી દિલની દુનિયા તો અમારી સાવ જુદી છે.

હરિઃૐ

## ખરે ! દિલ માત્ર પ્રીછે તે

સ્મરણ, કીર્તન, ભજન, નિશદિન કર્યાં કરતાં, મથી, ચહીને,
-મથંતાં નિત્ય અભ્યાસ થતાં દિલ ફૂટી નીકળે છે.

ભળંતાં દિલ અભ્યાસે છૂટે છે રસ પછી શો તે !
લખ્યાથી તે ન સમજાયે, ખરે ! દિલ માત્ર પ્રીછે તે.

બધા અણગમા પણ ને જીવનના પૂર્વગ્રહ જે છે,
પ્રગટતાં દિલ તે વિશે બધા ઊડી જતા તે તે.

ઊગંતાં, જાગતાં દિલ સૌ જીવનના ભેદ પીગળે છે,
થયેલા દૂર દૂર અંતર શું દિલથી પાસ આવે છે !

હરિઃૐ

## શું દિલ દિલને જ આકર્ષે !

નર્યો સદ્‌ભાવ અંતર છે, છતાં જો દિલ ન સાથે છે,
બધા ઉત્તમને બદલે ત્યાં નર્યું ઊંધું જ ભાસે છે.

જગતમાં ને જીવનમાં દિલ અનુપમ ભાગ ભજવે છે,
જીવન છો રણ સમું, તેને બગીચો દિલ બનાવે છે !

જીવન વ્યવહાર દિલનો તો શું દિલ દિલને જ આકર્ષે !
પરસ્પર દિલ દિલને તે પરસ્પર **एक** કરી દે છે.

હજારો માઈલ છો આઘે છતાં દિલને ન અંતર છે,
પ્રગટતાં દિલ સ્થળ, કાળ ઘડીભર તે ન ટકતાં છે.

હરિઃૐ

## ભળંતાં દિલ, ગમે દિલ તે

જીવનમાં દિલ જેમાં છે, બધું તે તે અનોખું છે,
ભલે પહેલાં ન ગમતું જે ભળંતાં દિલ, ગમે દિલ તે.

કઢંગું, કદરૂપું, ઊંધું ભલે હો વાસ્તવિકરૂપે,
છતાં જો દિલ ભળ્યું છે ત્યાં, બધું સુંદરમ્, શિવમ્, સત્ છે.

તમારું જે સ્વજન તેનું તમોમાં દિલ ભળ્યું ના છે,
તમારું ઉત્તમોત્તમ હો છતાં તેવું ન લાગે તે.

ભળંતું જે વિશે દિલ છે વિષય હાર્દ પરત્વે તે
-મનાદિને પરોવાવી, હળાવીને ભળાવી દે.

હરિઃૐ

# શી દિલની વાત ન્યારી છે !

સ્મરણ, કીર્તન, ભજન, નિશદિન થયા કરતાં જીવનમાં તે
-પડંતાં નિત્ય અભ્યાસ શું ફૂટવા દિલ લાગ્યું છે !

જીવનમાં ફૂટતાં દિલ તે નવાંકુર ઊગતા રહે છે.
બધું નવપલ્લવિત જે તે થયા કરતું જ લાગે છે.

જગત વ્યવહારમાં જ્યાં જ્યાં ખરેખર દિલ સ્પર્શે છે,
તહીં દિલ સ્પર્શનો જાદુ ચમત્કાર થતો રહે છે.

શી દિલની વાત ન્યારી છે ! રસીલું સર્વ દિલથી છે,
જીવનમાં દિલના ભક્ત થયા કોઈ વિરલા વીર તે.

હરિ:ૐ

## હજી દિલ રાહ નીરખે છે

નવી પ્રતિભા શી જીવનની અવર્ણનીય ને અગોચર જે,
રસામૃતના અનુભવથી હૃદય તે મહાલી જાણી છે.

પ્રતિભા જે નૂતન અદ્‌ભુત ન તે કોઈ એક ઠેકાણે,
પરંતુ શી બધે જ્યાં ત્યાં પ્રસરતી રહી જ મહાલે છે !


અનુપમ શો જીવન લહાવો અકલ્પ્ય રસનો, જીવન છે,
જીવનમાં જે કદીયે પણ અમે મહાલી ન જાણ્યો છે.

હજી એથીય આગળના અનુભવની હૃદયમાં તે
-શું ઉત્કટ ભાવ દિલનાથી હજી દિલ રાહ નીરખે છે !

હરિઃૐ

# ખંડ - ૮

# રસામૃત એ જ જીવન છે



જીવનમાં શો નર્યો રસ છે ! રસામૃતના જ સાગર છો !
છલોછલ શું રસામૃતથી નર્યું જે તે ભરેલું સૌ !

હરિ:ૐ

## રસામૃત એ જ જીવન છે

રસામૃતનો જ ઉપયોગ થવા દેવાનું પ્રીછ્યું છે,
કળા ઉપયોગની મુજને **हरि** તેં કેવી બક્ષી છે !

બધું ઉપયોગથી જ્ઞાન અનુભવ દિલ પ્રસરે છે,
પ્રસારી તે, પ્રસારી તે, ઊંડે ઊંડે જ ઊતરે છે.

શરીરનીયે દશા કોઈ અલૌકિક ભવ્ય મૌલિક છે,
કલમમાં શક્તિ કંઈ ના છે કશી દર્શાવવાની તે.

છતાં રસ તે જીવન સાચું હૃદય માત્ર પિછાણ્યું છે,
રસામૃત એ જ જીવન છે, અનુભવ એમ કથે શો તે !

હરિઃૐ

# છલોછલ શું રસામૃતથી

રસીલા ભાવઅમૃતની ન એની કોઈ વાણી છે,
પૂરું હોવા છતાં મૌન અવર્ણનીય ભાવ ઝરતો છે.

અદ્વિતીય અનોખો છે અનુભવમાં છતાં પાછો,
બધું અસ્તિત્વ સંપૂર્ણ પૂરું ભરપૂર ભરેલું છે.

નરી સમગ્રતા માત્ર સમાણી બિંદુમાં શી તે !
કશું હોવા છતાં ના તે, બધું જે તે જ સઘળું છે.

જીવનમાં શો નર્યો રસ છે ! રસામૃતના જ સાગર છો,
છલોછલ શું રસામૃતથી નર્યું જે તે ભરેલું સૌ !

હરિઃૐ

# સ્વરૂપે રસ हरि પોતે

જીવન રસ, રસથી ભરપૂર છે, છલોછલ રસ બધું જે તે,
કશું ના રસ વિના ઠાલી, બધું તરબોળ રસથી છે.

બધું સર્જન થતું રહે છે, ખરેખર રસને કારણ તે,
વિલય, પોષણ થતું રહે છે, બધાંનું રસને લીધે તે.

બધાંનું મૂળ અસ્તિત્વ સમાયેલું જ રસમાં છે,
ભલે દેખાય સૌ જુદું, બધું પરિણામ રસનું તે.

બધું અસ્તિત્વ જે કંઈ છે, બધું રસને જ લીધે તે,
સ્વરૂપે રસ **हरि** પોતે, છતાં ના માત્ર તેવો તે.

હરિઃૐ

## બધું જે તે પ્રફુલ્લિત છે

હૃદય આનંદ, ઊર્મિઓ, લહરીઓ પર લહર ઊડે,
શી મર્યાદા અતીત થઈને બધો આધાર નાહ્યો છે.

હૃદય આનંદ વર્ષાનો શું છંટકાવ અનોખો છે !
શું ભાષાનીય મર્યાદા વટાવી તે ગયેલો છે !

ગતિ હોવા છતાં ના ત્યાં અવર્ણનીય ગતિ શી છે !
કશા સંકલ્પ વિકલ્પો ટકી શકતા ન દીસે છે.

અનુપમ ખુશબોકેરી નરી રમઝટ શી વર્ષી છે !
બધું જે તે પ્રફુલ્લિત છે, નરી શી રેલમછેલ જ છે !

હરિઃૐ

# બધું રસ, રસ અને રસ છે

જીવન જીવવું, જીવન જીવવું, હવે કોઈ ન્યારું ન્યારું છે,
અમારે દિલ બધી દુનિયામહીં અજવાળું લાગે છે.

કશું તારા વિના ખાલી વિના રસ ના કશુંયે છે,
બધું રસ, રસ અને રસ છે, બધું રસનું બનેલું છે.

કશું મિથ્યા જરી પણ ના, બધું **હરિ**થી ભરેલું છે,
હૃદય સભાનતા રસની ઊંડે તળિયે શી વ્યાપી છે !

કણેકણ દિલ આધારે શું રસનો મસ્ત ઉદધિ છે !
હૃદયથી ગેલ અનુભવવા સુખદ દી સાંપડેલો છે.

હરિઃૐ

## ઘડી-પળ કેવી જીવનમાં !

ઘડી-પળ કેવી જીવનમાં અકલ્પ્ય ને અગોચર જે
-અનુભવની અમારે દિલ કૃપાથી રસ શી ઝળકી છે !

લહેરો શી ઊછળતા રસતણી જ્યાં ત્યાં જ છલકાતી !
નરી છાલક પરે છાલક બધે શી મસ્ત પ્રસરાતી !

ભીંજાયેલું બધું જે તે જગા ના કોઈ બાકી છે,
રસામૃતના અનુભવની ન અવધિ કંઈ રહેલી છે.

હવે બસ રસ અને રસ છે, વિના રસ ના કશુંયે છે,
સકળ બ્રહ્માંડયે રસથી છવાયેલું અનોખું છે.

શું ભાષા ત્યાં અધૂરી છે ! ન વર્ણવવા જ શક્તિ છે,
લૂલી મૂગી પડે કેવી ! પ્રયત્નોયે અધૂરા છે.

હરિઃૐ

## ભરાયેલું શું લાગે છે !

અમારે સુખનો વારો હવે જીવનમાં કેવો છે !
ન સરખાવાય કંઈ સાથે અનુપમ શો અગમ્ય જ છે !

સુખામૃત દરિયો ઊછળે છે, ન મર્યાદા કશી ત્યાં છે,
સ્થળે સ્થળ ને બધે જ્યાં ત્યાં પસારો **एनो** અદ્‌ભુત છે.

જુદી દુનિયા નયન ચહેરો શરીરના રોમરોમેયે,
બધું બદલાઈ ગયેલું છે, નવો અવતાર જાણે તે.

અનુપમ પણ જીવનની તે જીવનને તરબતર કરીને
-છલોછલ દિલ રસામૃતથી ભરાયેલું શું લાગે છે !

હરિઃૐ

# **हरिરસ ભવ્ય શો અદ્‌ભુત !**

નિમિત્તમાંયે નિમિત્તરૂપે શું કારણ નિમિત્તનુંયે તે,
બધાં કારણનું કારણ શું **हरि** છે માત્ર એક જ તે.

**हरि**ને કોઈ નિમિત્તાની મર્યાદા કશી ના છે,
**हरि** શો કારણાતીત તે અલૌકિક નિત્ય મૌલિક છે !

**हरि**નો શૂન્યમાં કેવો અવર્ણનીય અનુભવ છે !
છતાં તેમાંથી નીગળતું બધું જે તે રહેલું છે.

**हरि** ચઢિયાતો સહુથી તે શું ઉત્કૃષ્ટ વિશે ઉત્કૃષ્ટ !
બધાંથીયે અનોખો છે, **हरि**રસ ભવ્ય શો અદ્‌ભુત !

હરિઃૐ

## ફળી હાવાં શી પ્રત્યક્ષે !

**હરિ**રસ રંગની મસ્તી જીવનમાં ફોરી, ફાલી છે,
નસેનસમાં, રગેરગમાં ફુવારો મસ્તીનો ઊછળે.

શરીરના રોમરોમેયે પ્રવેશી ભાવ, ત્યાંયેયે
-થતો રહી વ્યક્ત રોમાંચ ઊગે આહ્‌લાદકારી તે.


જીવનમાં ભાવ કેળવવા ખીલવવાને મહેચ્છા જે
-ધરી શ્રદ્ધા, શી સેવી'તી, ફળી હાવાં શી પ્રત્યક્ષે !

નર્યો આધાર રસવંતો થયો શો ભક્તિના ભાવે !
જીવન સાર્થક્યનો લહાવો હવે બસ મહાલવાનો છે.

હરિ:ૐ

## ખંડ - ૯

# અનુભવ અને અનુભવી



બધી શી ભાવની દુનિયા શરીર ઇંદ્રિયથી કદી તે,
પિછાણી ના શકાતી છે, અનુભવ ભાવ જુદો છે.

હરિઃૐ

# પ્રમાણો તે અનુભવી દિલ

પુનર્જીવન વિના પામ્યા અનુભવ ચેતનાનો જે
-કદી પણ કોઈનેયે તો થવાનો ના જરી પણ તે.

જીવનનાં રૂપ રંગ રૂખ બધાં અંતરથી સંપૂર્ણ
-જતાં બદલાઈ લાગે ત્યાં, પ્રમાણો તે અનુભવી દિલ.

હૃદયમાં ચેતનાકેરો હૃદય ધબકાર ચેતંતો
-પ્રવર્તેલો ઊંડો લાગ્યે, અનુભવ તે થયેલો શો !

શરીર, ઇંદ્રિય ને કરણો, બધું હોવા છતાં અદકું
-બધું તે સૌથી અભ્યંતર ઊંડું લાગ્યે, અનુભવ શું ?

હરિ:ૐ

# ખરેખર તે અનુભવ છે

જીવન જે નિર્વિકલ્પ જ છે, પ્રતિષ્ઠિત દશા જીવને
-શું એકાકાર સંપૂર્ણ થતાં, અનુભવ પ્રમાણો તે !

જીવન સંપૂર્ણ સૂમસામ, કશું સ્પંદન કશા વિશે
-જરા પણ ઊઠતું ના છે, ખરેખર તે અનુભવ છે.

બધું કરતાં જ રહો છો ને વળી નિષ્ક્રિય સાથે છો,
અનોખા હો છતાં સહુથી, અનુભવ તે પ્રમાણો તો.

બધું અસ્તિત્વ સંપૂર્ણ વિલાઈ તે જતું છે, તે
-શી નિર્વિકલ્પ ભૂમિકા અનુભવની ખરેખર છે !

હરિઃૐ

## અનુભવ એ જ સાચો છે

કશું કંઈ પણ કર્યા વિના પડી રહેવું જ નિશ્ચિંતે,
વિના સંકલ્પ વિકલ્પ ખરેખર કાષ્ઠ મૌન જ તે.

ઉભય નિષ્ક્રિય, સક્રિય પળે એકી જ સંગાથે
-ખરેખર હોવું પ્રત્યક્ષ જીવંતું, ઈશ ભાવ જ તે.

હૃદય નિવૃત્તિ સંપૂર્ણ, છતાં પ્રવૃત્તિ પાછી છે,
ઉભયમાં આપ સંપૂર્ણ, છતાં પાછો ન તેવોયે.

ભળેલા છો પૂરેપૂરા, પળે તે સાવ નોખા છો,
અનુભવ એ જ સાચો છે, જીવન ચેતનનો જીવંતો.

હરિઃૐ

## અનુભવનો હૃદય મનનો

અનુભવની હકીકતને અનુભવી માત્ર જાણે છે,
અનુભવ જે વિશે જેનો ખબર તેની જ તેને છે.

વિના અનુભવ ન કોઈને કશી પિછાણ પડતી છે,
અનુભવ તેથી જીવનમાં જરૂરનો તો ખરેખર છે.

બધાં ચોમેર પાસાંનો અનુભવ એ જ જે તેનો
-બધી હકીકત પરત્વેની શી પહેચાન કરાવે શો !

વિના અનુભવની ડંફાસો શી પરખાઈ જ આવે છે !
અનુભવનો હૃદય મનનો ઊંડો રણકાર જુદો છે.

હરિઃૐ

## પળેપળ ત્યાં બધું નૂતન

અનુભવમાં અનુભવની અનેકે હારમાળા છે,
નિરાળી એક એકથી તે બધી ચઢિયાતી કેવી છે !

અનુભવ એકનો એક છતાં પાછો નિરાળો છે,
શી રળિયામણી બધી જાત અનુભવની જ મૌલિક છે !

નૂતન સૌંદર્યથી યુક્ત ઉષા આભા નવીન પણ છે,
પળેપળ ત્યાં બધું નૂતન જીવનનું સર્વ લાગે છે !

બધે જેમાં અને તેમાં જીવન નૂતન શું ધબકે છે !
જીવન સૌંદર્ય ચમકારો બધાંમાં ઑર રણકે છે !

હરિઃૐ

## બધું અસ્તિત્વ લાગે છે

અનુભવમાં અનુભવથી જીવન સંપૂર્ણ જીવે છે,
નરી સમગ્રતા તેને શી એકાકાર લાગે છે !

બધું હોવા છતાં પાછું નર્યું તે શૂન્યકાર જ છે,
કશુંક હોવાપણું પાછું નર્યું તે શૂન્યમાંયે છે.

કશુંક હોવાતણું ભાન નર્યું વિલીન થાયે જે,
સમાધિસ્થ પૂરેપૂરા થયેલા આપ છો ત્યારે.

જુદી જુદી ભૂમિકાની જુદી સભાનતા પણ છે,
હૃદય તે ભાનને લીધે બધું અસ્તિત્વ લાગે છે.

હરિઃૐ

## અનુભવનું જ સત્ તે છે

અનુભવનું અનુભવથી પ્રમાણ સર્વ મળતું છે,
ઊંચા ઊંચા પ્રદેશોની ખબર પડતી જતી શી છે !

જુદી જુદી ભૂમિકાના પ્રદેશો સર્વ ન્યારા છે,
હકીકત તે પ્રદેશોની જુદી શી એક એકથી તે !

બધું હોવાપણું તેના શું અસ્તિત્વની હૃદયમાં જે
-નરી સભાનતા, સાચું અનુભવનું જ સત્ તે છે.

હૃદયની ધારણા 'સત્'ની જીવંતી જાગૃતિ તેની,
જીવનમાં 'ચિત્'તણી તેની અનુભવની જ નિશાની.

અનુભવથી જ પ્રગટંતાં જીવન આનંદ નીગળતો,
બધું 'હોવાપણું' 'ચિત્'ના અનુભવથી જ આનંદ શો !

હરિઃૐ

# શું ઈંદ્રિયાતીત તે તે છે !

અનુભવમાં અનુભવથી બધું જે તે પિછાણ્યું છે,
અનુભવના પિછાણ્યાથી હૃદય કિંમત અનેરી છે.

અનુભવથી પ્રિછાવું ને, શરીર ઇંદ્રિયથી પ્રીછવું,
જમીન આસમાનનો ફેર જુદો જુદો નિરાળો શું !

શરીર ઇંદ્રિયનું જે જે પ્રિછાવું માત્ર સ્થૂળ જ તે,
અનુભવથી પ્રિછાવું તે શું ઇંદ્રિયાતીત તે તે છે !

છતાં ઇંદ્રિય ઇંદ્રિયથી શરીરની જે રમત ચાલે,
બધો આનંદ ત્યાંયે શો અનુભવનો રસીલો છે.

હરિઃૐ

## અનુભવ ભાવ જુદો છે

જીવનમાં તે રસેન્દ્રિય અનુભવથી શી ખીલે છે !
શરીરની શક્તિ પણ કેવી થતાં અનુભવ, બઢેલી છે !

અતિશય પીડનારા તે શરીરના રોગ કેવા છે !
છતાં સહેવાય છે પાછો નીતરતો ભાવ, જીવન છે.

અનુભવમાંથી ટપકે જે હૃદયનો ભાવ નિર્મળ તે,
શરીરમાં જે થતું તેથી ઉપરવટ ભાવ કેવો છે !

બધી શી ભાવની દુનિયા શરીર ઇંદ્રિયથી કદી તે,
-પિછાણી ના શકાતી છે, અનુભવ ભાવ જુદો છે.

હરિઃૐ

## અનુભવથી જ મળતો છે

અનુભવમાં અનુભવનાં નૂતન પાસાં જ ઊપસે છે,
ખૂબી પ્રત્યેકની શી ત્યાં નવીનતા ઑર જુદી છે !

જીવનનાં જે જુદાં પાસાં વિવિધ શી રીતનાં તે છે,
બધાંનોયે પરિચય તો અનુભવથી જ મળતો છે.

અનુભવ આંખની જેવી બીજી કોઈ આંખ તે ના છે,
અનુભવની શી ઇંદ્રિયતણો તે સ્વાદ ન્યારો છે !

શરીરમાંના હૃદય કરતાં અનુભવનું હૃદય કેવું !
જુદી કોઈ રીતનું તે છે, ન ભાષાથી કહેવાતું.

હરિઃૐ

## જગતજન શી રીતે સમજે ?

અનુભવી ભાવનો જુસ્સો અનુપમ કોઈ ન્યારો છે,
હૃદયના ભાવમાંથી શા બધા રણકાર ઊઠે છે !

થતા રહે વ્યક્ત એવા જે હૃદય ધબકાર રણકારે,
હૃદય ધબકાર જોશીલા જગતજન શી રીતે સમજે ?

જગત એની શી સમજણથી ઘડાયેલું જ ધોરણ જે !
બધું તેની પ્રમાણેનું સમજવા શક્તિ તેની છે.

મળેલાંનું બધું તેવું હું સાંભળી તો રહેલો છું,
ભલેને અણસમજ છોને ભલે પ્રસરાતી, નિશ્ચિંત છું.

હરિઃૐ

## ઊછળતી શક્તિ જેવી છે

અનુભવની પછીની જે જીવનમાં નમ્રતા તે છે,
શું સિંહગર્જના જેવી ઊછળતી શક્તિ જેવી છે !

કદીક તો શો ભયંકર તે ફૂંફાડો મારી ઊઠે છે !
ધ્રુજારી, દિલ કંપારી વછુટાવી શી દિલ દે તે !

છતાં પાછી શી માટીના સમા લોંદાની જેવી તે !
સમજવી દોહ્યલી એવી ખરેખર નમ્રતા તે છે.

જીવનના હાર્દના દર્દી રસીલા વિરલા કોક,
કદર તેની થવા, કોક ધરાવે દિલ સામર્થ્ય.

હરિઃૐ

## અનુભવીની નમ્રતા

શી નમ્રતા ઑર તેજસ્વી અનુભવની પછીની જે,
ન તે ઘેટાં સમી કિંતુ શી જુસ્સાથી ભરેલી છે !

જીવનની નમ્રતામાં તે અનુભવ શક્તિનો ઊંડો
-થતો રહે વ્યક્ત રણકાર ભભકદાર શું તેજીલો !

જીવનની નમ્રતાને તે ન સંસારી પ્રીછી શકશે,
જરૂર તે નમ્રતામાં તો **अहं** તેવાને પ્રિછાશે.

નમ્રતા જે અનુભવીની શી પારખવા હૃદય પારખ
-હૃદય ઊગેલી છે, તેવા શું ભાગ્યે વિરલા કોક !

હરિઃૐ

## તેજીલી અને ઠંડી અનુભવીની નમ્રતા

નમ્રતા જે અનુભવીની ઢીલીઘેંસ સમી ના તે,
ઊછળતી ને ભભૂકતી તે કદીક શી અગ્નિ જેવી તે !

મુલાયમતા છતાં કેવી રહેલી નમ્રતામાં તે !
કદીક તેજીલી, શી ઠંડી બરફની જેવીયે તે છે.

નર્યા સ્વચ્છંદી હુંકાર બધાંના પહોંચી વળવાને,
પૂરી તાકાતવાળી છે અનુભવથી ઊગેલી જે.

ભર્યા સંસારી ઘેઘૂર નર્યું અભિમાન કેવું છે !
છતાં બીજાંમાં કેવું તે શું આડુંઅવળું નીરખે છે !

હરિઃૐ

## અનુભવીની કળા ભવ્ય

અનુભવી નમ્રતાનોયે કરે ઉપયોગ જીવનમાં,
વળી દે ભાર કે જુસ્સો પ્રસંગોની પ્રમાણે ત્યાં.

થવું જ્યાં નમ્રમાં નમ્ર ધરે ત્યાં નમ્રતા શી તે !
કદીક શી ગર્જના સિંહ સમી કરતો રહે છે તે !

નિમિત્ત જે પ્રમાણેનું અનુભવીને મળે જીવન
-પ્રમાણે તેમ તે વર્તે, અનુભવીની કળા ભવ્ય.

શી નમ્રતાય એવાને નરી હથિયારરૂપે છે !
શી વાપરી માત્ર તે જાણે યથાયોગ્ય રીતે એને !

હરિઃૐ

# સરળ કોક નિહાળ્યા છે

સમજવું, કહેવું, સાંભળવું અનુભવીનું શું ઑર જ છે !
દરેકનો હેતુ પ્રીછી તે બધાંનું હાર્દ પરખે છે.

અને પ્રત્યેક **જીવ**નું તે ત્રણે ક્રિયા વિશે જુદું
-નર્યા વ્યંગ્યાર્થથી જોતાં, નિરાળું તે બધુંયે શું !

કંઈક **જીવ**ના સમજવામાં નર્યું ઊંધું જ આવે છે,
કંઈકમાં કંઈ નકારાત્મક બધું શું ઊગી આવે છે !

કંઈક શા સજ્જન **જીવ**માં હૃદય સદ્ભાવ નીરખ્યો છે,
પરંતુ ભાગ્યે સદ્ભાવી સરળ કોક નિહાળ્યા છે.

હરિઃૐ

## કળા જીવન વિશેની છે

જીવન વ્યવહારની જે તે બધી હિલચાલ પરત્વે જે
-વળી સંબંધમાં જે જે **જીવો** સંસાર મળતા છે,

બધાં તે તેની સંગાથે અનુભવી જુદું જુદું તે
-શું વર્તે છે જ વ્યવહારે અનુકૂળતા પ્રમાણે તે !

કદીક આઘાત જબ્બર શો શું કોઈને જ તે દે છે !
પરંતુ તે પ્રવેશાવા કળા જીવન વિશેની છે.

તમારું એકનું એક જીવનમાં પાંશરું ના છે,
તમે ગુસ્સો કરી તેને થવા સીધું મથો છોને !

ભલે સંસારી હો તોયે અવરમાં પેસવા કાજે,
બધી યુક્તિ પ્રયુક્તિથી જરૂર ત્યાં વાપરો છો તે.

અનુભવીનું બધું એવી ખરેખર રીતનું તે છે,
પરંતુ જ્ઞાન ભાવ જ ત્યાં પ્રવર્તેલો રહે શો તે !

હરિઃૐ

## નવું સર્જન પમાડે છે

બધા આનંદથીયે જે જુદો ન્યારો જ આનંદ તે,
અનુભવની ભૂમિકાનો ખરો આનંદ, જાણો તે.

અનુભવના જ આનંદે 'બધું હોવાપણાની જે
-ઊંડી સભાનતા જે છે' બધું તે તે સમાયું છે.

અનુભવનો જ આનંદ **હરિ**ભાવ નિદર્શક છે,
**હરિ** અસ્તિત્વનાં ઊંડાં શી જાગૃતિ ધારણા દિલ છે !

અનુભવનો જ આનંદ પ્રસરતો શો ગતિમાં છે !
જહીં જહીં સ્પર્શતો ત્યાં ત્યાં નવું સર્જન પમાડે છે.

હરિઃૐ

# જિવાતાં શ્રેય લાધશે


(અનુષ્ટુપ)

માનવી હો છતાં પાછો જે અનુભવી હોય છે,
તેને પિછાનવાનું તો એકંદરે અશક્ય છે.
કિંતુ પિછાનવું છોડી તેની સોબત **જીવને**,
દિલ નીગળતા ભાવે રાખ્યાથી, જોમ આવશે.
એક શી માત્ર સંપૂર્ણ **હરિ**ની ભક્તિને વિશે,
તે અનુભવી કાજે તો સ્હેલું સંપૂર્ણ કર્મ છે.
કિંતુ તેવો જ પાછો જો પ્રભુપ્રીત્યર્થ કર્મને
-જીવને વણી લેવાને પૂર્ણ ઉદ્યત હોય જે,
તેને સમજવો કેવો મુશ્કેલ તે બધી રીતે,
એના તે કરતાં, તેને ચાહવો યોગ્ય સૌ રીતે.
માથાકૂટ બધી મૂકી હૈયે હૈયાથી આપશે,
દિલથી દિલ મિલાવીને, જિવાતાં શ્રેય લાધશે.

હરિઃૐ

## ખંડ - ૧૦

# રસીલાં દર્દનો મહિમા



ટકોરાબંધ ખુમારી પ્રવર્તેલી જીવન વિશે,
અનુભવવા મળ્યો કીમિયો પ્રસાદી તે હરિની છે.

હરિઃૐ

## રસીલાં દર્દનો મહિમા

સહન કરતાં, સહન કરતાં શરીરનાં દર્દની ભારે
-થતી જે વેદના તેમાં કશું ના લક્ષ પ્રેર્યું છે.

ન એમાં બળ જરા મારું પરંતુ ધારણા **હરિ**ની
-કૃપાથી જે રહ્યા કરતી, મનાદિ તેથી પદ રહે છે.

વિના પ્રગટ્યા હૃદયહાર્દ કશાનું હાર્દ પમાતું ના,
રસીલાં દર્દનો મહિમા ખરો કોઈ દર્દી પરખે ત્યાં.

શરીરનાં દર્દનોયે શો બધો ઈતિહાસ ન્યારો છે !
છતાં તે સ્પષ્ટ કહેવાતો નથી, લાચારી શી તે છે !

હરિઃૐ

## ભયંકર દર્દના હુમલા

ભયંકર દર્દના હુમલા શરીર પર શા થયેલા છે !
સહન કરવાની મર્યાદા શરીરની પાર પહોંચી છે.

છતાં શું સ્વસ્થ રહેવાયે બધા મનના જ આધારે,
પડ્યો હોત બાકી ભાંગી હું જરૂર શા રોગના જોરે !

જગતમાં માનવીનું તો બધું મન, તન વિશે કેવું
-પરોવાયેલું જ સંપૂર્ણ રહ્યા કરતું પૂરેપૂરું !

કૃપાથી **આ** મનાદિ તો બધું નીરખ્યા કરે તનનું
રહીને દૂર ને દૂર શા ! **હરિ**ને ધારી દિલમાં શું !

હરિઃૐ

## હૃદય ભાવે ટકેલાં છે

શરીર નબળું બધી રીતે વળી કમજોર પૂરું છે,
છતાં મન જોરદાર જ શું ! **હરિ**ની મહેરબાની છે.

જીવનની ભાવના પરનો હૃદયનો ઝોક પુષ્કળ છે,
અને તે ઝોકની લીધે ઝરંતો ભાવ ટપકે છે.

હૃદયના ભાવને લીધે હૃદય જુસ્સો પ્રવર્તે છે,
જીવનમાં શક્તિ ને હિંમત હૃદય ભાવે ટકેલાં છે.

જીવનનો ભાવ શો કેંદ્રે સળગતો ચેતતો જ્યાં છે,
શરીર હોવા છતાં નબળું ન લેવાઈ જવાયું છે.

હરિઃૐ

# હૃદય મેં મૌન સેવ્યું છે

શરીરને કંઈક ને કંઈક થતું એવું રહે છે જે
-શરીર લાચાર સંપૂર્ણ થઈ કેવું જતું તે છે !

શરીરથી હિલચાલો ના કશી પણ થઈ ન શકતી ને
-શરીરને ઊંચકી ઊંચકી બીજાંનો દમ શું નીકળે છે !

‘**हरि** પ્રત્યક્ષ મુજ સેવા કરી પ્રેમે રહેલો છે’
-હૃદય તે ભાવ સેવીને હૃદય મેં મૌન સેવ્યું છે.

**हरि**ને મુજથી તસ્દી તે શી અપરંપાર પડતી છે !
શરમ માર્યો નીચું જોઈ બધું નીરખ્યા કરું છું જે.

હરિઃૐ

## પ્રસાદીરૂપ ગણેલાં છે

શરીરનાં દર્દની ઉગ્ર થતી જે વેદના રહે છે,
છતાં ભાવ મનાદિમાં પ્રવર્તેલો જીવંતો છે.

અખંડ ભાવની નિષ્ઠાતણો અનુભવ થવા કાજે
-મળેલાં દર્દને તેથી પ્રસાદીરૂપ ગણેલાં છે.

વિરોધી સર્વ સંજોગો વિશે જ્યારે મનાદિ તે,
સતત રહે ભાવની ધૂને, પ્રયોગાત્મક જીવન તે છે.

પ્રયોગ જ આવો પ્રત્યક્ષ થવાની તક મળેલી જે,
કૃપાનો શો મહિમા તે **હરિ**એ અનુભવાવ્યો છે !

હરિઃૐ

## હૃદયથી પ્રાર્થના થઈ છે

શરીરનાં દર્દનું સહેવું કદીક મુશ્કેલ લાગ્યું છે,
સઘનતા ભાવની ત્યારે ઘટેલી દિલ લાગી છે.

પ્રભુને સાદ પાડીને પ્રભુને તે નિવેદ્યું છે,
મદદ **एनी** જ મેળવવા હૃદયથી પ્રાર્થના થઈ છે.

હૃદયપોકાર **हरि**એ તો કૃપાથી સાંભળેલો છે,
વળી પાછો **हरि** બહેરો બની જાતો શું લાગે છે !

છતાં મેં છાલ ના **हरि**નો કદી પણ મૂકી દીધો છે,
સતત પછવાડે હું **एनी** પડ્યા કરી સંભળાવ્યું છે.

હરિઃૐ

## શી પ્રત્યક્ષ પ્રસાદી તે !

શરીરનાં દર્દના દુઃખે સહનશક્તિ બઢાવી છે,
સહજ શાંતિ અને શાતા પ્રસન્નતા જ જીવતાં છે.

અજાયબની ખરેખર શી જીવનની તે હકીકત છે !
ન માન્યામાં શકે આવી શી તાજુબી જ એવી છે !

**હરિ**ના ભાવની અંતર જીવંતી ધારણા જે છે,
હૃદય તે ધારણાબળથી જીવન કેવું ટકેલું છે !

સરળતા ને બધી સગવડ શરીરની આવી સ્થિતિમાં
-મળ્યા કરતી રહે છે તે, શી પ્રત્યક્ષ પ્રસાદી છે !

હરિઃૐ

## અંતર પ્રવેશાતાં હૃદયભાવ

શરીરનાં દર્દ સહેવાને શરીર ક્ષમતાની ઊણપ છે,
મનાદિના કરણ જેવી મુલાયમતા ન બનતી છે.

નર્યું તે સ્થૂળ નરાતાર વિશે ચેતનની પ્રક્રિયા,
શી યુક્ત કામયાબીની હજી પૂરેપૂરી છે ના !

શરીરની આગવી કેવી અલગ તો સભાનતા તે છે,
શરીરના મૂળ ગુણધર્મો ન બદલાયા હજીયે છે.

મનાદિમાં જ પ્રસરી તે ઊંડો ઊંડો ઊંડે અંતર
-પ્રવેશાતાં હૃદયભાવ થતાં એકાગ્ર કેંદ્રિત,

શું ઉન્મેષ થતો રહે છે હૃદયનો ભાવ આધારે !
શરીરના રોગનો ખ્યાલ જતો રહે છે બધો ત્યારે.

હરિઃૐ

# પ્રસાદી તે હરિની છે

શરીરનાં દર્દનું દુઃખ શું વ્યાપેલું અતિશય જે,
મનાદિને પરોવીને શું રાખે માત્ર શરીરે તે !

સ્થિતિ હોવા છતાં એવી મનાદિ ભાવમાં ભાવે
-સતત શાં આરપાર જ તે લગન **હરિ** ધારણામાં છે.

વિરોધાત્મક નર્યા સંજોગ વિશે જ્યાં ભાવને ટકવા
-કશી પણ શક્યતા ના છે, છતાં શો ભાવ વર્તે ત્યાં !

ટકોરાબંધ ખુમારી પ્રવર્તેલી જીવન વિશે,
-અનુભવવા મળ્યો કીમિયો પ્રસાદી તે **હરિ**ની છે.

હરિઃૐ

# ઝલક દિલ કેવી પ્રગટે છે !

શરીરનાં દર્દ તેં મુજને તને ચોંટાડી દેવાનો,
મનાદિને વિશે કેવો **हरि** ઉપાય શોધ્યો છે !

બધી તે સારીખોટીમાં પ્રભુ ! તુજ રીત કેવી કે
-મને તારા સ્મરણની તે ઝલક દિલ કેવી પ્રગટે છે !

શરીરનાં દર્દને કોઈ ન ઉત્તમ તો ગણી શકશે,
શું આશીર્વાદ છતાં તારો મળેલાં દર્દ વિશે છે !

વિસારી એક પણ ક્ષણ ના શકાયે મુજથી તુજને,
કૃપાથી આ થયાં દર્દ થવા ધન્ય મળેલાં છે !

હરિઃૐ

## મળ્યું સાધન મને ઉત્તમ

શરીરનાં દર્દની ઉત્કટ થતી રહે વેદના દિલ જે,
સઘનતા ભાવની ગૂઢ થવા શી તે મળેલી છે !

થવા દેવાનું તે ભાન અને તે હેતુને સાર્થક
-હૃદય જીવંતું જાગ્યું છે, સહેવાતાં જતાં દર્દ.

વધે જેમ રોગનું દર્દ દૃઢવવાને સઘન ભાવ,
જીવન લલકારવાકેરું મળ્યું કેવું મને સાધન !

શરીરને વેદના ઉત્કટ થતી વેળા જ ફાજલપુર,
ભજન લલકારવાકેરું મળ્યું સાધન મને ઉત્તમ.

હરિઃૐ

## જીવનની સાધના કેવી !

સહેવાતાં સહેવાતાં મળેલાં રોગ દર્દો તે,
ખુમારી ને ખમીરકેરી પરીક્ષાની કસોટી છે.

જીવન મર્દાનગીનીયે કરે તે તાવણી પાકી,
કૃપાના બળથી તેમાંથી થવાતું પાસ, દિલ સાક્ષી.

શરીરનાં દર્દ પ્રત્યક્ષ પ્રયોગો શા જીવનના તે !
અનુભવવા મળેલાં છે, કૃપાથી ત્યાં ટકાયું છે.

ભજન લખવા અને ગાવાતણી હિકમત સુઝાડી છે,
જીવનની સાધના કેવી થતી રહી તે લખાયું છે !

હરિઃૐ

## ભજનનો મસ્ત લહાવો છે

સહેવાતાં છતાં દર્દો ભજન રચવાની શક્તિ શી !
હૃદય પાંગરતી આવી છે, વિના વિચાર પ્રગટ્યાં છે.

ચપોચપ આપમેળે શું લખાતું સૌ ગયેલું છે !
કડીબદ્ધ સપાટાથી ઝડપથી તો લખાયું છે.

ગવાતાંમાં ગવાતાંમાં હૃદયનો ભાવ ઊછળ્યો છે,
હૃદય તે ભાવના નાદે પ્રફુલ્લિત શું થવાયું છે !

ભજનની મસ્તી બલિહારી ભજનનો ભક્ત પ્રીછે છે,
અવરને શી ગતાગમ ત્યાં ! ભજનનો મસ્ત લહાવો છે.

હરિઃૐ

## હૃદય મસ્તીથી ગાયાં છે

શરીરનાં દર્દ સહુ સહેતાં ન છણકાઈ ગયું મન છે,
શું મન ત્રાસી ગયું ના તે ! ન ઝંખવાણું પડેલું છે.

કૃપાથી જાગતા રહીને દરદ સઘળાં સહેલાં છે,
સહેતાંયે ભજન કેવાં હૃદય મસ્તીથી ગાયાં છે !

મળ્યાં દર્દ મને તેથી જીવનનાં સાધનાકેરાં
-કંઈક પાસાં ઉકેલાયાં, બધું તે તે લખાયું છે.

મળ્યાં દર્દ સહેવાતાં ભજન લલકારવાનીયે
-હૃદયમાં ભક્તિનો કેવો ઊછળતો વેગ મહાલ્યો છે !

હરિઃૐ

## તકેદારી શી રાખી છે !

થતાં નિર્બળ, સહેવાતાં પડાવે મનને તોબા તે,
ભયંકર દર્દને સહેતાં, બનાવે ત્રાહી ત્રાહી તે.

હૃદય સમજણ મને પાકી પૂરી સમજાઈ ગયેલી તે,
સતત તેથી હું ચેતીને રહ્યા સાવધ કરેલો જે.


જરી સરખીય નિર્બળતા રખે ભૂલેચૂકે કદી તે
-ન પેસી જાય જીવનમાં, તકેદારી શી રાખી છે !

શરીરને દર્દયે ભારે પડેલાં લાગુ કેવાં છે !
ગજા ઉપરાંતનું તે છે, છતાં વહાલો મદદમાં છે.

હરિઃૐ

# ખંડ - ૧૧

# સહેવું કાં ઉમળકે ના ?



જહીં સહેવાનું આવ્યું છે, સહેવું જો થવાનું છે,
બધું જો સહેવું પડવાનું, સહેવું કાં ઉમળકે ના ?

હરિઃૐ

## સહેવું કાં ઉમળકે ના ?

જહીં સહેવાનું આવ્યું છે, સહેવું જો થવાનું છે,
બધું જો સહેવું પડવાનું, સહેવું કાં ઉમળકે ના ?

થતાં વિચારમાં તેવા પૂરો મક્કમ થયો દિલ જ્યાં
-સહેવાનું ઉમળકાથી કૃપાથી તો બનેલું ત્યાં.

પછીથી તો સહેવામાં જીવનહેતુ ભળેલો તે.
વિકાસાર્થે જ સહેવાનું શી સમજણથી થયેલું તે !

સહેતાં દર્દ વસમાં તે હૃદયના ભાવનો જુસ્સો
-વધારે ને વધારે તે બઢંતો દિલ રહેલો શો !

હરિઃૐ

## ગરજ લીધે થયેલું છે

જીવનમાં છેક બચપણથી સહેવાનું જ પ્રગટ્યું છે,
શરૂ શરૂમાં સહેવાનું ગરજ લીધે થયેલું છે.

જુદા જુદા તબક્કામાં ગરજનાયે પ્રકારો છે,
જીવનનું ધ્યેય બદલાતાં ગરજ બદલાતી શી રહે છે !

ગરજને કારણે કેવું હૃદયમાં ભાન જીવનમાં
-રહે છે તીવ્રતમ ઊંડું વીંધંતું એકધારું ત્યાં.

સતત એવા જ ભાનેથી શહૂર જીવનનું બઢિયું છે,
જીવનનું તત્ત્વ અનુભવવા હવે શી તાલાવેલી છે !

હરિઃૐ

## સહન કરતાં, સહન કરતાં

સહન કરવું નીચી મૂડીએ ઘણું તે ત્રાસદાયી છે,
સહન ઉન્નત મસ્તકથી કર્યા કરવું, શું જીવન તે !

સહન કરતાં જ થાકીને જીવન જે હારી જાયે છે,
ન તેને ઊઠવાવારો કદી જીવનમાં જાગે છે.

સહન કરતાં, સહન કરતાં જીવનના ધ્યેય હેતુને
-સળંગે જીવતો ધારી જીવે, તે ધ્યેય પામે છે.

સહન કરવાની મર્યાદા થતાં દુઃખદર્દથી ક્યાંયે
-શી ઓળંગાતી લાગે તે ! છતાં **हरि**માં જ તે લક્ષે.

હરિઃૐ

# કર્યું મંડાણ ચાલુ તે

સહેવું તનનું જુદું છે, સહેવું મનનું જુદું છે,
સહેવું તનનું સંપૂર્ણ ઊંડા ભાવે ન લાગે છે.

સહેવું મનનું સંપૂર્ણ ઘણો લાંબો સમય ટકતું,
અને મનને શું ઉદ્વેગે શું સંઘર્ષણ કરી દેતું !

અશાંતિ કેવી ઉપજાવી બધું તે ફેંદી નાખે છે !
અવ્યવસ્થિત કરી દઈ સૌ ચણેલું સૌ ઉકેલી દે.

ફરી પાછો વધારે દિલ થઈ જાગ્રત મથી મથીને
-વધારે ભાવથી પાછું કર્યું મંડાણ ચાલુ તે.

હરિઃૐ

## ન કંટાળો પ્રવર્ત્યો છે

સહેવાનું થતાં દિલમાં ન કંટાળો પ્રવર્ત્યો છે,
સહેવાનું થતાં મનને **હરિ**ભાવે પરોવ્યું છે.

સતત **હરિ**ના સ્મરણમાં દિલ ધરાવીને, ધરાવીને,
મનાદિને શું ખેલંતાં **હરિ**રસમાં પલાળ્યાં છે !

સહેવાનું થતાં તેથી મનાદિને ન સ્પર્શ્યું છે,
છતાં ત્યાં ભાવની ઘનતા થતી ઓછી શી લાગી છે !

હૃદય તેની ચીવટ ધારી હૃદય ઉત્સાહથી ઊલટું
-વધારે ને વધારે તે પડ્યો સર્જન વિશે ઊંડો.

હરિઃૐ

# હરિની મહેરબાની છે

સહેવાનું થતાં દિલમાં જીવનના ધ્યેય હેતુએ
-શરીર નબળું પડતું છે, પરંતુ મન શું સાબૂત છે !

મનાદિ સર્વ કેવાં છે ! નર્યાં બળવાન મજબૂત તે,
-રહેલાં ચેતનાત્મક સૌ, **હરિ**ની શક્તિ પર શાં તે !

મનાદિને જીવંતાં મેં **હરિ**ના તે સ્મરણ ભાવે
-**હરિ**ની ધારણા પ્રત્યે પરોવેલાં જ ધાર્યાં છે.

ભયંકર તે બધાં દર્દે, મનાદિ સર્વ હોવાં તે
-પૂરાં સાબૂત ને સ્વસ્થ, **હરિ**ની મહેરબાની છે.

હરિઃૐ

## કૃપાની તે નિશાની છે

સહેવામાં સહેવામાં જીવન આખું વિતાવ્યું છે,
શરૂ શરૂમાં ગરીબીનું સહન કરવાનું આવ્યું છે.

પછી લાગી શી ભણવાની લગન જીવનમાં ભારે તે !
મને એણે સહેવાવ્યું, ન લાગ્યું ઝાઝું તે ધૂને.

પછી સંસારી જીવનમાં અનેકેવિધ સહેલું છે !
કૃપાથી ત્યાં મળ્યો હેતુ જીવનના ધ્યેયનો દિલને.

જીવનના ધ્યેયનો હેતુ ફળવવાની હૃદય તાને
-બધું જે તે સહેવાયું કૃપાની તે નિશાની છે.

હરિઃૐ

## હૃદય આનંદ તેનો શો !

સહેવાતાં જિગરનું તે ખમીર કેવું જણાયે છે,
સહેવાતાં ઉમળકે દિલ ખમીર તેજ થતું રહે છે.

સહેવાનું કરે ચાલ્યા, છતાં સર્જન કૃપાથી તો
-સતત ચાલ્યા કરે કેવું ! હૃદય આનંદ તેનો શો !

હૃદય આનંદથી તેવા મને પૉરસ ચઢેલું છે,
અને પૉરસના ઉત્સાહે મનાદિ શાં ભળેલાં છે !

સહેવામાં ભયંકર તે બધાંયે દર્દની ઊંડી
-થતી જે વેદના, તેની અસર તન પર થતી રહે છે.

શરીરની એટલી ક્ષમતા પૂરેપૂરી ખીલી ના છે,
જીવનની સાધના પૂર્ણ અધૂરી એટલી શી તે !

હરિ:ૐ

# મળી ચઢવાની નિસરણી

સહેવામાં શરીરશક્તિ જરૂર શી કેળવાતી છે !
સહનશક્તિ વધારે ને વધારે તે બઢંતી છે.

'સહેવું જે મળે તેને જીવનને ઊર્ધ્વ શિખર પર
-મળી ચઢવાની નિસરણી' સહેલું સહેવું તે રીત.

શરીરનુંયે સહેવું તે, મનાદિનું સહેવાનું,
ઉભયનો ફેર શો ભારે ! બહુ જ છે સૂક્ષ્મ તે બીજું.

શરીરના તે સહેવામાં શરીર માત્ર સહે છે તે,
મનાદિ ના ભળે તેમાં મનાદિ તો સ્મરણમાં છે !

સહેવાનું જ તેથી તો કૃપાથી તે જતું ફળતું,
સહેવું સહી શકાયું છે, બધા અંતરના બળથી શું !

હરિ:ૐ

## પ્રસાદી શી કૃપાકેરી !

જીવનને શી કમાવાની 'સહેવું જે મળ્યું તેને
-મહામોંઘામૂલી તક શી !' હૃદયથી મેં સ્વીકારી છે.

સ્વીકારી મેં ન તે માત્ર, પરંતુ તે વિશે હૃદયે
-'પ્રસાદી શી કૃપાકેરી' જીવનમાં તો અનુભવી છે.

સહેવામાં કદરદાની **હરિ**ની મસ્ત જાગી છે,
કળા એણે શી શિખવાડી સહેવાની જીવનમાં તે !

બધાં કપરાં જ તે દર્દો સહેવામાં જીવનમાંની
-બધી મર્દાનગીને તે મળ્યો પડકાર જાણ્યો છે.

જીવનમાં ઉગ્ર સંગ્રામ ખરેખર ખેલવાનો તે
-મને મોકો મળ્યો કેવો ! કૃપાથી ખેલી જાણ્યો છે.

હરિઃ ૐ

## हरि શો થાબડે પીઠ તે !

સહેવાતાં, સહેવાતાં હૃદય સમજણ સહેવામાં
-જીવંતી કેવી પ્રત્યક્ષ પ્રવર્તેલી રહી દિલમાં !

હૃદયની તેવી સમજણમાં જીવનના ધ્યેયહેતુનો
-ઊંડો ઊંડો જ શો ખ્યાલ જીવંતો જાગી તે ફાલ્યો !

સઘનતા, ખ્યાલમાં તેવા કૃપાથી જાગતી રહી છે,
હૃદય તેથી સહેવામાં હવે તો રસ પડેલો છે.

સહેવામાંય પ્રગટે છે, ભૂમિકા એક એવી જે,
સહેવાતાં જતાં હૈયે **हरि** શો થાબડે પીઠ તે !

હરિ:ૐ

# સદા હર્ષેથી સહેવાનું

સહેવાતાં સહેવાતાં સહેવાતાં જીવનભાને,
જીવનમાં છેક સુધી તો 'સહેવું' ભોગવેલું છે.

સહેવું નીચી શી મૂડીએ ! વળી હેરાન થઈ થઈને,
મનથી ત્રાસી જઈને, તે સહેવું સૌ નકામું છે.

સહેતાં ત્રાસથી જીવન જતું પડતું નીચે નીચે,
કદી પણ ઊઠવા વારો શું તેમાંથી ન આવે છે !

દબાતો જાય તે કેવો થતો નિર્બળ રહે છે તે !
કૃપાથી મન તે સમજાતાં સહન કરતું જવાયું છે.

સદા હર્ષેથી સહેવાનું કર્યાં કર્યું છે જ તેથી તો,
**हरि** ભજવા જ દિલ તેથી કર્યું સંકોર્યાં ભાવે શું !

હરિઃૐ

## હૃદય વિશ્વાસ ત્યાં જાગ્યાં

સહન કરવા વિશે ભાન, હૃદયની પ્રેમભક્તિનું
-જીવનમાં જે ઊપજતું છે, મને એણે ટકાવ્યો છે.

જીવનની જાગૃતિકેરું અનુપમ શું અતુલ બળ જે,
-સહન કરવા વિશે મુજને બળે ટેકાવી રાખ્યો છે.

થયા એવા અનુભવથી જીવનમાં ઑર જીવંતાં
-ભરોંસો, આત્મબળ શાં ને હૃદય વિશ્વાસ ત્યાં જાગ્યાં !

સતત શા કેટલી વાર અનુભવ દિલ થયેલા છે !
જીવનને ચેતનાશક્તિ ટકવવા કેવી નિર્ભર તે !

હરિ:ૐ

# સહનનું મૂળ સમજ્યો તે

સહન કરતાં, સહન કરતાં સહનના હાર્દનો શો મેં
-ઊંડો વિચાર ધરી ધરીને સહનનું મૂળ સમજ્યો તે.

શરીરના ગુણધર્મ જ તે શરીરની આગવી નિજની
-મૂળે જે પ્રકૃતિશક્તિ, તહીં ભાગ ભજવતી શી !

છતાં પ્રકૃતિની શક્તિ થકી નિરાળી શક્તિ જે
-તણું દિલ ભાન જાગેલું, સહન કરવા જ મદદે તે.

શું અંતરતમ સૂતેલું તે હૃદયબળ આત્મનું જે છે,
થતાં સાધનના અભ્યાસે કૃપાથી દિલ જાગ્યું છે.

હરિઃૐ

## સહન કરતાં ઉમળકાથી

સહન કરવું જ તપ દિલથી અમે સ્વીકારી લીધું છે,
સહન કરતાં ઉમળકાથી જીવનબળ તો ઊગેલું છે.

સહન કરવાનું બહુ રીતે અનેકેવિધ પ્રગટ્યું છે,
સહન કરવું સ્વીકારાતાં જીવન શી સાધના થઈ છે !

સહન કરવાતણાં પાસાં જુદાં જુદાં જીવનમાં તે,
સહન કરવાથી દિલભાવે, તપશ્ચર્યા થયેલી છે.

સહેવાતાં શું દુઃખદર્દો સહનશક્તિ, ધીરજ આદિ
-ગુણો બીજા ખીલેલા છે, જીવનની તે કમાણી શી !

સહેવાતાં, સહેવાતાં જીવનહેતુની સમજણથી
-હૃદયમાં ભાવ ગુણશક્તિ ખીલ્યાં કેવાં કરેલાં છે !

હરિઃૐ

## બરાડા બૂમ પાડ્યાં છે

જીવનમાં કેટલી વાર ગરીબીમાં સહેવાનું
-મને જે આવ્યું તેમાં તો જરૂર મુજથી દબાવાયું.

શરીરમાં જ બધું ભાન પૂરેપૂરું રહ્યા કરીને
-સ્વજન જે આસપાસે છે કર્યા છણકા જ તે સૌને.

બરાડા બૂમ પાડ્યાં છે, બહુ ત્રાસી જઈ જઈને,
કશું ના ચેન ત્યારે તો મને પડતું જ લાગ્યું છે.

**हरि** ભજવાની દાનત ત્યાં મને ત્યારે ન પ્રગટી'તી,
શરીરના હાલહેવાલ થયા બેઢંગ ત્યારે શા !

હરિઃૐ

# ન વળવા જંપ દીધો છે

ગરીબીમાં શું બચપણથી સહેવાનું થયેલું છે,
સહેલું સહેવું ત્યારે તે જરા સરખું ન લાગ્યું છે.

બરાડા પાડી પાડીને શી ત્રાહ ત્રાહ પુકારી છે,
ઊંચી નીચી શી મુજ માને ચિઢાવી ખૂબ કરેલી તે !

થતાં દુઃખદર્દના ભાને નજીકનાંને સતાવ્યાં છે,
કરી હેરાન નાખ્યાં છે, ન વળવા જંપ દીધો છે.

હું કંટાળ્યો હતો કેવો ! હજી તે યાદ આવે છે,
કૃપા **આજે હરિ**ની કે ન તેવી મુજ દશા થઈ છે.

હરિઃૐ

## મને તેથી મથાવ્યો છે

ગરીબીમાં મને ભારે જીવનમાં શ્રમ પડેલો છે,
તૂટી જાય હાડકાં એવી કડી મહેનત થયેલી છે.

છતાં તે શ્રમની પરમાણે પૂરાં દામ મળ્યાં ના છે,
ગરીબોની ગરીબઈનો ઊંધો લેવાયો લાભ જ છે.

ગરીબીથી ઊંચા સ્તરમાં ઊંચે ઊંચે પ્રગટવાને,
અભિલાષા જીવન થઈ છે, મને તેથી મથાવ્યો છે.

હૃદયના ભાવ ઊંચાની ગરીબી ન્યારી કેવી છે !
હવે તેવી ગરીબીમાં જીવનથી ધન્ય ઠરવું છે.

હરિ:ૐ

# એવા નિઃસ્પૃહ આપથી

(અનુષ્ટુપ)

પ્રેમમાંયે પીડા શી શી તે અચાનક આવતી !
સહેતાંય હ્દે તેને આનંદ એકમાત્ર છે.

સહેવાનુંય જે હર્ષે પ્રભુપ્રીત્યર્થ થાય છે,
વહોરવુંયે પડે મૃત્યુ ન્યારો કોઈ પ્રકાર છે.

છો મહારથી સંસારી ભલેને હોય, તે છતાં
-સ્વાર્પણભાવ એવાનો શક્તિ પારખવા ન ત્યાં.

જતાં પારખવા એને શા પરખાઈ જાય છે !
છતાં સંસારી તો ચાલ પોતાની મૂકી દે ન તે.


શ્રેયાર્થીને પડી ના છે એવા સંસારીની કશી,
એ તો આપ પડેલો છે કર્મે સંપૂર્ણ તાનથી.

કોણ કેવું શું બોલે છે એને ભાન, છતાં નથી
-કશી જ પરવા સ્હેજે એવા નિઃસ્પૃહ આપથી.

હરિઃૐ

# ખંડ - ૧૨

# ન સંસારી સમજી શકશે



હૃદયની મૈત્રી જેની છે, જતું કરવા જ તે માટે,
હૃદય તત્પર બન્યું રહે છે, ખૂબી મૈત્રીની એવી છે.

હરિઃૐ

## ન સંસારી સમજી શકશે

બધી સંસારીની સમજણ તમારી જેવી જેવી છે,
બધું તે તે પ્રમાણેનું ગળે તેવું જ ઊતરશે.

અનુભવીની જ જે કક્ષાતણી સમજણ રહેલી જે,
હૃદય જે તેની પાછળ છે, ન સંસારી સમજી શકશે.

શું તેમની તેમની રીતે બધું તેનું જ સમજે છે,
સમજવાને ખરું મૂળનું ન શક્તિ કોઈનામાં છે.

થતી છે ગેરસમજૂતી અનુભવીને વિશે શી તે !
છતાં નિઃસ્પૃહ પોતે શો ! ન સમજાવા જ બેસે છે !

હરિઃૐ

# કશું ના જાણવાનું છે

કશું ના જાણવાનું છે, કશું ના પૂછવાનું છે,
કશું ના માગવાનું છે, લઈ લેવાનું ના કંઈ છે.

હઠી મનથી જઈ જઈને બધાંમાંથી જ નીકળીને,
કશા સાથે ભળી હળી ના, અનાસક્તિ જ કેળવી છે !

નીરવતા, શાંતિ સંપૂર્ણ બધે આધાર વ્યાપે છે,
બધાંનું મૂળ ત્યારે શું જણાતું આપમેળે છે !

પરંતુ જાણે કંઈ કશુંયે ન બનતું કે બનેલું છે,
રહે શો સાવ મૂગો તે ! અસ્પૃશ્ય સર્વથી શો તે !

કશી લેવા ન દેવા છે, નર્યો નિઃસ્પૃહી કેવો છે !
છતાં સંપૂર્ણ હો ભળતો, ન તોયે તે ભળેલો છે.

હરિઃૐ

## નઠારું કે ભલે સારું

તમારી રીતથી જીવન અમારે જીવવાનું ના,
અમારી રીતથી જીવવા હૃદય મસ્તાન પૂરા શા !

જીવનની કોઈ હકીકતથી અમારે જાણવાનું ના,
ઊભું જે સામું આવી તે ભલું સ્વીકારવાનું ત્યાં.

નઠારું કે ભલે સારું ગમે તે આવ્યું હો જીવન
-ભજવવાનો જ છે ભાગ તહીં શું ભાવ અસ્તિત્વ !

કશું તે રીત ગણતરીમાં ન લેવાનું અમારે છે,
હૃદય જેમાં અને તેમાં અમારે રેડવાનું છે.

હરિઃૐ

## હૃદય મુજ માત્ર પ્રીછે શું !

હવે જીવન નવું જીવવા નવી દુનિયા નિરાળી છે,
ન જેને જોઈ'તી સ્વપ્ને હવે સાકાર દિલ થઈ છે.

હૃદય તુજ રાજીપાની શી હૃદય અમ ગમ પડેલી છે !
ગતકડાં તુજ સાથે શાં હૃદય રસવાની લહેજત છે !

વિના કારણ અમારા પર નયન તુજ દૃષ્ટિ અમીની જે
-શી વર્ષાવી અનર્ગળ તે રસામૃતમાં નવાડ્યો છે !

અણુ અણુમાંથી પ્રસરીને બધાં રોમાંચમાં કેવો !
ઊંડો અનુભવ પ્રવર્તેલો હૃદય મુજ માત્ર પ્રીછે શું !

હરિઃૐ

# ખૂબી મૈત્રીની એવી છે

હૃદયની મૈત્રી જેની છે, જતું કરવા જ તે માટે,
હૃદય તત્પર બન્યું રહે છે, ખૂબી મૈત્રીની એવી છે.

હૃદયનો ભાવ મૈત્રીનો સતત તે ભાવને જીવતો
-જીવનમાં રાખવા તેજ થવા પ્રતિષ્ઠિત ચહે કેવો !

સમર્પણ, ત્યાગ સર્વસ્વ બધું જે તે જ અર્પીને
-પૂરેપૂરું જ દેવાને હૃદય સુખ, ભાવ ઝંખે છે.

સમાઈ એકરૂપ જીવન હૃદય તાદાત્મ્યના ભાવે
-થવા સંપૂર્ણ ઊછળીને ઉમળકાભેર તત્પર તે.

હરિઃૐ

## અમારે વર્તવું કેમ ?

‘અમારે વર્તવું કેમ ?’ બધાં જે તે બતાવે છે,
પરંતુ વર્તવું કેમ ન નિજનું કોઈ જાણે છે !

તમારે જો ન આચરવું જીવનઆદર્શની રીતે,
પછીથી દોડવું પાછળ બધું મિથ્યા જવાનું તે.

જીવનઆદર્શનું વર્તન હૃદયભક્તિથી પાળ્યું છે,
ફનાગીરી, સમર્પણને અમે દિલથી વરેલા તે.

જીવનઆદર્શને માટે અમે શું શું કર્યું ના છે ?
અમારે સર્વને ગાજી વગાડી કંઈ ન કહેવું છે.

હરિઃૐ

# જીવન સર્વસ્વ અર્પીને

મને જે મળવા આવે છે, બધા શ્રેયાર્થી તે તે છે,
ભૂલેચૂકે કદી એવું ન માની કોઈ લેશો તે.

અનેકેવિધના લોક કને મુજ આવતા જે તે,
ધરી દિલ લક્ષ પોતાનું ખરું નિજ સાધવા અર્થે.

**हरि**ને અર્થ તો કોઈ રડ્યુંખડ્યું જ આવે છે,
વળી તેમાંય ભલીવાર જીવન ઊગવા વિશે ના છે.

**हरि**ને કાજ જીવનને ફના કરનાર કોક જ તો,
જીવન સર્વસ્વ અર્પીને જીવન રળનાર ભાગ્યે કો !

હરિઃૐ

## અમારાથી થતું સઘળું

તમારી દક્ષિણાને કૈં અમે અમથી ન લીધી છે,
અમારાથી થતું સઘળું કરી ચૂકીએ, કરી ચૂકીએ.

અમારી પાસ કોઈયે જીવનમાં શક્તિ નવ તે છે,
**हरि**ને ધા ચરણ દેવાતણી તે ભાવના દિલ છે.

જીવનની ભાવશક્તિને પૂરેપૂરી જ **આ** કર્મે
-અમે લગાડવા કેવા કૃપાથી મસ્ત ત્યાં છીએ !

થવું કે ના થવું તેની કંઈ વિચારણા દિલ ના,
બધું જે કર્મને યોગ્ય કર્યાં કરવે શું રાચેલા !

હરિઃૐ

# વફાદાર થજો તેને

મને મહોબતતણો દાવો બધાં કરનાર જે જે છે,
હૃદયની પ્રાર્થના મારી બધાંને પ્રેમથી છે કે,
‘તમે જોઈ વિચારીને કૃપાથી બોલજો જે તે,
તમારો દાવો જો સાચો, વફાદાર થજો તેને.’

હૃદયની પ્રેમમહોબત તો ન છાની તે પડી રહે છે,
બતાવી સ્પષ્ટ દે વર્તન, બધું વર્તનથી પરખાયે.

જીવનમાં પ્રેમીને કાજે હૃદય પરમાર્થ, ત્યાગ જ જે
-રહે છે મોખરે જ્યારે, શી સાચી પ્રેમમહોબત તે !

થતું જો તેમ જીવનમાં શકો નીરખી અનુભવથી,
હૃદય મહોબતતણો દાવો પ્રમાણો સત્ય તો દિલથી.

**॥ હરિઃ ૐ ॥**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્‌લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી
લેખકના બે બોલનું
સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧
અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

હરિ:ૐ

આ પુસ્તકનું નામ મેં 'જીવન-તપ' આપેલું છે ને જીવનમાં છેક બાળપણથી માંડીને આજ સુધી માત્ર સહન કરવાનું જ આવ્યું છે. ને તે સહેવાનું કઈ કઈ રીતે, કઈ કઈ ભાવનાથી, કયા કયા હેતુમૂલક ઉદ્દેશથી, કઈ કઈ જ્ઞાનવિકાસક સમજણથી તે બધું વિગતથી ગાયું છે. તે ઉપરાંત અનુભવનાં બીજાં ગીતો ગાયાં છે તે બધાં જુદી જુદી ભૂમિકાનાં છે અને જેમ જેમ સાધના શ્રીપ્રભુકૃપાથી થતી ગઈ હતી અને તેમ તેમ તેનાં પાસાં ઉકેલાતાં ગયાં તે તે રીતે બધું લખાયું છે.

સાધનામાં પણ તપ અનિવાર્ય છે અને એ તપની પાછળ ભાવનાથી ધબકતું અને રણકતું હૃદય જો ન હોય તો તેમાંથી કશો ભલીવાર પ્રગટી શકશે નહિ. ભગવાનની કૃપાથી એવું તપ આ જીવ થી થએલું છે. તપ વિના જીવનનો વિકાસ શક્ય નથી. જીવન - વિકાસની સાધનાના કેન્દ્રમાં તપની અનિવાર્યતા ખરી. આ પ્રકારની સમજણથી આ ચોપડીનું નામ મેં 'જીવન-તપ' આપ્યું છે.

- શ્રીમોટા

(લેખકના 'બે બોલ'માંથી)

કિંમત : રૂ. ૩૫/-